॥ जगद्गुरु श्रीमद् ॥

# श्री हीरविजयसूरिनुं जीवनवृत्तांत.

(લેખક—પંડિત ઉદયચંદ એલ. ઝવેરીવાડો—અમદાવાદ.)

In all times and places, the hero has been worship ped. It will ever be so. We all love great men love, venerate and bow subbmissive before great men. Ah, does not every true men feet that he is himself made begger by doing reverenal to what is really above him? No nobler or more blessed feeling dwells in men'tshart. "

ભાવાર્થ—સર્વસ્થળે અને સર્વકાળે વીર (ધર્મવીર) પુરૂષો પુજાયા છે. સદૈવ બન્યા કરશે પણ એમજ. આપણે સર્વે વીર પુરૂષોને ચાહીએ છીએ, એટલુંજ નહીં; પણ એમના તરફ પૂજ્યબુદ્ધિ બતાવીએ છીએ તેમને સવિનય નમન કરીએ છીએ. (કારણ કે) શું પ્રત્યેક મનુષ્યને એમ નથી લાગતું કે જે પુરૂષ કરતાં નિઃસંદેહ તે શ્રેષ્ઠ છે! આવા ઉત્તમ પુરૂષોનો સત્કાર કરતાં કોઇ વિશેષ સુખપ્રદ કે ઉદાર લાગણી મનુષ્યના મનમાં હોઈ શકે નહીં.

ધર્મના વિશાળ પ્રદેશમાં ભ્રમણ કરેલા એક ધર્મવીર પુરૂષનું જીવનવૃત્તાંત વાંચકોની સન્મુખ રજુ કરવાની તક લેવામાં આવે છે.

## જન્મ.

ગુજરાત દેશના સતર હજાર ગામોમાં પાલનપુર નામનું એક નગર હતું. પલ્લવિયા પાર્શ્વનાથજીનું ભવ્ય મંદિર દેવવિમાન સમાન દીપી રહ્યું હતું. સુવર્ણની ઘંટાનોં નાદ–ધ્વનિ તે જીનભુવનને ગજાવી મુકતો હતો. તે નગરમાં એક એવો નિયમ હતો કે જે લક્ષાધિપતિ હોય તે કોટની બહાર અને કરોડપતિ કિલ્લામાં રહે. તે નગરમાં ઓશવંશમાં ઉત્પન્ન થયેલ શ્રાવક ધર્મ પરિપાલક કુંવરજી નામક શેઠ રહેતા હતા. તેમને શિયળવૃતે કરી સીતા સમાન–પતિપરાયણા અને સુસ્વરૂપા નાથીબાઇ નામે ભાર્યા હતી.

એક સમયે રાત્રિને વિષે નાથીબાઇ શયનભુવનમાં નિદ્રાવશ થઈ હતી. પ્રાતઃકાળ થવાને હજુ થોડી વાર હતી. અર્ધ નિદ્રાવસ્થામાં અને કંઇક જાગૃતવસ્થામાં સ્વપ્ન આવ્યું કે જાણે "એક ગાજતો ચાર દાંતવાળો ઉજ્વલ ગજેંદ્રે ઉદરમાં પ્રવેશ કર્યો છે." એ સ્વપ્ન જોઇ તે તરત જાગી ઉઠી. સ્વપ્નની વાત પતિને કહેતાં તેણે કહ્યું કે તમને એક સુંદર પુત્ર થશે. કે જેની આખા ભારતવર્ષમાં કીર્તિ ફેલાશે.

ગર્ભનું સારી રીતે પાલન કરતાં ત્રીજે માસે નાથીબાઇને એક ઉત્તમ ઇચ્છા–દોહદ ઉત્પન્ન થયો કે હું જગત્‌માં અમારી પડહવગડાવું. જીનેશ્વર પ્રભુની પ્રતિમાની નવાંગે પૂજા કરૂં, સત્પાત્ર મુનિવરોને દાન આપું અને શત્રુંજય પર્વતપર જઇ તીર્થંકર શ્રી આદિનાથની પૂજા કરૂં. અનુક્રમે નવમાસ અને સાત

દિવસ પૂરા થયા. સંવત્ ૧૫૮૩ ના માર્ગશીર્ષ માસની શુકલપક્ષની નવમીને સોમવારને દિવસે કુંવરજીને ત્યાં ભવિષ્યમાં જગત્માં થનાર મહાન્ પુરૂષનો જય થયો. તેનું નામ હીરજી એવું રાખવામાં આવ્યું. બાર વર્ષની ઉમરમાં શાસ્ત્રનો અભ્યાસ કરી તેમાં તે પ્રવીણ થયો. કાળવશ થઇ માતાપિતા સ્વર્ગવાસી થયા. તે પોતાની બહેન સાથે પાટણમાં આવ્યો અને શ્રીવિજયદાન સૂરિમહારાજનું ચારગતિના ભયાનક દુઃખોનું વ્યાખ્યાન શ્રવણ કર્યું એટલે ચિત્ત વૈરાગ્યમય થયું, અને સંસારના ક્ષણિક સુખોથી ચિત્ત વિરામ પામ્યું. સર્વે વસ્તુઓ ક્ષણિક જણાવા લાગી.

## દીક્ષા.

માતાપિતાના અભાવે ભગિની પાસે દીક્ષા લેવાની હીરજીએ આજ્ઞા માગી. ત્યારે ભગિનીએ બહુ કલ્પાંત કર્યું. સંસારથી વિરકત થઇ ત્યાગી થવામાં પડતા કષ્ટો અને ત્યાગી થયા પછી સહન કરવા પડતા ઉપસર્ગોનું વર્ણન તથા તે પાળવાની દુઃશકયતા જણાવી; છતાં પણ એક રતિમાત્ર ફેર હીરજીની વૈરાગ્ય ભાવનામાં પડયો નહીં. ગગનવિહારી ભારંડપક્ષી તોફાની સમુદ્રમાં ઉછળતા મોજાઓની કયાં દરકાર કરે છે! પછી તે ભલેને મોટા પર્વતોના રૂપમાં થઇને ઉછળે! તેનું પરિણામ એ થાય છે કે તે તેનાથી ક્ષોભ પામતો નથી. તેવીજ રીતે હીરજીનું ચિત્ત વૈરાગ્યમાં વિશેષ કરી ચોંટયું. સંયમ રૂપી સાગરમાં ઉછળતા ઉપસર્ગના કષ્ટ રૂપી મોજાઓને પાછા કેમ

હટાવી શકાય ? એ વિચારથી ચિત્તને અધિકાધિક દ્રઢ કર્યું. હીરજીએ નવ જણાઓ સાથે સંવત ૧૫૯૬ ને કાર્તિક વદી બીજને સોમવારને દિવસે મૃગ નામના નક્ષત્રમાં શ્રીમાન વિજયદાનસૂરિ મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી. તેનું નામ મુનિ હીરહર્ષ રાખવામાં આવ્યું. ગ્રામાનુગ્રામ વિહાર કરતા અનુક્રમે તેઓ નાડુલાઈ નામના નગરમાં આવ્યા. **હીર સૂરિ પ્રબંધ** * માં લખ્યું છે કે જે–"**विक्रम संवत् १६०७ ने वर्षे नाडुलाइ नगरे श्री नेमिनाथने प्रासादें पंडित पद पाम्या, संवत् १६०८ आठ ने वर्षे माहासुद ५ में श्री नारदपुरे श्री वरकाणा पार्श्वनाथ सहित श्री नेमीनाथ प्रासादे वाचक पद ॥**"

અનુક્રમે ગુરૂજી સાથે વિહાર કરતા તેઓ મારવાડમાં આવેલા શીરોહી નામના નગરમાં આવ્યા. શાસનદેવીની સમ્મતિ પૂર્વક શ્રી વિજયદાનસૂરિ મહારાજે હીરહર્ષ મુનિને મહાનસુરિ પદવી સંવત્ ૧૬૧૦ ને પોષ માસની શુક્લ પક્ષની પચમી તિથિને દિવસે મહામહોત્સવ પૂર્વક અર્પણ કરવામાં આવી હવે હીરહર્ષ મુનિવર તે શ્રી હીરવિજયસૂરિના નામાભિધાનથી પ્રસિદ્ધ થયા.

જ્યારે સૂરિમહારાજ ખંભાત પાસે આવેલા ગંધાર નામના

---

* એ નામવાળી એક બાર પાનાની હસ્તલિખિત પ્રત પ્રથમ અમને મુંબઈના શ્રીમાન શેઠજી મગનલાલભાઈ ધર્મચંદ ઝવેરી તરફથી મળી હતી. તે ફક્ત સાદી ગુજરાતી–લહિયાસાઈ-ટખા જેવી–ભાષામાં છે. તેના કર્તાનું નામ તેમાં જણાતું નથી.

બદરમાં હતા. ત્યારે સાર્વભૌમ મોગલ બાદશાહ જલાલુદ્દિન અકબર દિલ્લીના તખ્તપર રાજ કરતો હતો. તેને જુદા જુદા ધર્મો જાણવાની અતિ જીજ્ઞાસા હતી. કોઇ પ્રભાવશાળી પુરૂષ તેના સાંભળવામાં આવતાં તે તેને પોતાના દરબારમાં બોલાવતો. સન્માનથી સંતોષિત કરી ધર્મ સબંધી વાર્તાલાપમાં આનંદ મેળવતો. ગુજરાત દેશમાં વિચારતા સૂરિજીનાં ગુણગાન થતા સાંભળ્યા એટલે તેમને આદર સત્કારથી વિનંતિ કરી ત્યાં ( દિલ્લી ) તેડાવ્યા. સૂરિવર્ય તેની પ્રાર્થના સ્વીકારી તે તરફ જવા નિકળ્યા. અકબર બાદશાહ અને શ્રી હીરવિજય સૂરિની પ્રથમ મુલાકાત આગ્રા શહેરમાં થઇ. *તેમનો દયામય ઉપદેશ બાદશાહને બહુ ગમ્યો. પોતે પણ એક વર્ષમાં કેટલાક દિવસ સુધી માંસ ન ખાવાનો નિયમ કર્યો. મુંગા જાનવરો અને પશુ-પક્ષીઓની નિષ્કારણ થતી હિંસા સુરિમહારાજના ઉપદેશથી ઘણા ભાગે બંધ કરાવી.

એ વિષયની વિશેષ હકીકત જાણવાના જીજ્ઞાસુએ **हीरसौभाग्य** અને **जगद्गुरु काव्य** માં જોઇ લેવી. જેમાં જગદ્ગુરૂની પદવી કેમ મળી ઈત્યાદિકનું વર્ણન વિસ્તાર સહ કરેલું છે. વિસ્તારના ભયથી અત્રે લખવામાં આવ્યું નથી. કારણકે આ લેખ સાધારણ રીતે સુરિમહારાજના પરિચય માટે લખાયો છે.

---

* તેનું ચિત્ર આ પુસ્તકમાં જુઓ.

## સ્વર્ગ ગમન

જગતનો એક એવો સાધારણ નિયમ છે કે પ્રકાશની પાછળ અંધકાર અને અંધકારની પાછળ પ્રકાશ હોય છે. તેમજ સુખની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ પણ હોય છે. તેવીજ રીતે જીવ જ્યાં સુધી મુકત દશા-પરમધામ-શાશ્વતસ્થાન મોક્ષને ન પામે ત્યાં સુધી મરણ પછી જન્મ ધારણ કરવો પડે છેજ જન્મ મરણનાં દુઃખો સહન કરવાં પડે છે. એમ જન્મ મરણની ઘટમાળ સદાકાળ પરિવર્તન શીલ છે.

મોટા મોટા રાજા મહારાજા, વાસુદેવ, છ ખંડનાઅધિપતિ-ચક્રવર્તિ અને સુરનરથી સેવન કરાયેલા અને ત્રિભુવનમાં પૂજ્યપણાને પામેલા પુરૂષો પણ એજ રસ્તે ચાલ્યા ગયા; તો પછી સાધારણ માનવ જેવા પામર પ્રાણી શી ગિસાતમાં છે વારૂ !

સુરિમહારાજ વિહાર કરતા કરતા કાઠિયાવાડમાં આવેલા ઉના નામના ગામમાં આવ્યા. ત્યારે આયુની દોરી ખુટી ગઇ હતી. પોતાનો અવસાન કાળ આવેલો જાણી શ્રીમાન હીરસૂરિજીએ વિજયસેન આચાર્યની પોતાના માટે સ્થાપના કરી. અંતાવસ્થા આવી જાણી ધર્મધ્યાનમાં વિશેષપણે મગ્ન થયા. સંવત્ ૧૬૫૨ અને ભાદવાસુદિ ૧૧ ને દિવસે સૂરિમહારાજ જૈન પ્રજાને ઉદાસ કરી સ્વર્ગગમન કર્યું. એઓ શ્રીમન્મહાવીર પરમાત્માના ૫૮ મે પાટે થયા. સર્વેના ચિત્તમાં-જગારમાંના ચમકતાં હીરાના જેવા શ્રીહીરવિજયસુરિના વિયોગથી ખેદ ગ્લાનિ-

નાં ચિન્હો જણાવા લાગ્યાં. એવા મહાન્ અને પરોપકારી પુરૂષના વિયોગથી અમારા અંતઃકરણમાં પણ કલેશ થઈ આવે છે અને અંતઃકરણ દુઃખિત થાય છે. તેથી લેખિનીને વિરામ આપી આ લેખની અત્રેજ સમાપ્તિ કરી દઇએ છીએ.

દોહા.

કાળેં જગ ખાધો સહી, કુણે ન ખાધો કાળ;
કાળ આહેડી જગવડો, જેણે ભખીઆ વૃદ્ધ બાળ. ૧
આઉખા રૂપી લાકડું, રવિ શશિરૂપ કરવત્ત;
કાળ રૂપીઓ સૂત્રધાર, વેહરી આણે અંત. ૨
પુહવી નિત્ય નવેરડી પુરૂષ પુરાણો થાય;
વારે લધ્ધે આપણે, નાટિક નાચી જાય. ૩
ઢોલ દદામા દડદડી, કે' તે ગયે બજાય;
હમ દેખંતે જગ ગયો જગ દેખત હમ જાય. ૪

( ઋષભદાસ સંઘવી )

આવા મહાન્ પુરૂષ જગત્માં જૈનધર્મની વિજયી ધ્વજા ફરકાવવા ભારતવર્ષમાં ઉત્પન્ન થાઓ ! એજ શુભાશા ! !

शान्तिः शान्तिः शान्तिः ! ! !

# हीरप्रश्नावलिः

॥ श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥

॥ महामहोपाध्यायश्रीहीरचन्द्रगणिगुरुभ्यो नमः ॥

શિષ્ટ લોકોએ આચરેલો માર્ગ ન લોપાય અને આ ગ્રંથ નિર્વીઘ્ન સંપુર્ણ થઇને પ્રાણીઓને ઉપકારજનક નીવડે તે માટે ગ્રંથકાર વિતરાગદેવને પ્રણમન કરતા થકા આ ગ્રંથનું સંપુર્ણ વક્તવ્ય અને પ્રયોજન દેખાડે છે.

॥ श्लोक ॥

स्वस्तिश्रियोनिदानं, जन्तूनां धर्मकारिणां सम्यक् ।
श्रीवर्द्धमानतीर्थाधि,-राजमभिनम्य सद्भक्त्या ॥ १ ॥
गीतार्थवृन्द निर्मित,-पृच्छानामुत्तराणि लिख्यन्ते ।
श्रीहीरविजयसूरि,-प्रसादितानि प्रबोधाय ॥ २ ॥
॥ युग्मम् ॥

" દાન, શિયલ, તપ ભાવના રૂપ " ધર્મને કરવાવાળા પ્રાણીઓને મોક્ષરૂપ મંગલશ્રીના હેતુભુત અને તીર્થસ્વરૂપ ચતુર્વીધ ( સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા ) સંઘના અધિપતી શ્રી મહાવીર પ્રભુને મન વચન અને કાયારૂપ ત્રણ યોગવડે ઉત્તમ ભક્તિથી નમસ્કાર કરીને જ્ઞાની મહાત્માઓના સમુહે

કરેલા જે પ્રશ્નો, અને શ્રીમાન્ હીરવિજયસુરીશ્વરે આપેલા ઉત્તરો ઉતમ બોધને માટે લખીએ છીએ.

## મહોપાધ્યાય શ્રી વિમલહર્ષગણિએ પૂછેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તર.

પ્રશ્ન ૧—" गच्छगओ अणुगी " એ ગાથામાં બતાવેલા પચ્ચીશ ભેદને વીશે પચ્ચીશ ભેદમાં બે ત્રણ અથવા ચાર ગુણની વિદ્યમાનતા રહેવાથી સંયમના આરાધક હોવાથી વંદનીય છે? કે બે ત્રણ દોષના રહેવાથી સંયમના વિરાધક હોવાથી અવંદનીય છે?

ઉત્તર ૧—" गच्छगओ अणुगी "એ ગાથામાં દર્શાવેલા પચીશ ભેદની અંદરથી બે ત્રણ ગુણની વિદ્યમાનતા રહેવાથી અને દોષોને તો આલંબન (કારણ) વડે સેવવાથી સંયમના આરાધકજ છે અને તેથી તેઓ વંદનીય છે.

કોઈપણ કારણ સિવાય જો દોષોને સેવે તો તે સંયમના વિરાધક હોવાથી વંદન કરવાને યોગ્ય નથી.

પ્રશ્ન ૨–" [1]ए आ रिस पंच कुशील संवुडे रूवंधर " એ પ્રમાણે પાપ શ્રમણીય અધ્યયનમાં કહેલા લક્ષણોવાળાં

---

૧ एआरिस पंचकुसिल संवुडे रूवंधरे मुणिपवराण हेट्ठिमे ।। अयंसि लोए विसमिव, गरहिए न से इहं नेव परत्थ लोए ।। ઉતરાધ્યયન સૂત્ર ૧૭ મું પાપશ્રમણીય અધ્યયન ગાથા ૨૦

સાધુઓ વંદ્ય છે ? કે [૧]પાસત્થા દિના લક્ષણોવાળાં હોવાથકી અવંદનીય છે ?

ઉત્તર ૨—ઉપરોક્ત ગાથાના વ્યાખ્યાનમાં પાસત્થાદી લક્ષણોયુક્ત સાધુઓનું પણ જઘન્યથી સાધુપદને વિશે વર્ત્તન કહેલું છે, એ જઘન્ય સાધુપદને વિશે વરતવું પણ કોઈ કારણને લઇનેજ હોવાથકી તેઓ પણ વંદનીય છે.

પ્રશ્ન ૩—પચીસ ભાંગાએ કરીને આશ્રિત "**एआरिस**" એ ગાથામાં કહેલા લક્ષણ યુક્ત સાધુ છઠા અને સાતમા ગુણ સ્થાનકને વિશે વરતેછે? કે અન્ય મતમાં કહેવાતું જે મુહુર્ત તે થકી વધારે કાળ રહેવાવાળું છઠું ગુણ સ્થાનક તેને વિશે વરતેછે ?

ઉત્તર ૩—પચીશ ભાંગા આશ્રિત અને "**एआरिस**" એ ગાથામાં બતલાવેલા લક્ષણો યુક્ત કેટલાએક સાધુઓ આત્માના અધ્યવસાય વિચીત્ર હોવાથી છઠા અને સાતમા ગુણ સ્થાનકને વિશે વરતે છે અને કેટલાએક અન્ય મતમાં કહેવાતું જે મુહુર્ત તે થકી વધારે કાળ પર્યંત રહેનારૂં છઠું ગુણ સ્થાનક તેને વિશે વરતે છે આને માટે કયાંઇ પણ સ્પષ્ટ અક્ષરો મળતા નથી.

પ્રશ્ન ૪—"**जो चय इ उत्तर गुणे मूलगुणे वी**" એ ઠેકાણે અચીરપણું સંવત્સરાદિ કાલના નિયમથી ? કે સામાન્યપણાથકી ગ્રહણ કરવું ?

---

૧ પાસત્થ ખિન્ન સંસક્ત સ્વતન્ત્ર કુશીલ એ પાંચ કુશીલ કહેવાય છે.

ઉત્તર ૪—" **जोचयइ उत्तरगुणे मूलगुणेवी** " એ ગાથામાં અચિરેણુ પદ ઉત્તર ગુણ સ્થાનકના ત્યાગના પ્રતિષેધ પરક છે સમયનો નિયમ કરવો શકય નથી કારણ કે કોઇ પતિત પરીણામીને ઉત્તર ગુણ સ્થાનકના ત્યાગ પછી જુજ કાળમાં કર્મનો નાશ થાય છે અને કોઈને ઘણા કાળ પર્યંત કર્મનો નાશ થતો નથી.

પ્રશ્ન ૫—ક્ષપનકાદિ દશમાંથી ગમે તે કોઇ તપા ગચ્છના સાધુને વંદન પુજન કરે અને આહાર પાણી ઘર વિગેરેનું દાન કરે અને કોઇ તે થકી વિપરીત કરે તો તે બંનેને સરખું ફળ મળે, કે કાંઈ વિશેશ ?

ઉત્તર ૫—ક્ષપનકાદિ દશમાંથી જે સાધુઓને વંદન પુજન કરે છે અને આહાર પાણી ઘર વિગેરેનું દાન કરે છે તેને શુભ ફળ પ્રાપ્ત થાય છે અને તેથી જે વિપરીત કરે છે તેને અશુભજ ફળ પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન ૬—તેઓ ( ક્ષપનકાદિ ) ની મધ્યમાં કોઇ દેરાસર વિગેરેના રક્ષણને માટે પ્રયત્ન કરે છે અને અન્ય તેથકી વિપરીત કરે છે તો તે બંનેને ફળ સરખું, કે કાંઇ વિષેશ ?

ઉત્તર ૬—જૈનમંદીર વિગેરેના રક્ષણને માટે પ્રયત્ન કરવાથી શુભજ ફળ પ્રાપ્ત થાય છે અને જે વિપરીત કરે છે તેને અશુભજ ફળ મળે છે.

પ્રશ્ન ૭—કોઇ જ્ઞાન દર્શન ચારિત્ર તપસ્યા વિગેરે શુભ કાર્યોને કરવાવાળાની ભક્તિ કરે છે અને અન્ય તેથકી વિપરીત

કરે છે તો તે બન્નેની સમાનતા છે કે કાંઈ વિશેષ?

ઉત્તર ૭—ઉપર કહ્યા પ્રમાણેજ જ્ઞાનાદિ શુભ કાર્યને કરવાવાળો જે હોય તેની ભક્તિ કરનારને શુભ ફળ પ્રાપ્ત થાય છે. અન્યને અશુભ ફળની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન ૮—વર્ણાદિવડે કરીને ભેદ થયે છતે સ્વભાવથીજ કુતરાની માફક પરસ્પર દશનો મત ભેદ રહે તે આજ્ઞાના વિરાધકપણાની સરખાઇ કે કાંઇ વિશેષ છે?

ઉત્તર ૮—દશનું જે વર્ણાદિ વિચીત્રપણું તેની સમાનતા કહેવાવાળું વચન આપણું પોતાનું નથી કિંતુ બીજાનું જ છે.

પ્રશ્ન ૯—ચૈત્યાદિ ધર્મકાર્યને કરનારાઓને તપાગચ્છીય શક્તિમાન શ્રાવક સહાય કરે મધ્યસ્થતા ધરે કે વિપરીત વરતે અને તેમાં કાંઇ પણ લાભ ખરો કે નહીં?

ઉત્તર ૯—ચૈત્યાદિ જે જે ધર્મ કાર્ય કરનારાઓ હોય તેમાંથી શ્રીગુરૂપાદે જે જે આદેયપણે કહેલ હોય તેવા ચૈત્યાદિ ધર્મ કાર્યમાં સહાય કરવી તે સુંદર છે અને તે સિવાયના કાર્યમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે પરંતુ કોઇપણ કાર્યમાં વિપરીત વરતન કરીને વિરોધ ઉત્પન્ન કરવો તે કલ્યાણ કારક નથી.

પ્રશ્ન ૧૦—લોકોથી ભિન્ન જે નવ ક્ષપનકાદિ તેઓની પ્રતિ માની પુજા તથા સ્તુતીને અવીલેપન વસ્તુનું વિલેપન તે ગાળ દેવારૂપ? કે પુજા અને સ્તુતી રૂપ?

ઉત્તર ૧૦—નુતન પ્રતિમાની પૂજા તથા સ્તુતી તે અશુચી

વિલેપન તથા ગાળ દેવારૂપ જે કહેવું તે વચનજ સત્પુરૂષોને ઉચારવા યોગ્ય નથી તો પછી ઉતરવડે કરીને શું.

પ્રશ્ન ૧૧—તેઓમાંથી કોઇ સંઘની ભકિત કરે અથવા અભકિત કરે તો તે બંનેમાં ભુતે ગ્રસેલા અને મદ્યપાન કરેલા માણસના કાર્યની જેમ સરખાપણું કે તેને ભકિત અને અભકિતનું શુભાશુભ ફળ મળે ?

ઉત્તર ૧૧—સંઘની ભકિત કરવાવાળા અને નહીં કરવાવાળાને મદ્યપ અને ભુતથી ગ્રસેલાની ઉપમા દેવી તેજ અયોગ્ય છે. કહેવાનું કે શુભાશુભ ફળ અવશ્ય મળે છે.

પ્રશ્ન ૧૨—ક્ષપનકાદિએ કરેલા નમસ્કાર પાઠ કેદમાંથી છોડાવવું અને બ્રહ્મચર્ય પાળવું વિગેરે માર્ગાનુયાયી સમજવું ? કે શિકારી અને મછીમારના પ્રણામની માફક પાપનો હેતુ ?

ઉત્તર ૧૨—નમસ્કાર પાઠ-કેદમાંથી છોડાવવું અને બ્રહ્મચર્યનું પાલન વિગેરે ધર્મકાર્યને શિકારી વિગેરેના અધ્યવસાયની ઉપમા આપવી તે પંડીતોને અનુચીત છે કહેવાનો ભાવાર્થ એ છે કે તે સઘળું માર્ગાનુયાયી સમજવું

પ્રશ્ન ૧૩—પરપક્ષીએ કરેલા સ્તોત્રાદિ જે છે તે ચાંડાલ તુરકડા આદિ હલકી જાતીએ બનાવેલી રસોઈની માફક આસ્વાદનીય નથી ? કે તેમાં કાંઇ ફેર છે ? અર્થાત જૈનેતર પક્ષવાળાઓએ કરેલા સ્તોત્રાદિ આપણે બોલવા કલપે કે નહી ?

ઉત્તર ૧૩—પરપક્ષીએ કરેલા સ્તોત્રાદિને ચાંડાલ અને

તુરકડાદી હલકી જાતીની રસોઇની ઉપમા આપવી તેજ વિદ્વાનોને અનુચીત છે તો પછી ઉતરવડે કરીને શું ?

પ્રશ્ન ૧૪—તપગચ્છના શ્રાવકો પોતાના ગચ્છના કે પરગચ્છના કરાવેલા દેરાસરમાં ચંદનાદિ મુકે તો પોતાના દેરાસરમાં પુણ્યહેતુ અને અન્યના દેરાસરમાં પાપહેતુ સમજવું કે બંનેમાં સમાન લાભ લેખવો ?

ઉત્તર ૧૪—તપગચ્છના શ્રાવકો પોતાના ગચ્છના ચૈત્યમાં અને બીજા ગચ્છના ચૈત્યમાં ચંદન વિગેરે મુકે તો તેમાં જેવો પોતાના ચૈત્યમાં મુકવાથી લાભ થાય છે, તેવોજ શ્રી પરમગુરૂ પુજ્ય આદેયપણે આદેશ કરેલા પરકીય ચૈત્યમાં મુકવાથી પણ લાભ થાય છે પરન્તુ પાપ તો થાયજ નહિ.

પ્રશ્ન ૧૫—×બીજ વિગેરે પાંચ પર્વ તિથીઓ શ્રાધવિધી વિગેરે જૈનીય ગ્રંથો થકી બીજા કોણ ગ્રંથમાં બતાવેલી છે ?

ઉત્તર ૧૫—બીજ વિગેરે પાંચ પર્વ તિથીઓની માન્યતા ગીતાર્થ સમુહના આચરણ ઉપરથી જણાય છે શ્રાધ-

---

× बीआपंचमी अठमी एगारसी चउदसी पणातिहीओ ॥ एआओसु अतिहीओ गोअम गणहारिणा भणिआ બીજ પાંચમ આઠમ એકાદશી અને ચઉદશ એ પાંચ શ્રુતજ્ઞાન આરાધન કરવાની તિથીઓ ગૌતમ ગણધર ભગવંતે કહી છે. શ્રાધવિધિ ભાષાંતર પૃષ્ટ ૪૨૮.

વિધી સીવાય બીજે કોઇ પણ ઠેકાણે દ્રષ્ટીગોચર થયું હોય તેમ સ્મરણમાં આવતું નથી

પ્રશ્ન ૧૬—*मासमिपव्वछक्कं तिन्नि पव्वाइं पक्खंमि એ ગાથામાં બતાવેલી चतुष्पर्वी સર્વ શ્રાવકોને માટે છે. કે લેપ શ્રાવકોનો અધિકાર કહેલો છે ?

ઉત્તર ૧૬—ઉપરની ગાથાને વિશે કહેલી ચતુષ્પર્વી કરવાનો સર્વ શ્રાવકોનો અધિકાર સંભવે છે લેપ શ્રાવકોનો અધિકાર નથી.

પ્રશ્ન ૧૭—મહાવિદેહ આદિ ક્ષેત્રોને વિશે કલ્યાણુક તિથી વિગેરે અહીંઆં ભરત ક્ષેત્રમાં માન્ય કરાતી જે તિથીઓ છે તેજ તિથીઓ સમજવી કે બીજી સમજવી ?

ઉત્તર ૧૭—મહાવિદેહ આદિ ક્ષેત્રને વિશે કલ્યાણુકની તીથીઓ ભરત ક્ષેત્રમાં ચાલતી તિથીઓની પ્રમાણે માનવી જોઇએ તેવો સંભવ થતો નથી કારણ કે અહીં ભરતક્ષેત્રના તિર્થંકરોના ચ્યવનાદી કલ્યાણુક સમયે જ્યારે રાત્રી હોય છે

---

* अट्ठमी चउदसी पुण्णिमाय तहाऽमा सा हवइ-पव्वं मासंमि पव्वछक्कं तिन्नि अपव्वाइं पक्खंमि ”

આઠમ ચઉદશ પુનમ અને અમાવાસ્યા એ પર્વણી ગણાય છે એમ ( બે આઠમ બે ચઉદશ અમાવાસ્યા પુર્ણિમા ) મળી એક મહિનામાં છ પર્વ હોય છે અને એક પખવાડીયામાં ત્રણ પર્વ હોય છે. શ્રાધવિધિ ભાષાન્તર પૃષ્ટ ૪૨૮

ત્યારે ત્યાં ( મહાવિદેહ ક્ષેત્રમાં ) દીવસ હોય છે તેથીકરીને તે પ્રમાણે સંભવ નથી તે વાતને પ્રતિપાદન કરવાને માટે સ્પષ્ટ અક્ષરો કોઈ સ્થળે ઉપલબ્ધ છેજ નહીં.

પ્રશ્ન ૧૮—યોગવહન કરવાવાળા સાધુઓને છ દિવસ અધિક છ માસનું પ્રાયશ્ચિત અપાય છે ? કે છ દિવસ હીન છ માસનું ? જો છ દિવસ અધિક છ માસનું કહેશો તો જેવી રીતે અસ્વાધ્યાયના બાર દિવસોનો ક્ષેપ કરીને છ માસ અને છ દિવસ યોગવહન થાય છે તેવીજ રીતે ચાતુર્માસિક અસ્વાધ્યાયના ચાર દિવસ ગણી તેનો ક્ષેપ કરી ( ઉમેરી ) યોગ વહન કરવાવાળા સાધુઓને છ માસ અને દશ દિવસનું પ્રાયશ્ચિત આપવું જોઇએ ?

ઉત્તર ૧૮—છ મહીનાના યોગને વહન કરવાવાળા સાધુઓને અસ્વાધ્યાયના ચાર દિવસની અપેક્ષા નહીં કરીને છ દિવસ અધિક છ માસનું પ્રાયશ્ચિત આપવું જોઇએ. આ પ્રમાણે વૃદ્ધ સંપ્રદાય છે.

પ્રશ્ન ૧૯—ચોથા પહોરમાં કોઈ વખત ચાર ઘડી બાકી રહે તે બે કાળ ગ્રહણ કર્યે છતે અથવા એક કાળ ગ્રહણ કરી લીધો હોય અને બીજો ગ્રહણ કર્યો હોય તે વખતે આકાશમાં ઉલ્કાપાત વિગેરે કાળના પ્રતિબંધનું કારણ થાય છે ત્યારે એક કાળ રહે કે બે કાળ ? અથવા એકે નહી. તથા કાળ શુધ હોવાથી અન્તરાન્તરાદિઆલોક શા માટે કરીએ છીએ ?

ઉત્તર ૧૯—રાત્રીના ચોથા પહોરમાં કાળને ગ્રહણ કર્યા

પછી ઉલ્કાપાત વિગેરે થાય તો પણ કાળનો ઉપઘાત થતો નથી પહેલો કાળ ગ્રહણ કરી લીધો હોય અને બીજો ગ્રહણ કર્યે છતે ઉલ્કાપાત વિગેરે થાય તો કારણ વીના એક્કે પણ શુદ્ધ થતો નથી તથા કાળ ગ્રહણ કર્યા પછી પણ દિગાલેક મુકાતો નથી એવો વૃદ્ધ સંપ્રદાય છે.

પ્રશ્ન ૨૦—પ્રાભાવિક સ્થાનમાં વેરતિકાળનું સ્થાપન આકસ્મિક સંધિ કારણ રહે તે કે સ્વભાવ વૃત્તિથી જાણવું ?

ઉત્તર ૨૦—પ્રાભાતિક સ્થાનમાં રણ રહે તે વેરતિકાળનું સ્થાપન આકસ્મિક સંધિ કારણ રહે તેજ જાણવું અન્યથા નહિ.

## મહામહોપાધ્યાય શ્રી કલ્યાણવિજય ગણીએ કરેલા પ્રશ્નો અને તેઓના ઊત્તરો.

પ્રશ્ન ૧—શ્રાવકની પ્રથમ સમ્યકત્વ પડિમામાં અન્ય દર્શની બ્રાહ્મણાદિ ભિક્ષુકોને અન્ન આદિ દેવું કલ્પે કે નહીં ?

ઉત્તર ૧—અનુકંપાદિ વડે કરીને શ્રાવકની પહેલી પડિમામાં બ્રાહ્મણાદિ અન્ય દર્શનીઓને અન્ન આદિ દેવું કલ્પે. પરંતુ ગુરૂ બુદ્ધિવડે કરીને નહીં.

પ્રશ્ન ૨—કુલગુરૂ તરીકે આવેલા અન્યદર્શનીને માટે કેમ સમજવું ?

ઉત્તર ૨—કુલગુરૂતાદી સંબંધવડે કરીને આવેલા લીંગીને અન્ન આદિ દેવું કલ્પે છે.

પ્રશ્ન ૩—નવમી પડિમા જે છે તે નવમી પડિમા વિગેરેની અંદર દેશાવકાશિક કરવું યુકત છે કે અયુકત ?

ઉત્તર ૩—નવમી પડિમા વિગેરેમાં દેશાવકાશિક કરવું યોગ્ય જણાતું નથી.

પ્રશ્ન ૪—કોઈ ઠેકાણે એ પ્રમાણે લખવામાં આવ્યું છે કે દશમી પડિમાને વિશે કપુર ધુપાદિ વડે કરીને જીનેશ્વર મહારાજની પૂજા કરવી તો કેટલી પડિમા સુધી ચંદન પુષ્પાદિ વડે કરીને પુજા થઈ શકે, અને કેટલી પડિમા સુધી કપુર ધુપાદિ વડે કરીને પુજા થઇ શકે, અને કઇ પડિમામાં બીલકુલ દ્રવ્ય પુજા થઇ ન શકે તે કહો ?

ઉત્તર ૪—પડિમાધારી શ્રાવકોને લલીત વિસ્તરા પંજીકાના અભિપ્રાય પ્રમાણે સાતમી પડિમા સુધી ચંદન પુષ્પાદિ વડે કરીને જીનેશ્વર ભગવાનની પુજા કરવી જોઇએ. આઠમી વિગેરે પડિમાને વિશે તથા પ્રકારે પુજા કરવી તે ઉચિત નથી. કપુર વિગેરે અચિત દ્રવ્યોથી આઠમી, નવમી, તથા દશમી પડિમા સુધી પુજા કરવી તે યોગ્ય છે. કારણ કે તે દ્રવ્યો નિર્વધ છે. કોઇ ગ્રંથમાં આને માટે પાઠ ઉપલબ્ધ નથી, તેથીકરીને અગીઆરમી પડિમાની અંદર તો સાધુની માફકજ પુજાને માટે જાણી લેવું.

પ્રશ્ન ૫—" आणा खंडणकारी " એ ગાથાની અંદર જે ઉત્સુત્ર પ્રવૃત્તિ કરનારાઓની પૂજાવિધીનું નિરર્થકપણું બતા

વવામાં આવેલું છે તે ફળ માત્રની અપેક્ષાએ એટલે કે કોઇ પણ ફળ ન મળે કે ફળ વિશેષ ન મળે ?

ઉત્તર ૫--" **आणा खंडणकारी** " એ ગાથાની અંદર જે ઉત્સુત્ર પ્રવૃતિ કરનારાઓની પુજાદિ વિધીનું નિરર્થકપણું બતાવવામાં આવેલું છે તે મોક્ષ લક્ષણ ફળ વિશેષની અપેક્ષાએ જાણવું, સામાન્ય ફળ તો મળે ?

પ્રશ્ન ૬--જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિમાં તથા જીવા અભિગમમાં જગતના વર્ણનના અધિકારમાં " **पुरापुराणं सुचिणाणं सु परिक्कत्ताणं सुभाणं कल्लाणाणं कडाणं कम्माणं फल विसेसं पच्चणुं भव माणा विहरंति** " વિગેરે જે વ્યંતર દેવ દેવીઓના પ્રાકૃત સત્કાર્યની પ્રશંસા કરી છે તે આરાધક સમ્યક્ દ્રષ્ટિ સંબંધી જાણવી ? કે અન્ય સંબંધિ ?

ઉત્તર ૬—જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ તથા જીવા અભિગમમાં જગત વર્ણનના અધીકારમાં વ્યંતર દેવ દેવીઓનું જે " **पुरा पुराणं** " ઇત્યાદિવડે કરીને કરેલી પ્રશંસા આરાધક સમ્યગ્ દ્રષ્ટી સિવાયના બીજાઓના કરેલા સુકૃતની સમજવી.

# પંડીત જગમલગણીએ કરેલા પ્રશ્નો અને તેઓના ઊત્તરો.

પ્રશ્ન ૧--સાંજે પ્રતીલેખના દેશના માર્ગણ સમયે મુનીઓ મળે છે તે સાત મંડળીની મધ્યમાં કઇ મંડળી કહેવાય?

ઉત્તર ૧--સાંજે પ્રતીલેખના માર્ગણ સમયે મુનીઓ જે મળે છે તેનો આવશ્યક મંડલીની મધ્યમાં અંતરભાવ કરવો સંભવેછે.

પ્રશ્ન ૨--સદ્દાલ પુત્ર કુંભારે પ્રતિક્રમણની રચના કરી છે આ વાત સત્ય છે કે અસત્ય અથવા તે પ્રતિક્રમણની રચના કોની કરેલી છે ?

ઉત્તર ૨--શ્રાવકનું પ્રતિક્રમણસુત્ર આર્ષ ( રૂષીએ રચેલું ) છે. કુંભારે પ્રતિક્રમણની રચના કરી છે એ પ્રકારનો પ્રઘોશ અપ્રમાણિક છે. આ પ્રકારે પંચાશક વૃતિની અંદર સ્પષ્ટ કહેલું છે.

પ્રશ્ન ૩—છઠા કર્મગ્રંથની રચના કરવાવાળી ચંદન મહત્તરા સાધ્વી છે તેમ કહેવાય છે તે વાત સત્ય છે ?

ઉત્તર ૩—છઠા કર્મગ્રંથની રચના કરવાવાળી ચંદન મહત્તરા સાધ્વી છે, તે વાત સત્ય નથી. કારણ કે છઠા કર્મગ્રંથની ટીકામાં *" **आचार्य आह** " ( આચાર્ય કહે છે ) એ પ્રમાણે ટીકાકારે લખ્યું છે તથા છઠા કર્મગ્રંથની અવચુરણીમાં

---

* જો સાધ્વી હોય તો સ્રીત્વદ્યોતક આપ્ પ્રત્યય આવીને ' **आचार्या आह** ' એ પ્રમાણે કહેતા.

" [1]चंदन महतर कृतं प्रकरणं व्याख्यायते ( ચંદન મહત્તર કૃત પ્રકરણનું વ્યાખ્યાન કરીએ છીએ ) તેમ લખેલું છે. તેથી તેના કર્તા ચંદન મહત્તર આચાર્ય સમજવા.

પ્રશ્ન ૪—શ્રાવકને ચતુઃશરણ વિગેરે કેટલાં પયન્ના ભણવાનો અધિકાર છે ?

ઉતર ૪—પરંપરાથી ભકત પરિજ્ઞા ૧, ચતુઃશરણ ૨, આતુર પ્રત્યાખ્યાન ૩, સંસ્તારક ૪, એ ચાર પયન્ના ભણવાનો શ્રાવકને અધિકાર જણાય છે.

પ્રશ્ન ૫—અજવાળી દશમને દીવસે આયમ્બિલ કરવાવાળાને મિથ્યામતીપણું લાગે ખરૂં કે નહીં ?

ઉતર ૫—અજવાળી દશમને દીવસે આયમ્બિલ કરવાવાળાને મિથ્યામતીપણું લાગે તેમ જાણવામાં નથી.

પ્રશ્ન ૬—તેવીજ રીતે રોહીણી તપને આરાધન કરવાવાળાની મિથ્યામતી ખરી કે નહી ?

ઉતર ૬—તેની પણ મિથ્યામતી જણાઇ નથી.

પ્રશ્ન ૭—પંચમીનો તપ કરનારને પર્યુષણા ( સંવત્સરી ) ની ચતુર્થીનો ઉપવાસ પંચમીમાં ગણાય કે નહીં ?

ઉત્તર ૭—સંવત્સરીનો ઉપવાસ છઠ કરવાને જે અસમર્થ હોય તેને પંચમીના તપમાં ગણી શકાય, અન્યથા નહીં.

---

૧ આ સ્થળે પણ આપ્ પ્રત્યય લાવી चंदन महत्तरा कृतम् એ પ્રમાણે લખતા.

પ્રશ્ન ૮--કાકુસ્થ એ રામનું અને તેના વંશમાં થયેલા પુરૂષોનું નામ છે. તેની કેવી રીતે વ્યુત્પત્તિ કરવી ?

ઉત્તર ૮--કુ એ અવ્યયને ' अव्ययस्यको द च सि० है. ૭-૩-૩૧ એ સુત્રથી સ્વરની પુર્વમાં અદ્ પ્રત્યય કરીને કુત્સિત વિપક્ષો રહે જેને વિસે એ પ્રમાણે વ્યુત્પત્તિને અનુસારે અધિકરણમાં " स्थादिभ्यः कः सि. है. ૫-૩-૮૨ એ સુત્રથી ×ક પ્રત્યય કરી કકુસ્થ તેના અપત્ય જે હોય તે કાકુસ્થ કહેવાય આ વ્યુત્પત્તિને અનુસારે રામનું તથા તેના વંશના પુરૂષનું નામ કાકુસ્થ કહેવાયુ.

પ્રશ્ન ૯--અર્થ મંડળીનો શું અર્થ છે ?

ઉત્તર ૯—સવારમાં વ્યાખ્યાન અને રાત્રીએ પોરિસી એ પ્રમાણે અર્થમંડળી પદનો અર્થ છે.

પ્રશ્ન ૧૦--" आवस्सिआए जस्स जागे सिज्जातर" આ સ્થળે યોગશબ્દ વડે કરીને શું કહેવાય છે ?

ઉતર ૧૦--જે વસ્તુની સાથે સંબંધ થશે તે ગ્રહણ કરીશું આ પ્રમાણે ઓઘનીર્યુકિતમાં કહ્યું છે. એટલે કે યોગ કહેતાં સંબંધ સમજવો.

પ્રશ્ન ૧૧--અષ્ટાપદ પર્વત ઉપર પોતાની લબ્ધીવડે જઇ જીન પ્રતિમાને વાંદે તે પ્રાણી તદ્દભવસિદ્ધિગામી જાણવો.

---

× इडेत्पुसिचातोलुक् એ સુત્રથી કિત્-ક પ્રત્યય પર રહેતાં આકારનો લુક કરી કકુસ્થ સાધિ લેવું

એ પ્રમાણે અક્ષરો છે. જો એવું હોય તો વિદ્યાધર મુની રાક્ષસ વાનર ચારણ મુની વિગેરે અનેક તપસ્વિઓ ત્યાં જવાને માટે શક્ત હોય છે તે સર્વને તદ્ભવ સિદ્ધિ થવી જોઇએ માટે તે કોણ લબ્ધિ સમજવી કે જે લબ્ધિવડે ત્યાં જવાથી ગૌતમ વિગેરેની જેમ પ્રાણી તદ્ભવ સિદ્ધિ પદને પ્રાપ્ત કરનારો થાય?

ઉત્તર ૧૧--બીજા કોઇ પણ પ્રકારના વ્યકત અક્ષરો જોવામાં ન આવવાથી જેઓ તપ-સંયમ વિગેરેથી ઉત્પન્ન લબ્ધિવડે કરીને અષ્ટાપદ ગિરીની યાત્રા કરે તેઓ તદ્ભવ સિધીગામી થાય તેમ સંભવે છે.

પ્રશ્ન ૧૨--દિગાચાર્ય તેનો શું અર્થ છે?

ઉત્તર ૧૨--દિગાચાર્ય તે કહેવાય કે જે ગુરૂ મહારાજે આદેશ કરેલા સાધુઓની સારણાદી કરે.

પ્રશ્ન ૧૩—શ્રી ધર્મસાગરોપાધ્યાયે કરેલી પટાવલી વિગેરે ગ્રંથોમાં આર્ય સુહસ્તી અને આર્યમહાગીરી નામના બન્ને ભાઇઓ કહેલા છે અને કલ્પ સ્થવિરાવલીમાં તે બન્નેનાં ભિન્ન ગોત્રો કહ્યાં છે તેનું શું કારણ?

ઉત્તર ૧૩--આર્યસુહસ્તી અને આર્ય મહાગીરી બન્ને ભાઇઓ રહેતે છતે *ગોત્રનું ભિન્નપણું બાધીત થતું નથી. કેમકે મંડીક અને મૌર્ય પુત્ર નામના ગણધરનું પણ તેજ પ્રમાણે સંભળાય છે.

---

* પતિના મરણ પછી બીજો પતિ કરવો તે વખતે લાંછન ગણાતુ નહિં. જેથી બન્નેના ભિન્ન ભિન્ન પિતા હોવાથી ભિન્ન ભિન્ન ગોત્રો કહેવાય.

## પંડિત શ્રી કલ્યાણકુશળગણીએ કરેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

---

પ્રશ્ન ૧--" इमं चणं केवल कप्पं जंबुद्दीवंदीवं विउलेणं ओहिणा आभोएमाणे आभोएमाणे पासत्ति " આમાં કહેવા મુજબ ચાર પલ્યોપમ આયુષવાળા સુર્યાભદેવને આખો જંબુદ્વિપ દેખીશકે એવા અવધિ જ્ઞાનનો "उषणद्धसागरे संखजोअणा तप्परमसंखा " આવું વાકય હોવાથી કેમ સંભવે છે.

ઉત્તર ૧--સુર્યાભદેવને આખો જંબુદ્વિપ દેખી શકે એ કહેવું તે " उणद्धसागरे संखजोअणा तप्परम संखा " આવું વચન હોવાથી કેવી રીતે સંગત થશે ? એવું કહેશો તો 'उणद्धसागर' એ ગાથાની વૃત્તિમાં ભુવનપતિ વ્યંતર અને જ્યોતિષ્ક દેવોનુંજ અવધિક્ષેત્ર વ્યાખ્યાત છે. વૈમાનિક દેવોના ક્ષેત્રને તો 'दोकप्प पढमं' ઈત્યાદિ ગાથાવડે કરીને કહેવાથી કોઇ પણ જાતનો દોષ નથી.

પ્રશ્ન ૨--ત્રણ પુર્ણિમાજ પર્વપણે અંગીકાર કરવી કે બધી પુર્ણિમા ? આવી રીતે શ્રાવકો વારમવાર પુછે છે ?

ઉતર ૨--"छिन्नंतिहीणमब्भंमि कात्तिही अज्जवासरे" ઈત્યાદી આગમના અનુસારે તથા અવિછિન્ન વૃદ્ધ પરંપરાવડે બધી પુર્ણિમા પર્વપણે માન્ય છે.

પ્રશ્ન ૩—**आणाखंडणकारी सव्वंपि निरत्थयंतस्स-आणा रहिओ धम्मोपलाल पूलुव्व पडिहाइ कलंनाधइसि** (ભગવાનની આજ્ઞાને ખંડન કરનારા માણસની બધી ધર્મ-ક્રિયા નિષ્ફળ જાય છે કેમકે આજ્ઞા વિનાનો ધર્મ ઘાસના પુળા જેવો છે, આજ્ઞા વિનાનો ધર્મ આજ્ઞાયુક્ત ધર્મના સોળમા ભાગની તુલ્ય પણ હોઇ શકતો નથી ) ઇત્યાદિ વચનોના આધારે સાંખ્ય વૈશેષિક બૌદ્ધ વેદાંત જૈમિનિ વિગેરે અન્ય દર્શનોની અંદર જે લોકો બાળતપ ઇત્યાદિ કષ્ટોને સહન કરે છે તે બધું નિષ્ફળજ છે. તે કરવાથી કોઈ પણ જાતની નિર્જરા થતી નથી એવો કોઇનો મત છે અને કેટલાકોના મતના આધારે ન્યુનાધિકતાવડે કરી થોડું ફળ સ્વીકારવું જોઇએ. પુર્વોક્ત ધર્મવાળાઓના તપ આદિ કાય કલેશોને તદ્દન નિષ્ફળ ન માનવા જોઇએ. આ વાતને સાબિત કરવાને આગમ પ્રમાણ પણ મોજુદછે. **"जं अनाणीकम्मं खवेइ बहुआहिइ वासकोडिहिं तंनाणीतीहिंगुत्तो खवेइ उसास मित्तेणं कलंकनग्घइ सोळसि पलाल पुलुव्व"** જે કર્મોનો અજ્ઞાની જીવ કરોડો વર્ષે નાશ કરે છે તેજ કર્મોનો ત્રણગુપ્તિ ( મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ ) વાળો જ્ઞાની ઉચ્છવાસ કાઢવા જેટલા ટાઇમમાં નાશ કરે છે. અર્થાત્ બહુજ અલ્પ સમયમાં નાશ કરેછે. ઉપલી વાત આ બે ગાથાઓથી ચોક્કસ થાયછે. અને વળી બાળતપસ્યાદિનાજ કરવાથી કૌડિન્ય દ્વિજ અને સેવાલિ વિગેરે બાળત તપસ્વિઓ પોતપોતાના તપના અનુસારવડે કરીને સન્માર્ગ પામ્યા. જો બાલતપ તદ્દન નિષ્ફળ હોય તો તેઓને બધાને ફળ ન મળવું

જોઇએ. વળી મિથ્યાત્વીઓ કર્મની લઘુતા વગર ગ્રંથી દેશ સુધી કેમ આવી શકે ? ત્યાં આવવાનું એકલી અકામ નિર્જરા કારણ નથી પરંતુ બીજા કારણોની પણ જરૂર છે એ વાત વિબાધ પન્નતી ( ભગવતીની ટીકા ) માં પણ કહેલી છે. "अणुकंप कामनिज्झरे बाल तवोदाण विणय विसंगे संजोग विप्पओगे वसणुसव्वइड्डिसक्कारे." વળી પ્રત્યક્ષ રીતે મહાનિશિથસુત્રમાં નાગિલાના અધિકારમાં સ્પષ્ટ દેખાય છે. अकामनिज्झराए विकिंचिकम्मक्खयंभवइ किंपुणजंबालतवेण અકામ નિર્જરાવડે પણ કાંઇ પણ કર્મનો ક્ષય થાય છે તો શું બાલતપથી ન થાય ? અર્થાત્ થાયજ. આટલી વાતથી એમ સુનિશ્ચિત થયું કે ન્યુનાધિકતાવડે કરીને તેઓને પણ કાય કલેશાદિ સહન કરવાથી ફળ છે. આથી એમ ન સમજવું કે પુર્વ ગાથામાં કહ્યા પ્રમાણે બધું નિષ્ફળ છે. તેની શું ગતી થવાની ? તે બધાં સામાન્યસુત્રો છે અને સામાન્ય સુત્રો કરતાં વિશેષ સુત્ર બળવાન હોય છે એ ન્યાયને આધારે કોઈ પણ વાકય આંહીઆ વ્યર્થ પડશે નહિ. આથી સિદ્ધ થયું કે પોતાના ધર્મને માટે કાયકલેશ સહન કરવાવાળાઓને પણ કાંઈ ફળ મળે છે.

ઉત્તર ૩—આ પ્રશ્નનો ઉત્તર દ્વાદશજલ્પપટ્ટક નામના પુસ્તકથી જાણી લેવો એવી રીતે ભલામણ કરતા ગ્રંથકાર સંક્ષેપથી આંહી પણ ઉત્તર લખે છે.

सव्वंपिनिरत्थयंतस्स એ વાકય અમુક અપેક્ષાને લઇને કહેવામાં આવ્યું છે. તે એજ અપેક્ષા કે તેવી ક્રિયાઓને કરવાથી મોક્ષને પામી શકતા નથી. અર્થાત્ તે ક્રિયાઓ મોક્ષસાધ

પુરૂષોને માટે નિષ્ફળ છે પણ ઇતર સુખની અભિલાષાને કોઇ અંશે પુરી પાડે છે.

પ્રશ્ન ૪– કેટલાક માણસો મહાનિશીથ સુત્રના પ્રસિદ્ધ આલાપાનું પ્રમાણ આપીને અન્યપક્ષિઓએ કરેલા કાર્યો જેવા કે જીનમંદિર આદિનું રક્ષણ આચાર્ય ઉપાધ્યાયાદિ મહાપુરૂષોના સંકટનું નિવારણ, સાધુને આપેલું દાન અને સત્કાર વિગેરેનું જે માણસો અનુમોદન કરે છે તેઓને મોટું પાપ લાગે છે. અને તેઓના સમ્યકત્વમાં ખામી આવે છે. માટે બીજા મત વાળાએ કરેલું યુગપ્રધાન અને આચાર્યાદિ મહાપુરૂષોનું ભકિત રૂપ કાર્ય તેનું અનુમોદનજ કરવું જોઇએ આ વાતને સ્થાપિત કરે છે અને વળી આ વાત સ્થાપન કરનારાઓની સામે પણ કેટલાક માણસો તેથી ઉલટો સિદ્ધાંત જાહેર કરે છે અને કહેછે કે મિથ્યાત્વને ધારણ કરનારા નયસાર ધનશ્રેષ્ટી અને સંગમાદિ દેવોનું પણ દાન ઘણાજ ગ્રંથોમાં અને પરંપરાથી પણ અનુમોદાતું સંભળાય છે. વળી બધા તિર્થંકરો અને અતિશયવાળા સાધુઓના પારણામાં જ્યારે પંચદિવ્ય પ્રગટ થાય છે ત્યારે "**अहोदानमहोदानं**" એ પ્રમાણે ઉદ્‌ઘોષદ્વારા જે અનુમોદન થાય છે તે નજ થવું જોઇએ. માર્ગાનુસારી તમો પણ આવી રીતે કેમ કરતા દેખાઓછો કે હે ભાઇ! અમને કાંઇ આપ, તુને ઘણો લાભ થશે. અને જ્યારે દે છે ત્યારે સંતોષ પણ થાય છે એ પ્રમાણે પોતાની મેળેજ અનુભવાતા પદાર્થોનો સત્પુરૂષોએ અપલાપ કરવો યોગ્ય નથી. સુત્રકારે પણ આ પ્રમાણે કહ્યું છે "**अहवासव्वं व्वियवियरागे**" આથી સિદ્ધ થયું છે,

કે વાસ્તવિક આરાધવાને યોગ્ય જીનબિંબ જિનાલય આચાર્ય ઉપાધ્યાય સાધુ-શ્રાવક વિગેરેની ભક્તિ અને છોકરા વિગેરેને અગ્નિમાંથી રક્ષણ કરવું વિગેરે અન્યદર્શની કરી શકે છે અને તે અનુમોદાય છે. સાક્ષાત્ આચારંગાદિ સુત્રોને વિષે પણ સાધુ મહારાજે અનુમોદેલું છે જેમને " અગ્નિની સગડી આગળ કરવાથી મને તે કલ્પતી નથી. તોપણ તમે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું છે." ઇત્યાદિ જીનશાસનની પ્રભાવના કરનાર મ્લેચ્છો પણ અનુમોદાય છે માટે આગ્રહ મુકીને વિચાર કરો.

ઉત્તર ૪—જે લોકો મહા નિશીથના પ્રસિદ્ધ આલાપાને આધારે એકાન્તથી અન્યદર્શનીના કરેલા ઉપર બતાવેલા શુભ કાર્યો અનુમોદવા નહી એમ કહે છે, તે વાત ઠીક નથી, કેમકે તેજ આલાપામાં **अविमुह मुद्धपरिसा मज्झंग एसलाहेज्जा** એ વચનથી મુર્ખ લોકોની પર્ષદા વિશેષમાંજ અન્ય દર્શનીની શ્લાઘાનો નિષેધ બતાવ્યો છે, નહી કે સામાન્ય સભાને વિષે, પણ આ ઠેકાણે ઘણા તર્કવિતર્કોથી ઘણું વક્તવ્ય છે પણ તેતો સાક્ષાત્ મળવાથી ઠીક થાય.

પ્રશ્ન ૫—દ્રાઘજ્વરવાળો કોઇ શ્રાવક અનશન કરીને રાત્રે જળ પીએ ? કે અનશનજ ન કરે ? અને અનશનવાળો શ્રાવક દીવસે પણ સચિત પાણી પીએ ? કે અચિત્ ?

ઉત્તર ૫—દ્રાઘજ્વરવાળો શ્રાવક રાત્રે સર્વથા જળ ત્યાગ કરવાને અશક્ત હોય તો આહાર ત્યાગ રૂપ અણસણ કરે એમ જાણવામાં છે અને અણસણ કરેલો માણસ અચિત તે પણ ઉષ્ણ કરેલું પાણી પીએ.

પ્રશ્ન ૬—કોઇ મરણ પામતા એવા અન્ય મતવાળાને શ્રાવક અથવા સાધુ નમસ્કારાદિ સંભળાવે તો તો તેને પુન્ય થાય કે પાપ ? અથવા તેના સમ્યકત્વને હાની પહોંચે ?

ઉત્તર ૬—મરતા એવા અન્યદર્શનીને નમસ્કારાદિ જો ઉપકાર બુદ્ધિએ સંભળાવે તો લાભજ થાય છે એમ જણાયછે.

પ્રશ્ન ૭—શ્રી હરીભદ્રસુરિએ બૌદ્ધોને હોમવાનો આરંભ કરીને છોડયા ? કે આરંભજ કર્યો નહોતો. આ વાત કયાં લખી છે ?

ઉત્તર ૭—હરીભદ્રસુરિએ હોમવાને માટેજ બૌદ્ધોને બોલાવ્યા હતા ત્યાર પછી ગુરૂમહારાજે જાણ્યું, એટલે બે સાધુઓને મોકલ્યા તેઓએ " गुणसेणि अग्गी सिहीणंदाय " ઈત્યાદિ સમરાદિત્યચરિત્રની મૂળ ત્રણ ગાથાઓ આપવાથી પ્રતિબોધિત સુરિએ બૌદ્ધોને છોડયા, એ પ્રમાણે તેઓના પ્રબંધમાં છે, પ્રભાવિક ચરિત્રમાં તો સરત પૂર્વક વાદમાં જીતાએલા બૌદ્ધોના ગુરૂએ તપ્ત એવા તેલના કડાયામાં પ્રવેશ કર્યો આ ઠેકાણે કેટલાક લોકો કહે છે કે મંત્રના જાપના પ્રભાવથી બોદ્ધમતાનુયાયિઓને આકર્ષણ કર્યા હતા, પરંતુ તેલના કડાયામાં હોમ્યા નહોતા એ પ્રમાણે પણ લખેલું છે.

**इति प्रथमः प्रकाशः समाप्तः**

# પંડિત નગર્ષિગણિકૃતપ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧– જીનમંદિરમાં ગ્રહસ્થોને કેસર વિગેરેનું છાંટવું ઉચિત સમજવું કે નહી ?

ઉત્તર ૧ – તિલક વિગેરેની જેમ શ્રાવકોને દેરાસરમાં કેસર વિગેરેના છાંટણા કરવા ઉચિત જણાય છે.

પ્રશ્ન ૨—વાશી ભાત છાશવિગેરેથી સંસ્કારિત હોય તો તે ત્રીજે દીવસે ખપે કે નહીં ?

ઉત્તર ૨—વાશી ભાત જો છાશ વિગેરેથી સંસ્કારિત હોય તો ત્રીજે દીવસે પણ ખપે.

પ્રશ્ન ૩ - જીનમંદિરથકી નિકળતા સાધુઓને અથવા શ્રાવકોને આવસ્સહી કહેવી, ઉચિત છે કે નહિ ?

ઉત્તર ૩—જીનમંદિરથકી નીકળતાં સાધુઓને હમેશાં અને શ્રાવકોને સામાયિક અથવા પોસહમાં હોય ત્યારે આવસ્સહી કહેવી ઉચિત છે.

પ્રશ્ન ૪—ચોમાસામાં જીનાલયમાં કાજો કાઢયાવિના દેવવંદાય કે નહીં ?

ઉત્તર ૪—ચોમાસામાં જીનાલયમાં શ્રાવકોને તથા સાધુઓને કાજો કાઢીને દેવવંદન કરવું ઉચિત છે.

પ્રશ્ન ૫—જીનમંદીરમાં રાત્રે નાટ્યાદિ કરવું ઉચિત છે કે નહીં ?

ઉત્તર ૫—જીનમંદીરમાં રાત્રે નાટ્યાદિ કરવાનો નિષેધ જણાય છે, કહ્યું છે કે:—

**रात्रौ न नंदिर्नबलि प्रतिष्ठा, न मज्जनं न भ्रमणं रथस्य ।**
**न स्त्रीप्रवेशो न च लास्य लीला, साधु प्रवेशो न तदत्र चैत्यम् ॥१॥**

અર્થ:—જે મંદિરમાં રાત્રે નંદિ ન મંડાતી હોય, બલિદાન પ્રતિષ્ઠા તથા સ્નાન ન થતાં હોય રથ ફેરવાતો ન હોય (રથયાત્રા ન થતી હોય) સ્ત્રીઓનો પ્રવેશ ન હોય, નાટક ગાયન વિગેરે લીલા ન થતી હોય અને સાધુનો પ્રવેશ ન હોય તેને ચૈત્ય કહીએ. આ પ્રમાણે છતાં કોઇ તિર્થાદિકને વિષે રાત્રે નૃત્યાદિક થતું દેખાય છે તો તે કોઇ કારણ જન્ય જાણવું.

પ્રશ્ન ૬—વ્યાખ્યાન સમયે **बेइसणं इट्ठाउं** એ પ્રમાણે બોલનારને વચમાં ઉઠવું કલ્પે કે નહિ ?

ઉત્તર ૬—વ્યાખ્યાન વખતે **बेइसणं इट्ठाउ** એ પ્રમાણે વાસ્તવિક રીતે તેણેજ બોલવું કે જે વ્યાખ્યાન સંપુર્ણ થતાં સુધી બેસવાને માટે ઇચ્છતો હોય.

પ્રશ્ન ૭—સામાન્ય દિગમ્બર શ્રાવકના ઘેર રત્નત્રયાદિ મહોત્સવ વખતે આપણા ( શ્વેતામ્બર ) શ્રાવકોએ જવું ઉચિત છે કે નહિ ?

ઉત્તર ૭—રત્નત્રયાદિના મહોત્સવ વખતે જેમ વિરોધ વૃદ્ધિ ન થાય તેમ કરવું એજ વાસ્તવિક છે. એકાન્તવાદ નથી.

પ્રશ્ન ૮—પકવ આંબલી સુકી ગણાય કે લીલી ?

ઉત્તર ૮—પકવ આંબલી સુકી જાણવી લીલી નહિ.

# પંડીત રવિસાગરકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—પહેલા તથા છેલ્લા તીર્થંકરના શરીરના માનમાં મોટું અંતર હોવા છતાં બળમાં તફાવત નહિ તેનું શું કારણ?

ઉત્તર ૧—**अपरिमियबला जिण वरिंदा** (અપરિમીત છે બળ જેઓનું એવા જીનવરો હોય છે.) એ પ્રમાણે આગમ પ્રમાણ હોવાથી પહેલા તથા છેલા તીર્થંકરોનું કાંઇ પણ તફાવત વિના અપરિમિત બળ જાણવું.

પ્રશ્ન ૨—સાધુએ વિધિપુર્વક કરેલા કાર્યમાં પણ પ્રાયશ્ચિતની ઉત્પત્તિ છે. એ વાત સત્ય છે કે અસત્ય ?

ઉત્તર ૨—વિધિપુર્વક પણ સો હાથ ઉપરાંત જવામાં ઈર્યાવિહી પડીકમવા પડે છે તેની જેમ સાધુએ વિધિપૂર્વક કરેલા કાર્યમાં પણ પ્રાયશ્ચિત આપવાની વાત આગમમાં તે પ્રમાણે કહેલું હોવાથી સત્ય છે.

પ્રશ્ન ૩—અસ્વાધ્યાયના ત્રણ દીવસની મધ્યમાં કરેલો ઉપવાસ આલોયણાની મધ્યમાં ગણાય કે નહિ ?

ઉત્તર ૩—ન ગણાય.

પ્રશ્ન ૪—દીવસની પહેલી પોરિસિ પછી દશ વૈકાલિક વિગેરે સુત્રો ગણવા સુઝે કે નહિ ?

ઉત્તર ૪—અહોરાત્રીમાં ચાર સંધ્યાને છોડીને બધા કાળમાં દશવૈકાલિકાદિ સુત્રો ગણવા સુઝે તેમ સમજવું.

પ્રશ્ન ૫—ભગવતિજીના પાંચમા શતકમાં ચાર ( પ્રત્યક્ષ, અનુમાન-આગમ-ઉપમાન ) પ્રમાણ કહ્યા છે અને રત્નાકરાવતારિકામાં પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણ કેમ કહ્યા છે?

ઉત્તર ૫—અનુમાન ઉપમાન અને આગમ પ્રમાણને [1]પરોક્ષમાં અંતરભાવ કરવાથી રત્નાકરાવતારિકામાં બેજ પ્રમાણ કહ્યા છે.

પ્રશ્ન ૬—ભગવતિજીના નવમા શતકમાં કહેલા અશ્રુત્વા કેવલી ધર્મોપદેશ આપે કે નહીં?

ઉત્તર ૬—એક જ્ઞાત અને એક પ્રશ્નને મુકીને ધર્મોપદેશ ન આપે એમ ત્યાંજ કહેલું છે.

---

## પંડીત વિવેક હર્ષગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઊત્તરો.

---

પ્રશ્ન ૧—ઠાણાંગ સૂત્રમાં ચતુર્થ સ્થાનમાં અંતક્રિયાના અધિકારમાં " **दीहेण परिहाएण** " એ પ્રમાણે બન્ને ઠેકાણે પાઠ છે, વૃત્તિમાં તો સનત્કુમારની અંતક્રિયા ( મરણ ) ના અધિકારમાં **दीर्घतरेण** ( વધારે દીર્ઘ ) એ પ્રમાણે પાઠછે અને

---

१ **स्मरण प्रत्यभिज्ञान, तर्क, अनुमान, आगम भेदतस्तत्पञ्च प्रकारम्**

રત્નાકરાવતારિકા દ્વિતીય પરિછેદ, બીજું સુત્ર, ઉપમાનનો પ્રત્યભિજ્ઞાનમાં અન્તર્ભાવ કરેલો છે.

એવી રીતે પાઠ રહે તે સંગત થાય છે અન્યથા સનત્કુમારની તદ્ભવ મુક્તિ થવી જોઇએ તો પછી સુત્રમાં તર શબ્દ કેમ ન લખ્યો અર્થાત્ **दीहेण** ત્યાં અધિકાર્થ તર પ્રત્યય કેમ ન લાગ્યો?

ઉત્તર ૧—સનત્કુમારની અંતક્રિયાના અધિકારમાં **दीर्घतरेण** એ પ્રમાણે વ્યાખ્યા કરી છે અને ભરત ચક્રવર્તીના અંતક્રિયાના ધિકારમાં તેવી રીતે નથી માટે **व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः** (વ્યાખ્યામાંથીજ વિશેષ અર્થનું જ્ઞાન થાય છે) એ ન્યાયથી જાણી લેવું. સૂત્રમાં તર શબ્દનું ગ્રહણ ન કરવું વ્યાખ્યા સહિત સુત્રો હોય છે એ ન્યાય જણાવવાને માટે અર્થાત્ વ્યાખ્યાથી વિશેષ અર્થ સમજી લેવો.

પ્રશ્ન ૨—કલ્પકિરણાવલીમાં પહેલા ચોમાસામાંજ તાપસના આશ્રમથી નીકળવાના અધિકારમાં "અપ્રિતીવાળાના ઘરમાં ન રહેવું" ઈત્યાદિ પાંચ અભિગ્રહમાં મૌન રહેવું એ પણ અભિગ્રહ હોવાથી મૌનગ્રાહી ભગવંતને કહ્યા છે અને પાછળથી ઉત્પન્ન નિમિત્તિયાને પોતાના મુખે માળાના સ્વપ્નનો અર્થ કહ્યો છે તથા તલકણ ઉત્પન્ન થશે કે નહીં ઇત્યાદિ સ્થળમાં ગોશાળાની સાથે પણ અનેકવાર તો બોલ્યા હતા તેનું કેમ સમજવું?

ઉત્તર ૨—આ કહેવું યુક્ત નથી. કેમકે તે વખતે ભગવાને તેવાજ પ્રકારના દ્રવ્ય ક્ષેત્રાદિ અભિપ્રાયવડે કરીને મૌન રહેવાને અભિગ્રહ કર્યો હશે કે જેથી લેશમાત્ર પણ ભાંગો ન આવે.

પ્રશ્ન ૩—અશાડ શુદ ચૌદશની પછીના પર્યુષણા આડા પચાસદીવસો રહેવાની વ્યવસ્થા થવાથી અસાડ શુદી ચૌદશ ગ્રીષ્મ ચોમાસાને દીવસ છે એમ સિદ્ધાન્ત છે. તેમ છતાં કલ્પ કીરણાવલીમાં અષાડ શુદી ચૌદશથી આરંભીને ભાદરવા શુદ ૪ ચોથ સુધી પચાસ દીવસો કહ્યા છે તે કેમ ઘટે ? કેમકે ચૌદશથી આરંભ કરીને એટલે તેને પણ સાથે લઇને ગણીએ તો એકાવન દીવસો થાય.

ઉત્તર ૩—કલ્પકીરણાવળીમાં અશાડ સુદી ચૌદશથી આ- રંભ કરીને ભાદરવા શુદ ચોથ સુધી પચાસ દીવસો થાય છે એમ કહ્યું છે તે ઠીક છે કેમકે " * चतुर्दश्या आरभ्य " ચૌદશથી આરંભ કરીને ત્યાં પંચમી મર્યાદારૂપ અવધિમાં ગ્રહણ કરેલી હોવાથી ચૌદશ તે દીવસો મધ્યે ન ગણાય અર્થાત્ પૂર્ણિ- માથી દિવસોની ગણત્રી કરવાથી પચ્ચાસ દીવસો થાય છે તેમ જાણવું.

પ્રશ્ન ૪—શ્રી મહાવીર ભગવાનના માતા પીતા બારમે દેવલોક ગયા છે એમ શ્રી આચારંગસુત્રમાં કહ્યું છે. ચોથે સ્વર્ગે ગયા છે. એવી રીતે કોઇ સુત્રમાં કહ્યું નથી. તોપણ પ્રકરણાદિ

---

* અવધિમાં પઞ્ચમી આવે છે. અવધિ બે પ્રકારની છે. મર્યાદા અને અભિવિધિ. અભિવિધિમાં પઞ્ચમી થઇ હોય તો જે થકી પંચમી થઇ હોય તેનું પણ ગ્રહણ થાય છે અને મ- ર્યાદામાં તેનું ગ્રહણ થતું નથી. અહિં મર્યાદારૂપ અવધિમાં પં ચમી વિવક્ષિત હોવાથી ચૌદશનું દીવસોની ગણત્રીમાં ગ્રહણ ન થયું.

અનેક ગ્રન્થોમાં પ્રાધાન્યેન ચોથે સ્વર્ગે ગયા છે તેવી રીતે કહ્યું છે. અથવા ગૌણપણે આચારંગને પણ સમ્મત છે તેનું શું કારણ ?

ઉત્તર ૪—ભગવાન્ મહાવીરના માતા પિતા બારમે દેવલોક ગયા એમ શ્રી આચારંગસુત્રમાં કહ્યું છે અને ચોથે દેવલોક ગયા એમ પ્રવચનસારોદ્ધારાદિ ગ્રંથોમાં કહ્યું છે. આ બે વાતમાં તત્વ કેવળી જાણે તેમ પ્રાચીન ગ્રંથકારોએ લખ્યું છે. ચોથે દેવલોક ગયાની હકીકત પ્રાધાન્યેન કહી છે. તે ઘણા ગ્રંથોમાં તેવું સાંભળવાથી કહી છે એમ જાણવું.

પ્રશ્ન ૫—ઉપપાતિક ઉપાંગમાં અંબડના આલાપામાં " अन्नउत्थि अपरिग्गहिआणि चेइयाणि " એ પ્રમાણે સુત્રમાં પાઠ છે અને વૃત્તિમાં તો " चैत्यानि–अर्हत्प्रतिमा " એ પ્રમાણે અર્હત્ પદ દેખાય છે. તો મુળ સુત્રમાં કેવો પાઠ છે તે કહો.

ઉત્તર ૫—ઉપપાતિક ઉપાંગમાં અંબડના આલાપામાં કોઇકજ ઠેકાણે અરિહંત એ પ્રમાણે પદ સુત્રમાં દેખાય છે બધે ઠેકાણે દેખાતું નથી અને चेइयाणि બધે ઠેકાણે દેખાય છે. તેથી વૃત્તિકારે चैत्यानि–अर्हत् प्रतिमा એ પ્રમાણે વ્યાખ્યા કરી સંભવે છે.

## પંડિત દેવવિજયગણીકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—"इक्कारस अगाइ वारस उवंगाइ दसपन्नाइ" એ ગાથામાં કહેલા પયાન્નાઓ દસ કયા ?

ઉત્તર ૧—ઉપરની ગાથા કોઇ ગ્રંથસ્થ જણાતી નથી તેથી દપયન્નાના જુદા જુદા નામ કોઇ ગ્રંથમાં નથી.

પ્રશ્ન ૨—ઉપરની ગાથામાં કહેલા ચાર મુળ સુત્રો કોણ ?

ઉત્તર ૨—આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, અને ઓઘ નિર્યુક્તિ એ ચાર મૂળસુત્રો છે.

પ્રશ્ન ૩—છ છેદગ્રન્થો કયા ?

ઉત્તર ૩—નિશીથ, મહાનિશીથ, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર, અને પંચકલ્પ એ છ છેદ ગ્રન્થો છે.

## પંડિત જીનાણંદ ગણિએ કરેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—શ્રાવકને અઠ્ઠમ સુધીના પચ્ચખાણમાં ઓસામણ કલ્પે કે નહિ ?

ઉત્તર ૧—તેવો આચાર નહીં હોવાથી શ્રાવકને અઠ્ઠમ સુધીના પચ્ચખાણમાં ઓસામણ કલ્પે નહીં

પ્રશ્ન ૨—તેજ દીવસની કરેલી ગોળપાપડી કઇ વિગય-માં આવે ?

ઉત્તર ૨—તેજ દીવસની કરેલી ગોળપાપડી ઘી ગોળરૂપ વિગયમાં ગણાય એમ વૃદ્ધવાદ છે.

---

## પંડિત જસવિજય ગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

---

પ્રશ્ન ૧—ગ્રહુસ્થના આચારને ધારણુ કરનાર યતિ વેષ ધારી સામાયિક લઇને પ્રતિક્રમણુ કરે કે ચૈત્યવંદનથી કરે ?

ઉત્તર ૧—વાસ્તવિક રીતે સામાયિક લઇને પ્રતિક્રમણુ કરે.

પ્રશ્ન ૨—શિયાળા અથવા ઉનાળામાં ગ્રહસ્થ જીનાલય-માં કાજો ઉદ્ધરીને દેવવંદન કરે કે પ્રમાર્જન પૂર્વકજ કરે ?

ઉત્તર ૨—શિયાળામાં અથવા ઉનાળામાં કાજો ઉદ્ધરવા નિયમ નથી તેમ છતાં કરે તો ભલે કરે.

---

## પંડિત નગર્ષિગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઊત્તરો.

---

પ્રશ્ન ૧—" सत्तठ गुरु परंपरा कुसीले एगदुतीगुरु परंपरा कुसीले " એ પ્રમાણે મહાનિશીથના તૃતીય અધ્યયન-ના પ્રારંભના પ્રસ્તાવમાં છે તેનો શું અર્થ ?

ઉત્તર ૧—सत्तठ गुरु परंपरा कुसोले આ ઠેકાણે બે વિકલ્પોને પ્રતિપાદન કરવાથી એમ નિશ્ચત થાય છે કે એક બે

અથવા ત્રણ ગુરૂની પરંપરા સુધી કુશીલ થયે છતે તેનો વિષે સામાચારી સર્વથા ઉચ્છિન થતી નથી તેથી જો અન્ય સાંભોગિક વિગેરેથી ચરિત્રને ગ્રહણ કર્યા વીના પણ ક્રિયોદ્ધારને કરવા ચાહે તો કરી શકે. ચાર અથવા એ થકી વધારે ગુરૂ પરંપરા કુશીલ હોય તો અન્ય સાંભોગિકાદિ થકી ચારિત્ર સંપત્ ગ્રહણ કરીનેજ ક્રિયોદ્ધાર કરી શકે અન્યથા નહીં.

પ્રશ્ન ૨—મહાવિદેહની વિજયમાં કેવળજ્ઞાની તિર્થંકર વિચરતા હોય ત્યારે બીજા તિર્થંકરના જન્માદિ થાય કે તેમના મોક્ષ ગમન પછી થાય?

ઉત્તર ૨—મહાવિદેહની વિજયમાં તિર્થંકર કેવળજ્ઞાનીપણે વિચરતા હોય ત્યારે, અથવા છદ્મસ્થ હોય ત્યારે અન્ય તિર્થંકરના જન્માદિ ન થાય.

પ્રશ્ન ૩—ચોમાસામાં પ્રભુ નગર અથવા ગામની અંદર રહેતા હોય ત્યારે વ્યાખ્યાન વખતે આઠ [૧]મહાપ્રતિહાર્યનું નૈયત્યપણું હોવાથી યોજન પ્રમાણ ક્ષેત્રમાં દેવતાઓ પુષ્પવૃષ્ટી કરે કે નહિ? જો કરે તો લોકના ઘર વિગેરેમાં શી રીતે થાય?

ઉત્તર ૩—ચોમાસામાં તિર્થંકરોનું નગરાદિકમાં રહેવું પ્રાયઃ થતુંજ નથી. અને કદાચિત થાય તો જેમ ઉચિત હોય તેમજ પુષ્પપ્રકારાદિ કરે એમ સંભવે છે. અન્યથા પ્રતિહાર્યનું નૈયત્ય રહે નહી.

---

१ अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामंडलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥१॥

પ્રશ્ન ૪—ચોમાસામાં સમોસરણ થાય કે નહી અને જો થાય તો પ્રભુ નગરમાં રહેલા હોય ત્યારે બાર પર્ષદા કેમ સમાય ?

ઉત્તર ૪—ચોમાસામાં સમવસરણ થવાનો નિશ્ચય નથી કોઇવાર થાય અને કોઈવાર ન થાય પણ બાર પર્ષદા તો મળે એ નિયત છે. અને એ તો નગરમાં પણ સુખે સમાય એમ પ્રતિભાસે છે.

પ્રશ્ન ૫—ગર્ગાચાર્યએ તજેલા પાંચસો સાધુઓમાં તેઓ સ્વેચ્છાચારી હોવાથી સાધુપણું સંભવે કે નહિ ?

ઉત્તર ૫—ગર્ગાચાર્યે તજેલા સાધુઓમાં વ્યવહારથી સાધુપણું છતાં પણ પરમાર્થથી તો સાધુપણાનો અભાવજ સંભવે છે.

પ્રશ્ન ૬—છદ્મસ્થ ભગવાન વિહાર કરતા હોવાથી ભરતે બહલી અડંબ-ઇલ્લા-ઇત્યાદિ ગામ નગર-દેશાદિની સ્થાપના કરી હોવી જોઇએ. ભગવાન કેવી રીતે છદ્મસ્થ વિહાર કરતા હોવાથી કરી શકે ?

ઉત્તર ૬—ભગવાને પોતાના પુત્રોને રાજ્ય આપવાને અવસરે ગામ, નગર, દેશ, વિગેરેની સ્થાપના કરેલી હોવાથી કોઈ જાતની આશંકા યુકત નથી.

# પંડિત ડાહર્ષિગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

---

પ્રશ્ન ૧—दत्तोऽसौसर्वसौख्यानि, त्रिशुद्धयाराधितोयतिः
विराधितश्चतैरश्ची नरकानघ्ययातनाः ॥९०॥

અર્થ:—મન-વચન અને કાયાવડે કરીને આરાધિત મુનિ સર્વ સુખને દેછે અને જો વિરાધિત હોય તો નરક અને તિર્યંચની અતુલ્ય પીડાને દેછે.

चारित्रिणो महासत्त्वा, व्रतिनः सन्तु दूरतः ।
निष्क्रियोऽप्यगुणज्ञोऽपि, न विराध्यो मुनिः क्वचित्॥९१

અર્થ:—ચારિત્રી અને મહાસત્વશાળી મુનિઓ તો દુર રહો પરંતુ ક્રિયાને નહિ કરવાવાળો અને ગુણને નહિ જાણુવાવાળો પણ મુનિ કોઇ વખત વિરાધવો નહિ.

यादृशं तादृशं वाऽपि, दृष्ट्वा वेषधरं मुनिम् ।
गृही गौतमवद् भक्त्या, पूजयेत् पुण्यकाम्यया ॥९२॥

અર્થ:—જેવા તેવા પણ વેષધર મુનિને ગ્રહસ્થ પુણ્યની ઇચ્છાથી ગૌતમની જેમ પુજે.

वन्दनीयो मुनेर्वेषो, न शरीरं हि कस्यचित् ।
व्रतिवेषं ततोदृष्ट्वा, पूजयेत् सुकृती जनः ॥ ९३ ॥

અર્થ:—મુનિનો વેષ વન્દનીય છે કોઇનું શરીર વન્દનીય નથી, તેથી મુનિવેષ દેખીને પુણ્યશાળી જન પુજે.

पूजितो निष्क्रियोऽपिस्याल्लज्जया व्रतधारकः ।
अवज्ञातः सत्क्रियोऽपि, व्रते स्याच्छिथिलादरः ॥९४॥

અર્થ:—ક્રિયાને નહીં કરવાવાળો મુનિ પણ જો પુજિત હશે તો લજ્જાથી વ્રતને ધારણ કરશે. અને ક્રિયાને કરવાવાળો પણ તિરસ્કૃત હશે તો તે વ્રતને વિષે શિથિલાદર થશે.

दानं दया क्षमा शक्तिः, सर्वमेवाल्पसिद्धिकृत् ।
तेषां ये व्रतिनं दृष्ट्वा, न नमस्यन्ति मानवाः ॥ ९५ ॥

અર્થ:—જેઓ વ્રતિને દેખીને નમસ્કાર નથી કરતા તેઓનું દાન, દયા, ક્ષમા, શક્તિ તે સર્વ અલ્પ સિદ્ધિને કરવાવાળું થાય છે. અર્થાત્ તેનું સંપૂર્ણ ફળ મળતું નથી.

आराधनीयास्तदमी, त्रिशुद्ध्या जैनलिङ्गिनः ।
न कार्या सर्वथा तेषां, निन्दा स्वार्थविघातिका ॥९६॥

અર્થ:—મન, વચન અને કાયની શુદ્ધિવડે કરીને જૈન સાધુઓ આરાધવા. તેઓની કોઈ પણ પ્રકારે સ્વાર્થનો ઘાત કરવાવાળી નિન્દા ન કરવી.

कारणं तव कुष्टानां, महीपाल ? स्फुटं ह्यदः ।
मा कदापि मुनीन् क्रुद्धानपित्वं तु विराधयेः ॥ ९७ ॥

અર્થ:—હે રાજા તારા કોઢનું આ કારણ સ્પષ્ટ છે માટે કોઇ પણ વખત ક્રુદ્ધમુનિની પણ વિરાધના ન કર.

આ પ્રમાણે વૃદ્ધ શત્રુંજય મહાત્મ્યના બીજા સર્ગમાં

કેવળ સાધુ ચિન્હ ધારણ કરનાર પણ મુનિ વંદનીય છે અને ગૌતમવત્ પુજ્ય છે એમ કહ્યું છે. તે શા હેતુથી કહ્યું છે ?

ઉત્તર ૧—ઉપરના લોકો કારણિક વિધિને આશ્રયીને અથવા તિર્થોદ્દ્ભાવન બુદ્ધિથી કર્યા જણાય છે તેથી એમાં કાંઈ દોષ નથી.

## વટપદ્રીય પંડિત પદ્મવિજય ગણિતકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—પકખી વિગેરે પ્રતિક્રમણમાં ચૈત્યવંદનથી આરંભીને કયા સુત્ર સુધી પંચેન્દ્રિયને આડા ઉતરવા દેવું નિવારીયે ?

ઉત્તર ૧—ચૈત્યવંદનથી આરંભી **इच्छामोअणुसट्ठिं** ( છ આવશ્યક ) સુધી નિવારવાનું પરંપરાથી દેખાય છે બાકી તેને માટે વ્યક્ત અક્ષર ઉપલબ્ધ નથી.

પ્રશ્ન ૨—પકખી વિગેરે પ્રતિક્રમણમાં છીંક થયે છતે ક્યાંથી ક્યાં સુધી ફરીને પ્રતિક્રમણ કરવું ?

ઉત્તર ૨—પકખી વિગેરે પ્રતિક્રમણમાં પકખી અતિચારની પહેલાં જો છીંક આવી હોય તો અવસર હોય તો ચૈત્યવંદનથી આરંભીને ફરી પ્રતિક્રમણ કરવું એવો વૃદ્ધ સંપ્રદાય છે.

પ્રશ્ન ૩—વંદણા દેતી વખતે ગુરૂપાદનું કયા સ્થળપર ચિંતન કરવું ?

ઉત્તર ૩—વાંદણા દેતી વખતે મહુપત્તિ ઉપર અથવા રજોહરણ ઉપર જ્યાં વાંદણા દે ત્યાં ગુરૂપાદનું ચિંતન કરવું.

प्रश्न ४—सतविराहण पावं, असंख गुणीयंतु इक्कसमयम्मि । भूयस्सय संखगुणं, पावं एकस्सपाणस्स ॥१॥ बेइंदिय तेइंदिय, चउरिंदिय चेव तहय पंचेदि । लक्ख सहस्सं तहसय गुणं च पावं मुणेयव्वं ॥२॥ આ બે ગાથાઓ કોણ ગ્રંથમાં છે ?

ઉત્તર ૪—सत्त विराहणपावं ઇત્યાદિ બે ગાથાઓ છુટક પાનાઓમાં મળે છે કોઇ ગ્રંથમાં ઉપલબ્ધ થતી નથી.

પ્રશ્ન ૫—વાંદણા દેતી વખતે મહુપત્તી કયાં મુકવી ?

ઉત્તર ૫—વાંદણા દેતી વખતે સાધુએ ડાબા ગોઠણ ઉપર મુહપત્તી મુકવી અને શ્રાવકે ગુરૂપાદને વાંદણા દેતાં જાનુ ઉપર ચરવળા ઉપર કે ભુમિપર મુકવી.

પ્રશ્ન ૬—ગુરૂની પાસે પાછલી પડીલેહણ સંબંધી ક્રિયા કરતાં શ્રાવિકાઓ બેશીને સ્વાધ્યાય કરે કે ઉભી રહીને ?

ઉતર ૬—ગુરૂની પાસે પાછલી પડીલેહણ સંબંધી ક્રિયા કરતાં શ્રાવિકાઓ ઉભીરહીને સ્વાધ્યાય કરે.

## પંડિત કાંતકર્ષિગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—શ્રાવકને રાત્રે જિનાલયમાં આરતી ઉતારવી યુકત છે કે નહિ ?

ઉત્તર ૧—કાંઇ કારણ હોય તો રાતે આરતી ઉતારવી યુકત છે અન્યથા નહિ.

પ્રશ્ન ૨—કાયોત્સર્ગ સ્થિત ( ઉભીરહેલી ) જીન પ્રતિમાના ચરણાદિનું પરિધાપન ( વસ્ત્રાદિવડે કરીને ઢાંકવું ) યુકત છે કે નહિ ?

ઉત્તર ૨—જીન પ્રતિમાના ચરણાદિનું વસ્ત્રાદિવડે ઢાંકવું સાંપ્રત વ્યવહારે યુકત લાગતું નથી.

પ્રશ્ન ૩—પકખી પ્રતિક્રમણમાં સંબુદ્ધ ક્ષામણાની આદિમાં " **इच्छकारि सुहपाखी सुखतप शरीर निराबाध सुख संजम यात्रा निरवह छइं** " ઇત્યાદિ કહેવું જોઇએ કે નહિ ?

ઉત્તર ૩—સંબુદ્ધ ક્ષામણાની આદિમાં '**इच्छकारिसुहराइ**' ઇત્યાદિ કહેવું સામાચારી વિગેરેમાં નહિ દેખવાથી અધિક સંભવે છે.

## પંડિત આણંદવિજયજીએ કરેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—કરંબામાં અથવા છાશમાં નાખેલું સચિત્ત જીરૂ અચિત થાય છે કે નહી ? થતું હોય તો બે ઘડીએ ત્રણ પહોરે કે આખી રાત્રી ચાલી ગયા પછી ?

ઉત્તર ૧—કરંબામાં અથવા છાશમાં નાખેલું સચિત જીરૂ કોઇ પ્રકારે અચિત થતું નથી એમ જણાય છે.

પ્રશ્ન ૨—ગાંઠ છેદેલા શેરડીના કકડા સચિત કે અચિત અને બે ઘડી પછી સચિત પરિહારી શ્રાવકને ખાવા કલ્પે કે નહીં ?

ઉત્તર ૨—ગાંઠ છેદેલા પણ શેરડીના કકડા સચિત હોય છે તેમ જણાય છે.

---

## પંડિત કહાનજી ગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—કોઇ શ્રાવક પ્રાતઃકાળે સામાયિક લઇને એક ઘડીમાં પાછો પોસહ ગ્રહણ કરે તો કલ્પે કે નહિ ?

ઉત્તર ૧—સામાયિક લઇને સામાયિક પુરૂં થયા સિવાય પણ જો કોઈ પોસહ ગ્રહણ કરે તો કલ્પે છે.

પ્રશ્ન ૨—માળવીઋષિ વિગેરેના કરેલા સ્વાધ્યાય મંડળીમાં કલ્પે કે નહીં ?

ઉત્તર ૨—આગમમાં કહેલો મુનિઓનો હાલના આચાર્યોનો અને ભટ્ટારકોનો સ્વાધ્યાય મંડળીમાં કલ્પે બીજા વર્તમાનકાળના ઉપાધ્યાયો વિગેરેનો સ્વાધ્યાય ન કલ્પે એવો વૃદ્ધ વાદ છે.

# ઉપાધ્યાય શ્રી સુમતિવિજયગણિ શિષ્ય પંડીત ગુણવિજયગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

---

પ્રશ્ન ૧—કોઈ પણ સાધુએ અનુપયોગવડે કરીને અચિત્ત મીઠું વહોર્યું હોય અને પછી માલુમ પડયું હોય કે આ સચિત મીઠું છે તો ત્યાં શું કરવું ?

ઉત્તર ૧—અનુપયોગવડે કરીને સાધુથી સચિત્ત મીઠું વહોરાઈ ગયું હોય તો તે વખતે જે શ્રાવક પાસેથી મીઠું વહોર્યું હોય તેની પાસે જઇ જણાવે કે આયુષ્મન્ ? તમોએ આ મીઠું જાણતાં વહોરાવ્યું કે અજાણતા ? શ્રાવક કહે કે અજાણતા પરંતુ હવે સાહેબ તેનો યથેચ્છ ઉપભોગ કરો. તેમ કહેવા પછી તેનો ઉપભોગ કરે અથવા કોઇ કારણથી ન ખવાયુ હોય તો સાધર્મિકને દઇદે. આવી રીતે જો અનુકુળ હોય તો કરવું, અન્યથા સાધુ મીઠાને પરઠવીદે. આ વાત શ્રી આચારાંગ સુત્રના બીજા શ્રૂતસ્કંધમાં પિંડેષણ અધ્યયનના દશમા ઉદ્દેશકમાં કહી છે.

પ્રશ્ન ૨—જેઓ મનથી સંભોગ કરવાવાળા દેવતાઓ છે તેઓ મનવડે તેવા પરિણામ કર્યે છતે તેમને માટે તેઓને યોગ્ય દેવીઓ મનથીજ કેમ તૈયાર થાય ? કેમકે અવધિજ્ઞાનનો ઉર્ધ્વલોકમાં થોડો વિષય છે. એમ કહેલું હોવાથી દેવીઓને તે દેવતાઓના મન પરિણામ જાણવા માટે શું જ્ઞાન છે ?

ઉત્તર ૨—આનત કલ્પાદિના દેવતાઓ જેઓ મનથી સંભોગ કરવાવાળાં છે તેમણે મન પરિણામ તેવા કર્યે છતે સૌધર્મ અને ઇશાન દેવલોકમાં પણ તેઓને યોગ્ય રહેનારી દેવીઓ તેઓને માટે ઉચ્ચાવચ મનને ધારણ કરતી બેસે છે. તે દેવીઓના શરીરમાં અપૂર્વ શક્તિથી જેમ શુક્રના પુદગળો રૂપાદિપણે પરિણમે છે તેમ જલદી પોતાના અંગ સ્ફુરણાદિવડે તે દેવોની ઇચ્છાનું તેઓને જ્ઞાન પણ થાય છે. એમજ જણાય છે.

પ્રશ્ન ૩—ઉપધાન વહેવાનું અને માળા આરોપણનું ફળ શાસ્ત્રાધાર સાથે કહો ?

ઉત્તર ૩—મહાનિશીથ આદિ ગ્રંથોમાં કહ્યુંછે કે ઉપધાન વહેવા તે શ્રુતના આરાધન નિમિત્તે છે અને માળારોપણ તપના ઉદ્યાપન માટે છે.

પ્રશ્ન ૪—સ્થાપના કેટલી ઉંચી નીચી અને તીર્છી દુર સ્થાપેલી ક્રિયા શુદ્ધિના હેતુ ભુત થાય ?

ઉત્તર ૪—મસ્તકથી ઉંચી, પગથી નીચી, અને તીર્છી દેખી ન શકાય એમ સ્થાપેલી સ્થાપના ક્રિયા શુદ્ધિના હેતુભુત થતી નથી. એમ વૃદ્ધિવાદ છે. અર્થાત્ ઉંચાઇમાં મસ્તકથી નીચી હોવી જોઇએ. નીચાઇમાં પગથી ઉંચી હોવી જોઇએ. અને પોતાની બરોબર દ્રષ્ટી પહોચે તેવી હોવી જોઇએ. કોઇ વખત ઘણી ઉંચી સ્થાપના સ્થાપેલી હોય અને ઘણીજ નીચી ભુમ્યાદિકમાં ક્રિયા કરાતી દેખાય છે તે કારણિક જાણવી.

# પંડિત હાપર્ષિ ગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—ચૌદપુર્વને જાણવાવાળા જ્યારે આહારક શરીર કરીને મહાવિદેહાદિકમાં મોકલે છે ત્યારે મધ્યમાં રહેલા જીવપ્રદેશો આહારી કે અનાહારી ? જો આહારી તો ઔદારિક શરીરે ગ્રહણ કરેલા આહારના આહારી કે આહારક શરીરે ગ્રહણ કરેલા આહારના આહારી ?

ઉત્તર ૧—કરેલું છે આહારક શરીર જેઓએ એવા ચૌદ પુર્વધારીના મધ્યમાં રહેલા જીવ પ્રદેશો આહારીજ હોય છે અનાહારી નથી હોતા. જે આત્મપ્રદેશો ઔદારિક શરીર સમ્બદ્ધ છે તે તે વખતે ઔદારિક શરીરે ગ્રહણ કરેલા પુદ્ગળોનો આહાર કરેછે અને જે આત્મ પ્રદેશો અહારક શરીર સમ્બદ્ધ છે તે આહારક શરીરે ગ્રહણ કરેલા પુદ્ગળોનો આહાર કરે છે. અવિચળ આઠ પ્રદેશો સિવાય સર્વ આત્મપ્રદેશો તપાવેલા ભાજનમાં રહેલા પાણીની જેમ ઉંચા નીચા થયાજ કરે છે આવું સિદ્ધાન્ત વચન હોવાથી અંતરાળ વર્તી કોઇ પણ પ્રદેશો નિયત નથી, તેઓની પણ પરાવૃત્તિ થવાનો સંભવ છે તેથી તેઓ કોઇ વખત ઔદારિક શરીર સાથે સંબદ્ધ થાય છે, અને કોઇ વખતે આહારક શરીર સાથે સંબંધ થાય છે. મધ્યમાં રહેવાવાળા તે એકાન્તે મધ્યમાં રહેવાવાળાજ રહેતા નથી અને જે પ્રદેશો જ્યારે મધ્યમાં હોય છે ત્યારે તેઓ પણ ઔદારિક કાયયોગીપણે સ્વ અવગાઢ પુદગળોનો આહાર કરે છે એમ સંભવે છે વિગ્રહ ગત્યાદિ સિવાય જીવનું અનાહારીપણું નિષેધ્યું છે.

**પ્રશ્ન ૨**—સિદ્ધના જીવોને હાથ પગ આંગળીઓ તથા નાસિકાદિ અવયવોનો આકાર હોય કે નહી ?

ઉત્તર ૨—સિદ્ધના જીવોને હાથ પગ વિગેરેનો આકાર સંભવે છે કારણ કે **अरूविणो जीवघणा, घनाश्च शुषिर पूरणतो निचित प्रदेशतया** પોલાણ પુરવાથી ગાઢા પ્રદેશવાળા થાય છે. તેથી ઘન કહેવાય છે એ શ્રી શાંતિસૂરી મહારાજના વચને કરીને શરીરની અંદર રહેલા પોલાણનું પુરવાપણું સંભવે છે શ્રી હરિભદ્રસુરિ અને મલયગિરિજી પ્રમુખે પણ પોલાણ પુરણુજ કહ્યું છે.

પ્રશ્ન ૩—શ્રી મહાનિશીથમાં કહેલા નાગીલે જે સાધુના દૂષણો આકર્ષ્યા અને દુષણ દેખવાથી તજી દીધા. તો તે માર્ગાનુયાયિ સમજવો કે નહીં ?

ઉત્તર ૩—મહાનિશીથોક્ત નાગીલે જે સાધ્વાભાસો ( શીથીલ સાધુઓ ) અને જીનાજ્ઞામાં નહીં વર્તનારાઓને દૂષણ દેખવાથી તજી દીધા તે માર્ગાનુયાયિજ સમજવો કારણ કે અસાધુ અને કુગુરૂનો ત્યાગ કરવો એજ માર્ગ છે.

પ્રશ્ન ૪—બ્રહ્મદત્ત ચક્રવર્તીએ સ્વલ્પ આયુષ્ય હોવાથી છ ખંડનો દિગવિજય કેવી રીતે કર્યો ?

ઉત્તર ૪—બ્રહ્મદત્ત ચક્રવર્તીએ થોડાજ સમયમાં અપૂર્વ શક્તિથી દિગવિજય કર્યો જાણવો. બીજું પણ તેને અપુર્વ શક્તિથી સાધ્ય થયું સંભવે છે.

પ્રશ્ન ૫—સ્ત્રી રત્ન લોઢાના બનાવેલા પુરૂષને સ્પર્શ કરે તો તે ગળી જાય તેનું શું કારણ ?

ઉત્તર ૫—ઉત્કૃષ્ટ અતિશાયી કામ વિકારથી ઉત્પન્ન થયેલા પ્રબલ ઉષ્ણતા વિશેષને લીધે સ્ત્રીરત્નના સ્પર્શથી લોઢાના બનાવેલા પુરૂષનું ગળી જવું સમજવું.

પ્રશ્ન ૬—એક આકાશ પ્રદેશને ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય સંબંધી સાત પ્રદેશની સ્પર્શના કહી છે તેમાં વિદિશા સ્થિત પ્રદેશની સ્પર્શના કેમ નથી કહી ?

ઉત્તર ૬—એક આકાશ પ્રદેશને ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય જે દિશાઓમાં હોય તે દિશાઓમાં રહેલા પ્રદેશોવડેજ સ્પર્શના થાય છે વિદિશાઓને વિષે રહેલા પ્રદેશોની સાથે સ્પર્શના થતીજ નથી. આ વાત બરાબર દિશા વિદિશાની સ્થાપના કરીને જોયાથી સારી રીતે સમજી શકાશે.

પ્રશ્ન ૭—તીર્થંકરોના ચૌદ હજાર વિગેરે સાધુઓની સંખ્યા કહી છે તેમાં ચૌદપુર્વી વિગેરેની સાથે ગણત્રી કરવી કે જુદી ?

ઉત્તર ૭—गणहर केवली मणओ हि पुव्विवे उव्विवा इणंसंखं ॥
णसंखा एसाहि अनेआ सामन्न मुणीण सव्वग्गं ॥ १ ॥
तथा अठावीसं लक्खा अणयाली संचतह सहस्साइं ॥
सव्वेसिंपि जीणाणं जइणमाणं विणि दिट्ठं ॥ २ ॥

આ ગાથાઓના અનુસારે ચતુર્દશપુર્વી વિગેરેની યથોક્ત સંખ્યાની મધ્યમાં ગણત્રી કરવી એમ સંભાવના થાય છે.

**पंचाशीति सहस्राणि, लक्षं सार्द्धशतानिषट् ।**
**परिवारेऽभवन् सर्वे, मुनयस्त्रिजगद्गुरोः ॥ १ ॥**

આ શ્લોકના અનુસારે ચોરાશી હજાર સાધુઓની સંખ્યા થકી ભિન્નજ ચોદ પુર્વધરો વિગેરે સમજાય છે કેમકે સામાન્ય સાધુ અને વિસેષ ( ગણધર ચોદ પુર્વધર વિગેરે ) સાધુઓની ભિન્ન ભિન્ન સંખ્યા ગણી જો મેળવીએ તો ઉપરોક્ત શ્લોકમાં ગણાવેલી સંખ્યા પુર્ણ થાય આવી રીતે એ ભિન્ન ભિન્ન હકીકત મળવાથી તત્વ કેવળી જાણે.

પ્રશ્ન ૮—ચક્રવર્તી વૈક્રિય શરીર કરીને સ્ત્રીઓને ભોગવે છે તેને સંતાન થાય કે નહીં ?

ઉત્તર ૮—ચક્રવર્તીના વૈક્રિય શરીરથી સંતાનની ઉત્પતિ સંભવતી નથી માત્ર ઔદારિક શરીરથીજ સંભવે છે. વૈક્રિય શરીર ગર્ભાધાનનો હેતુ નથી એવું શ્રી પ્રજ્ઞાપનાની વૃતિમાં કહ્યું છે. શિલાદિત્ય વિગેરેની જે સુર્યાદિકથી ઉત્પતિ સાંભળીએ છે એ ત્યાં પણ સમાધાન કરેલું છે કે " વૈક્રિય શરીરથી જો કે ગર્ભ રહેતો નથી પરંતુ તે દેવના લાવેલા ઔદારિક વીર્યના સંબંધથી ગર્ભ રહેવો સંભવે છે આ વાત મલ્લવાદી પ્રબંધમાં કહી છે.

**इति द्वितीयः प्रस्तावः**

# પુનર્મહોપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—શ્રાદ્ધ વિધિમાં ચોદ નિયમના અધિકારમાં સચિત્તવિગય વર્જીને જે વસ્તુ મુખમાં નાખીએ તે સર્વ દ્રવ્ય ગણાય એવું કહેવાથી અનાહાર ત્રિફલા વિગેરે મુખમાં નાંખીએ તો તે દ્રવ્ય મધ્યે ગણાય કે નહીં ?

ઉત્તર ૧—અનાહાર વસ્તુ પણ પાયઃ દ્રવ્યમાં ગણાય એમ જણાય છે પણ પચ્ચખાણ લેતી વખતે ધાર્યું હોય કે ત્રિફલાદિ અનાહાર વસ્તુને દ્રવ્યમાં ન ગણવી તો ન ગણાય. જેમ સચિતને વિગય દ્રવ્યમાં ન ગણાય એમ કહેલછે છતાં પચ્ચખાણ લેતી વખતે સચ્ચિત્તને પણ દ્રવ્યમાં ગણવા એવી છુટી રાખવાથી હમણા ઘણા જનો સચિતને પણ દ્રવ્યમાં ગણતા દેખાયછે

પ્રશ્ન ૨—ગંઠસી પચ્ચખાણમાં તે પચ્ચખાણ મુકયા પછી અનાહારી વસ્તુ મુખમાં નંખાય કે નહીં ?

ઉત્તર ૨—ગંઠસી પચ્ચખાણ મુકયા પછી પણ કાંઇ કારણ હોય તો અનાહાર વસ્તુ ગ્રહણ કરવી કલ્પે એમ જણાય છે.

પ્રશ્ન ૩—ઉત્તરાધ્યયનની બૃહદ્વૃત્તિના પહેલા પત્રામાં ઉદ્ધર્વરથિક શબ્દ છે તેનો શું અર્થ ?

ઉત્તર ૩—ઉત્તરાધ્યયનના અઘરા પદોના પર્યાયમાં ઉદ્ધર્વરથિક શબ્દ દ્રમક ( ગરીબ ) નો વાચક કહ્યો છે.

પ્રશ્ન ૪—( પ્રથમ દિક્ષા આપ્યાને ) છ માસ વીતી જવાનો સંભવ હોય તો પર્યુષણાની અગાઉ વડી દીક્ષા અપાય કે

નહીં અને ત્યાર પછી અપાયતો વિજય દશમી પહેલાં અપાય કે ત્યાર પછી અપાય ?

ઉત્તર ૪- છ માસ વીતી જવાનો સંભવ હોય તો પર્યુષણાની અને વિજય દશમીની પહેલાં પણ વડી દીક્ષા આપી શકાય અન્યથાતો વિજયદશમીની પછીજ અપાય.

પ્રશ્ન ૫—પૂર્ણિમા અને અમાવાસ્યાની વૃદ્ધિમાં પહેલાં ઔદયિક તિથિજ વ્યવહારમાં આરાધ્ય હતી, કોઇ કહે છે કે પુજ્યો પહેલી તિથી આરાધ્ય છે એમ કહે છે તો શું સમજવું ?

ઉત્તર ૫—પૂર્ણિમા અને અમાવાસ્યાની વૃદ્ધિમાં ઔદયિકીજ તિથી આરાધ્ય જાણવી.

પ્રશ્ન ૬—અન્યદર્શનીના ધર્મના કાર્યો અનુમોદન યોગ્ય કે નહીં ?

ઉત્તર ૬—અન્ય દર્શનીઓનાં પણ માર્ગાનુસારી ધર્મ કૃત્યો શાસ્ત્રને અનુસારે અનુમોદનાને યોગ્ય જણાય છે.

પ્રશ્ન ૭—વડી દીક્ષા લીધા પછી કેટલાક યોગના દીવસો બાકી રહે તે મંદવાડ વિગેરે કારણથી જો છ માસ વીતી જાય તો ફરીથી પ્રવ્રજ્યા યોગોદ્વહન પૂર્વક વડી દીક્ષા અપાય છે તેમાં ગચ્છ નાયકજ દીક્ષા આપે કે બીજા આપે ?

ઉત્તર ૭—ગચ્છ નાયકજ દીક્ષા આપે.

પ્રશ્ન ૮—આચાર્યો અંગોપાંગની વાચના દીધા પછી છેદગ્રન્થપ્રકીર્ણક વિગેરે સંબંધી વાચના અંગપ્રકીર્ણક પ્રર્યન્ત કોણ અનુક્રમે ભણાવે ?

ઉત્તર ૮—આચાર્યો કોઇ છુટક પત્રમાં રહેલી વિધિ પ્રમાણે અથવા સામાચારીની મધ્યમાં રહેલી યોગ વિધિને અનુસારે વાચના ક્રમ કરે એમ જાણવુ.

પ્રશ્ન ૯—શ્રી ભગવતી સુત્રને અનુસારે તેમજ કર્ણિકા વૃત્તિ, વીર ચરિત્રાદિને અનુસારે જમાલીના કેટલા ભવ જાણવા?

ઉત્તર ૯—જમાલીના પંદર ભવ જાણવા.

પ્રશ્ન ૧૦—**वण्णगंधो वमेहिंवा** આ ગાથાના વ્યાખ્યાનમાં શ્રાદ્ધદીન કૃત્યમાં પુષ્પો પરોવીને પુજન કરવું એ પ્રમાણે અક્ષરો વર્તે છે. આ ઠેકાણે શાલિકો પાઠને પલટાવીને ભિન્ન અર્થને કરે છે અને બાધ લોકો માને છે આને માટે બીજે કોઇ ઠેકાણે લખ્યું હોય તો કહો?

ઉત્તર ૧૦—હમણા તો પરોવીને પુષ્પો વડે પુજન કરવું એ પ્રમાણે શ્રાદ્ધ દીનથી કૃત્ય જાણવું.

પ્રશ્ન ૧૧—આસો અને ચૈત્ર માસમાં કેટલાક દીવસે મહા હિંસાના કારણ હોવાથી સિદ્ધાન્તની વાચનાદિકમાં અસ્વાધ્યાય દીવસો ગણી તજીએ છીએ તે પ્રમાણે ઇદનો દીવસ પણ મહા હિંસાનો હેતુ હોવાથી કેમ ન તજવો? કેટલાક બુદ્ધિમાનો તે દીવસ તજે છે આપણી તે સબંધમાં શું મર્યાદા છે?

ઉત્તર ૧૧—ઇદને દિવસે અસ્વાદયાયના સંબંધમાં વૃદ્ધોએ તે પ્રમાણે આચરેલ નથી એજ નિશ્ચિત જાણવું.

## પુનઃ જગમાલ ગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—રાત્રે જેણે પકવાન ખાધું હોય તેને સાંઝનું ( પકવાન ખાધા પછી ) પ્રતિક્રમણ અને સવારનું પ્રતિક્રમણ કરવું સુઝે કે નહીં.

ઉત્તર ૧—[1]**अविहिकया वरमकयं, उस्सुय वयणं कइन्ति गीयत्था । पायच्छित्तंजम्हा, अकए गरुअंकए लहुअं ॥१॥**
આ પ્રમાણે હેતુગર્ભ ગાથાને અનુસારે પ્રતિક્રમણ કરવું તેજ સુંદર લાગે છે.

પ્રશ્ન ૨—રાત્રે ભોજન કરનારને પ્રાતઃકાલે નવકારસી વિગેરે—પચ્ચખાણ કરવું કલ્પે કે નહીં ?

ઉત્તર ૨—રાત્રી ભોજન કરનારને નવકારશી વિગેરે પચ્ચખાણ કરવું કલ્પે પણ શોભે નહીં.

પ્રશ્ન ૩—ચોમાસામાં મુનિને નગર પ્રવેશ કરતાં અથવા નીકળતા પાદ પ્રમાર્જન કરાય કે નહીં ?

---

१ **अविधिकृतात् वरमकृतं उत्सूत्र वचनं कथयन्ति गीतार्थाः । प्रायश्चितं यस्मात् अकृते गुरुकं कृते लघुकम्.**

અર્થ:—અવિધિથી કરેલા કાર્ય કરતાં બીલકુલ ન કરવું તે શ્રેષ્ટ છે. આ પ્રમાણે જે કહેવું તેને ગીતાર્થો ઉત્સુત્ર વચન કહેછે જેથી બીલકુલ નહીં કરેલા કરતાં અવિધિથી પણ કરેલા કાર્યમાં થોડુ પ્રાયશ્ચિત લાગે છે અને બીલકુલ નહીં કરેલામાં વધારે લાગે છે,

ઉત્તર ૩—જો ધૂળ વળગેલી હોય તો પાદ પ્રમાર્જન કરવું, અન્યથા નહીં.

પ્રશ્ન ૪—તપાગચ્છમાં રહેવાવાળા સાધુસમુદાય વિના બીજે ચારિત્રની શ્રદ્ધા કરવી કે નહીં ?

ઉત્તર ૪—તપાગચ્છમાં રહેવાવાળા સાધુ સમુદાયથી બીજે ચારિત્રની શ્રદ્ધા ન કરવી એમ એકાન્ત નથી.

પ્રશ્ન ૫—જેમ શાસ્ત્રમાં કહ્યું છે કે વનસ્પતિ વિગેરેમાં કેટલાએક જીવો એકાવતારી પણ હોય છે તેમ મતાન્તરીય સમુદાયમાં પણ કોઈ એકાવતારી હોય કે નહીં ?

ઉત્તર ૫—અન્યદર્શનીઓના સમુદાયમાં કોઇ એકાવતારી ન હોય એવો એકાન્તે નિશ્ચય જાણ્યો નથી.

પ્રશ્ન ૬—કોઇ કારણથી યોગ વહન કર્યા વિના પણ કલ્પ સુત્ર વાંચવાની આજ્ઞા ખરી કે નહિ ?

ઉત્તર ૬—કોઇ કારણથી યોગ વહન કર્યા વિના પણ કલ્પસુત્ર વાંચતા જણાય છે અક્ષરો ઉપલબ્ધ નથી.

પ્રશ્ન ૭—આધાકર્મિ ખાવાવાળાની મધ્યમાં રહેતો હોય અને પોતે શુદ્ધ આહાર ગ્રહણ કરતો હોય તો તે સાધુ કહેવાય કે નહીં ?

ઉત્તર ૭—કારણ હોયતો આધાકર્મી ખાવાવાળો પણ જ્યારે સાધુ કહેવાય ત્યારે તેઓની મધ્યમાં રહેતો અને શુદ્ધ આહારને ગ્રહણ કરતો સાધુ કહેવાય તેને માટે તો શંકાજ શું કરવી.

પ્રશ્ન ૮—દેશવિરતિ અંગિકાર કર્યા વિનાના શ્રાવકો પ્રતિક્રમણ કરે છે તે ફળવાન કે નહીં ?

ઉત્તર ૮—શ્રાવકના કુળમાં ઉત્પન્ન થવાથી વ્રતોચ્ચારનો અભાવ રહેતે પણ દેશ વિરતી પરિણામનો સદ્દભાવ હોવાથી દેશવિરતિ અંગિકાર કર્યા વિનાના શ્રાવકો પણ પ્રતિક્રમણ કરે તો ફળવાન જણાય છે વળી સામાયિક ઉચ્ચારવું તેજ વિરતિ રૂપ છે અને ભાવની વિશુદ્ધિ છે.

પ્રશ્ન ૯—લીંબુના રસ સાથે મેળવેલા અજમા અને તેની સાથે મેળવેલી સુંઠ દુવિહારમાં કલ્પે કે નહીં ?

ઉત્તર ૯—લીંબુના રસ સાથે મેળવેલા અજમા તથા તેની સાથે મેળવેલી સુંઠ દુવિહાર તથા આયંબિલમાં ન કલ્પે.

પ્રશ્ન ૧૦—શ્વેત સિન્ધવ અચિત છે એવા અક્ષરો કયાં છે ?

ઉત્તર ૧૦—શ્રાદ્ધવિધિમાં વિદ્યમાન છે.

પ્રશ્ન ૧૧—( પ્રતિક્રમણ વિગેરેમાં ) [1]તેલ વિગેરે બોલાવીને આદેશ અપાય છે, તે ઠીક છે કે નહીં ?

ઉત્તર ૧૧—એ સારૂં આચરણ નથી પરંતુ કેટલેક ઠેકાણે તેલ બોલાવ્યા વિના જીન ભુવન વિગેરેના નિર્વાહનો અસંભવ હોવાથી તે નિવારવું અશકય છે.

પ્રશ્ન ૧૨—મંડળીની બહાર રહેલા ગીતાર્થને મળવાનો તથા વ્યાખ્યાન કરવાનો શું વિધિ છે ? મંડળી બહાર રહેલો

---

૧ આ ઉપરથી પહેલાં આદેશને માટે તેલ બોલાતું હોય એમ સંભવે છે. હાલમાં તેલ ને બદલે ઘીઇ બોલાય છે.

મોટો જ્યારે આવે ત્યારે લઘુએ તેને માટે પાટલો મુકવો તથા ઉભું થઇ જવું ઇત્યાદિ કરવુ કે નહી ? તથા મંડળીથી બહાર હોય તેની પાસે શ્રાવક તથા શ્રાવિકા ઉપધાનાદિ અનુષ્ઠાન કરે કે નહીં તે સ્પષ્ટ રીતે કહો ?

ઉત્તર ૧૨—બાજો કોઇ વ્યાખ્યાન કરવાવાળો હોય તો મંડળી બહાર રહેલો વ્યાખ્યાન ન કરે, વંદન, ઉઠવું. વિગેરે વ્યવહાર તેને પણ કરવોજ તથા બીજું કોઇ ન હોય તો શ્રાવકો તથા શ્રાવિકાઓને ઉપધાનાદિ ક્રિયા કરાવે.

પ્રશ્ન ૧૩—બદલાય ગયેલા વર્ણવાળું કસેલ્લકનું પાણી પ્રાસુક થાય કે નહી ?

ઉત્તર ૧૩—બદલાઇ ગયેલા વરણવાળું કસેલ્લકનું પાણી પ્રાસુક થાય છે. પરંતુ વૃદ્ધ લોકોએ એવું આચરણ કર્યું નથી.

## પંડિત આણંદસાગર ગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—જીનાલયમાં ઇર્યાવહી પડિકમવા પૂર્વકજ ચૈત્ય વંદન કરવું કે અન્યથા થઈ શકે ?

ઉત્તર ૧—ઈર્યાવહી પડિકમવા પૂર્વકજ જીનાલયમાં ચૈત્ય વંદન કરવું એવો એકાન્ત નથી એમ જણાય છે.

પ્રશ્ન ૨—નવકારસી પચ્ચખાણ રાત્રિ પચ્ચખાણમાં ગણાય કે જુદુ ગણાય ? અને એ પચ્ચખાણ કરીને એક પહોર પર્યન્ત શ્રાવક રહે તો તેને પોરસીનો લાભ મળે કે બે ઘડીનોજ ?

ઉત્તર ૨—નવકારસી પચ્ચખાણ રાત્રિમાં ગણાતું નથી, પરંતુ દિવસમાં ગણાય છે અને તે પચ્ચખાણ કરીને પોરિસિ પર્યન્ત અનુપયોગે રહે તો તેને પોરિસિનો લાભ મળતો નથી, ઉપયોગ પુર્વક રહે તો લાભ મળે.

પ્રશ્ન ૩—ત્રેસઠશલાકા પુરૂષો ગ્રહસ્થપણામાં અઠ્ઠમ વિગેરે તપ કરે છે તેથી તેઓ વિરતી વાળા ખરા ?

ઉત્તર ૩—ત્રેસઠશલાકા પુરૂષો ગ્રહસ્થીપણામાં વિરતી વાળા સાંભળ્યા નથી. અઠ્ઠમાદિક તપ તો સાંસારિક કાર્યોને માટે કરે છે નિર્જરાને માટે કરતા નથી.

પ્રશ્ન ૪—એક સાથે સામાયક લેનારા બે જણમાંથી એક જણે સામાયિક સંપુર્ણ થયે પાર્યું અને બીજો પહોર સુધી બેશી રહ્યો તો તે બનેને સરખો લાભ મળે કે કાંઇ ફેર ?

ઉત્તર ૪—સામાયિક કરવાવાળા શ્રાવકને ઉપયોગે બે ઘડીથી ઉપરાંત સામાયિક પાળે તો લાભ મળે છે અને અનુપયોગથી અતિચારને માટે છે એમ જાણ્યું છે.

પ્રશ્ન ૫—શ્રાવકને પોરિસિ વિગેરે પચ્ચખાણ ચઉવિહારાજ હોય કે અન્યથા પણ હોય ?

ઉત્તર ૫—શ્રાવકને પોરિસી, વિગેરે પચ્ચખાણ ચઉવિહારા પણ હોય અને અન્યથા પણ હોય. કારણ કે:—

**जिसि पोरिसि पुरि मेगा सणाइं सट्टाण दुति चउहा**

એવા ભાષ્યના વચનથી દુવિહાર તિવિહાર ચઉવિહાર ત્રણે પ્રકારે કરવા કલ્પે.

## પુનઃ કાનર્ષિગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—ચંદ્ર તથા સુર્ય પોતાના શાશ્વત વિમાને શ્રી મહાવીરસ્વામીને વાંદવા માટે આવ્યા પણ તારાના વિમાનોનો મધ્ય ભાગ થોડો હોવાથી તેઓની વચમાંથી એવડા મોટા વિમાનો શી રીતે આવી શકયા ?

ઉત્તર ૧—ચંદ્ર તથા સુર્યનું પોતાના વિમાનોવડે આવવું તે જેમ દશ આશ્ચર્યની અંદર ગણાય છે તેમ તારાઓના વિમાનોની મધ્યમાં પ્રવેશ પણ તેની અન્તર્ગત આશ્ચર્ય તરીકે ગણી લેવો એમ સંભવે છે.

પ્રશ્ન ૨—તિર્થંકરોના કલ્યાણ સમયે સૌધર્મેંદ્ર વિગેરે ઈન્દ્રો નંદિશ્વર દ્વીપ માંહેના રતિકર પર્વતની ઉપર વિમાનોનો સંકોચ કરીને આવે છે ત્યારે સ્થીર તારાઓનું ઘણુંજ અલ્પ અંતર હોવાથી તેઓની મધ્યમાંથી શી રીતે આવી શકે ?

ઉત્તર ૨—

"तारस्सयतारस्स य जंबुद्दिवंमि अंतरं गुरुअं- "

તારા તારાની મધ્યમાં જંબુદ્ધીપને વિષે વધારે અંતર છે. એમ જેવી રીતે જંબુદ્ધીપમાં તારાઓના અંતરનું માન કહ્યું છે તેવી રીતે બીજે કોઇ ઠેકાણે અન્તરાળનું માન કહેલું સાંભળ્યું નથી તેથી તેમાં કાંઈ શંકા કરવા જેવું નથી.

પ્રશ્ન ૩—ચતુર્થ ભક્તના પચ્ચખાણ કરવાવાળાં શ્રાવકને પારણે તથા ઉત્તર પારણે ત્રિવિધાહાર તથા દ્વિ વિધાહારનું પચ્ચખાણ કરવું કલ્પે કે નહીં ?

ઉત્તર ૩--પરંપરાથી ત્રિવિધાહારનું પચ્ચખાણ કરવામાં આવે છે તેથી તેમ કરવું યોગ્ય જણાય છે.

પ્રશ્ન ૪--શ્રી ભગવતી સુત્રના દશમા શતકના અગ્યારમા ઉદ્દેશામાં દેવતાઓના આયુષ્યની સ્થિતિના સ્થાન દસ હજાર વર્ષથી આરંભીને સમય સમયની વૃદ્ધિએ તેત્રિશ સાગરોપમ પ્રર્યન્ત કહ્યાં છે. સર્વ સ્થાનકે દેવતાઓ લાભે કે નહીં ?

ઉત્તર ૪—બધા સ્થિતિસ્થાનોએ દેવતાઓ વર્તે એવો નિયમ જાણ્યો નથી.

પ્રશ્ન ૫—દિગંબર મત સ્થાપક સહસ્રમલ્લના ગુરૂનું નામ શું ?

ઉત્તર ૫—આવશ્યક વૃત્તિમાં સહસ્રમલ્લના અધિકારમાં તેના ગુરૂનું નામ કૃષ્ણાચાર્ય કહેલું છે.

પ્રશ્ન ૬—શ્રી ઋષભદેવના સમવસરણમાં જો તે સમયમાં વર્તતા મનુષ્ય જેવડું શરીર કરીને દેવતાઓ આવે તો તેઓના શરીરના અનુસારે કરવા પડતા મોટા વિમાનોના તારામંડળની અંદર અંતરાળ ઓછું હોવાથી પ્રવેશ કેમ થઇ શકે ?

ઉત્તર ૬—આ શંકાજ અનુચિત છે. કેમકે નંદીશ્વર દ્વીપે વિમાનોનો સંકોચ કરીને તિર્છા જંબુદ્વિપમાં આવતા હોવાથી તારાઓની મધ્યમાં તેઓને નિકળવુંજ પડતું નથી.

પ્રશ્ન ૭—શ્રાવક બાર વ્રત ઉચ્ચરે છે ત્યારે તેને કન્યાલિકા વિગેરેનો ત્યાગ હોય છે તો તેને પોતાની કન્યાની બાબતમાં કાંઈ જયણા હોય છે કે નહી ?

ઉત્તર ૭—' **दुःक्खिणाइ अविसय** ' એવા શબ્દો તે વ્રતના ઉચ્ચારમાંજ કહેલા હોવાથી પોતાની કન્યાની બાબતમાં જયણા હોય છે.

પ્રશ્ન ૮—દીવસે ચૌદ નિયમ ધારવામાં મૈથુનનું અને દૂર ગમનનું પ્રયોજન નહીં હોવાથી તેનો નિષેધ કર્યો હોય તો રાત્રે તેથી છુટા થવાનું કલ્પે કે નહી ?

ઉત્તર ૮—તે માણસે દીવસેજ નિયમ ધારેલો હોવાથી કલ્પે.

પ્રશ્ન ૯—**देसीयराईयपक्खिय, चाउम्मासे तहेववरिसेय**
**इक्किक्के तिन्निगमा, नायव्वा पंच सेसेसु ॥१॥**

આ કાયોત્સર્ગ નિર્યુક્તિની ચોરાણુંમી ગાથા છે. તેનો શું અર્થ ?

ઉ. ૯—કાયોત્સર્ગ નિર્યુક્તિમાં રહેલી ઉપરની ગાથાનો શ્રી હરિભદ્રસુરિએ બનાવેલી વૃત્તિમાં આ પ્રમાણે અર્થ કહ્યો છે-દૈવસિક, રાત્રિક, (રાઇ) પાક્ષિક, ચાતુર્માસિક, તથા સાંવત્સરિક પ્રતિક્રમણમાં ત્રણ ગમ જાણવા. દૈવસેકાદિ પાંચે પ્રતિક્રમણમાં પ્રત્યેકને વિષે ત્રણ ત્રણ ગમ આ પ્રમાણે જાણવા—સામાયિક લઇને કાઉસગ્ગ કરવો. ૧ સામાયિક લઇને પ્રતિક્રમણ કરવું. ૨ તથા સામાયિક લઇને ફરીથી કાઉસગ્ગ કરવો. ૩ એ ત્રણ ગમ સમજવા.

## પુનઃ પંડિત નગર્ષિગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

---

પ્રશ્ન ૧—એક બાદર પર્યાપ્ત જીવ જ્યાં હોય ત્યાં તેની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા જીવ હોય આવી રીતે કહ્યું છે તેમાં આજ્ઞાજ પ્રમાણ છે કે કાંઇ યુક્તિ છે ?

ઉત્તર ૧—આજ્ઞાજ પ્રમાણ છે. યુક્તિ જોવામાં આવતી નથી.

પ્રશ્ન ૨—સંપુર્ણ ધર્માસ્તિકાય દ્રવ્ય કહેવાય કે સ્કંધ કહેવાય ?

ઉત્તર ૨—દ્રવ્ય કહેવાય. કોઇ ઠેકાણે ઉપચારથી સ્કંધ પણ કહેવાય છે. પણ તેમાં કાંઇ બાધક જણાતું નથી.

પ્રશ્ન ૩—પરમાણુંના વર્ણાદિ બદલાય કે નહીં ?

ઉત્તર ૩—બદલાય.

પ્રશ્ન ૪—ગૌતમસ્વામી ગોચરીને માટે એકલા જતા હતા, કે બીજા મુનિને સાથે રાખતા હતા ?

ઉત્તર ૪—પ્રાયઃ એકલા જતા હતા. એવું ભગવતી વિગેરે સુત્રોમાં વાંચવામાં આવે છે. પરંતુ તેઓ આગમ વિહારી હોવાથી તેના ઉચિત અનુચિતનો વિચાર કરવો યોગ્ય નથી.

પ્રશ્ન ૫—ગ્રૈવેયકાદિમાં પાણી નહિ હોવાથી ત્યાં રહેલા દેવતાઓ જીનપુજા શી રીતે કરતા હશે ?

ઉત્તર ૫—ગ્રૈવેયક વિગેરેમાં પાણીની માફક વનસ્પતિ પણ હોતી નથી પરંતુ ત્યાંના દેવતાઓ પ્રાય: ગમનાગમનાદિ નહીં કરતા હોવાથી તેમજ પુજાના ઉપકરણોનો અભાવ હોવાથી દ્રવ્યથી જીન પુજા કરવાનું સંભવતું નથી.

પ્રશ્ન ૬—સુક્ષ્મ બાદર નિગોદ પર્યાપ્તા અને અપર્યાપ્તા એક નિગોદમાં અનંતા જીવો હોય છે એમ કહ્યું છે તો તેમાં નિગોદ શું ? અને જીવો કયા ? તે સ્પષ્ટ રીતે કૃપા કરી કહેશો.

ઉત્તર ૬—નિગોદ શબ્દવડે કરીને એક શરીર વનસ્પતિ સ્વરૂપ સાધારણ અનંત જીવોનું ઉપજાવેલું સમજવું તેમાં અનંતા જીવો રહે છે તેથીજ તે અનંતકાયિક જીવો સાધારણ કહેવાય છે.

પ્રશ્ન ૭—પર્યુષણમાં જ્યારે ચૌદશને દીવસે કલ્પસુત્ર વાંચવું શરૂ કરવામાં આવે અથવા અમાસ વિગેરેની વૃદ્ધિ થઈ હોય તો અમાસ અથવા પડવાને દીવસે સુત્ર વાંચવામાં આવે ત્યારે છઠ્ઠ તપ કોણ દીવસે કરવો ?

ઉત્તર ૭—એવે વખતે છઠ્ઠ તપ કરવાના દીવસોનો નિર્ણય નથી માટે યથારૂચિ તપ કરવો. દિવસના આગ્રહનું કાંઈ કારણ નથી.

પ્રશ્ન ૮—સમવસરણમાં બીરાજેલા તિર્થંકરો ગૃહસ્થીના વેષે દેખાય કે સાધુના વેષે ?

ઉત્તર ૮—न अन्यलिङ्गिनो, नस्वलिङ्गिनो, न कुलिङ्गे वा

એ વચનથી તિર્થંકરો ગ્રહસ્થને વેષે અથવા સાધુને વેષે નહિ પરંતુ લોકોત્તરરૂપે દેખાય તેથી અમુકના જેવા એમ કહી શકાય નહીં.

પ્રશ્ન ૯—ગણધર મહારાજ પ્રતિક્રમણ કરતી વખતે સ્થાપના કરે કે નહી? કરે તો તિર્થંકરનીજ સ્થાપના કરે કે અન્યની?

ઉત્તર ૯—તિર્થંકર દેવ તથા ગુરૂ બન્ને હોવાથી તેમની સમીપે પ્રતિક્રમણ કરતાં સ્થાપનાનું પ્રયોજન નથી. અને તેઓ ન હોય ત્યારે કરે તો આપણી જેમજ સ્થાપના કરે એમ સંભવે છે.

પ્રશ્ન ૧૦—ગુરૂપુજા સંબંધી સુવર્ણાદિક દ્રવ્ય ગુરૂદ્રવ્ય કહેવાય કે નહીં?

ઉત્તર ૧૦—ગુરૂપુજા સંબંધી સુવર્ણાદિ દ્રવ્ય ગુરૂદ્રવ્ય ન કહેવાય. કારણ કે તે તેમણે પોતાની નિશ્રાનું કર્યું નથી. પોતાની નિશ્રાનું કરેલું રજોહરણ વિગેરે ગુરૂદ્રવ્ય કહેવાય એમ જણાય છે.

પ્રશ્ન ૧૧—પુર્વકાલમાં એવું પુજાવિધાન હતું કે નહિ?

ઉત્તર ૧૧—હેમચંદ્રાચાર્યની કુમારપાળે સુવર્ણ કમળવડે પુજા કરી એવા અક્ષર કુમારપાળ પ્રબંધમાં છે. તથા धर्मलाभ इतिप्रोक्ते, दुरादुच्छ्रितपाणये। सूरये सिद्धसेनाय, ददौकोटि नराधिपः ॥१॥ આ પ્રમાણે સિદ્ધસેન દિવાકર મહારાજના સંબંધમાં પણ અધિકાર છે.

પ્રશ્ન ૧૨—ગુરૂદ્રવ્ય શા કામમાં ઉપયોગી થાય ?

ઉત્તર ૧૨—આ બધું અંગપુજારૂપ દ્રવ્ય તેજ વખતે શ્રી સંઘે જીર્ણોદ્ધારમાં વાપર્યાનું તેજ પ્રબંધમાં લખેલું છે. આ ઠેકાણે ઘણું વકતવ્ય છે પણ કેટલું લખી શકાય.

પ્રશ્ન ૧૩—કૃત્રિમ વસ્તુ કેટલો કાળ રહે, સંખ્યાત કાળ કે અસંખ્યાત ?

ઉત્તર ૧૩—કૃત્રિમના અનેક પ્રકાર છે તેથી તે સંબંધમાં ભગવતીજીના આઠમા શતકના નવમા ઉદ્દેશાની સુત્ર અને વૃત્તિ જોઇ લેવી. આ હકીકત જો અષ્ટાપદાદિ ઉપરના ચૈત્યને આશ્રીને પુછતાહો તો અને તે સંબંધમાં શંકા થતી હોય તો તેને માટે વસુદેવ હીંડીમાં અધીકાર છે તે જોઇ લેવો. ત્યાં ચાલતી અવસર્પિણીના અંત સુધી ચૈત્ય રહેશે એમ જણાવેલું છે. આ સંબંધમાં સિદ્ધાન્તના અક્ષરોની સાબીતી માગતાહો તો જંબુદ્વિપ પન્નત્તિ વિગેરેમાં સુષમાસુષમા આરાદિના વર્ણનમાં વાપી દીર્ઘિકા કાસ્યાદિ ધાતુ પ્રમુખ કૃત્રિમ પદાર્થનો સદ્ભાવ જોઇ લેવો.

પ્રશ્ન ૧૪—કુહણા શબ્દવડે કરીને ભુમિસ્ફોટ (બીલ્લીટોપ) પ્રત્યેક વનસ્પતિકાયના અધિકારમાં જીવાભિગમ સુત્રને વિષે વ્યાખ્યા કરી છે. જીવ વિચારમાં તો સાધારણ વનસ્પતિકાયને વિષે વ્યાખ્યાન છે તેનું કેમ ?

ઉત્તર ૧૪—આ વાત કેવળી મહારાજ જાણે.

પ્રશ્ન ૧૫—વિમાનોની મધ્યમાં ભૂમિ છે કે નહિ ?

ઉત્તર ૧૫—વિમાનોની મધ્યમાં ભુમિ નથી એમ જણુ છે. કારણુ કે ભગવત્યાદિ સુત્રોમાં નરક સબંધી સાત અને આઠમી ઇષિત્પ્રાગભારા એમ આઠજ પૃથ્વી કહી છે જો સ્વર્ગમાં પણુ પૃથ્વી હોત તો તે વધારે કહેત.

પ્રશ્ન ૧૬—**दिव्वंते यलेसं असहमाणे** ભગવતીના સોળમા સતકના પાંચમા ઉદ્દેશના અંતમાં તેની વૃત્તિમાં લખ્યું છે કે અહીંઆં પુર્વભવમાં ઇન્દ્ર અભિનવ શ્રેષ્ઠિ થયો હતો. અને ગાંગદત્ત જીર્ણ શ્રેષ્ઠિ થયો હતો તેઓ બંને જણાએ શ્રી મુનિસુવ્રત જીનની પાસે દીક્ષા લીધી હતી એમ લખ્યું છે. વંદારૂવૃત્તિમાં તો શ્રી મહાવીરના કાઉસગ્ગના અધિકારમાં વિશાલા નગરીમાં જીર્ણશ્રેષ્ઠિ અને અભિનવ શ્રેષ્ઠિ હતા, તેઓ બે કોણુ ?

ઉત્તર ૧૬—**दिव्वं तेय लेसं असहमाणे** એ સુત્રની વૃતિમાં જેઓ જીર્ણશ્રેષ્ઠિ અને અભિનવ શ્રેષ્ટિએ દિક્ષા લીધી હતી, તેઓથી વિશાલા નગરીમાં જીર્ણશ્રેષ્ઠિ અને અભિનવ શ્રેષ્ઠિ બને ભિન્નજ હતા તેથી આ ઠેકાણે કાંઇ શંકા રહેતીનથી.

# પુનઃ પંડિત કલ્યાણકુશલગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—**दुसु तिसु दुसु तिसु कप्पेसु घणु दहि घण वायत दुभयंच कमा** બે ત્રણ અને ત્રણ દેવલોકમાં ઘનોદધિ તથા ઘનવા અને અનુક્રમે આધાર પણે છે પરંતુ તેના વલયોના વિષ્કંભાદિનું પ્રમાણ કેટલું અને કયાં છે તેનો મને સંદેહ છે અને તેનો નિર્ણય થયે છતે ત્યાં રહેલી ભુમિના વિસ્તાર તથા લંબાઇનો નિર્ણય થાય ?

ઉત્તર ૧—ઉપર કહ્યા પ્રમાણે ઘનોદધિ અને ઘનવા આઠ દેવલોક સુધી આધારપણે છે. એમ આગમમાં કહ્યું છે. પરંતુ તેનું પ્રમાણુ અને વલયાદિ કોઇ ઠેકાણે વાંચવામાં આવ્યા સાંભરતા નથી.

પ્રશ્ન ૨—ઉકેશવાલાદિને કેટલાએક લોકો દેશ નિહ્નવ માનેછે અને દેશ નિહ્નવ માનવાનું કારણ ઉપધાનના અપલાપિ હોવાથી બતાવે છે. તેઓ ઉપધાનના અપલાપિ છે એમ શું તેઓના કરેલા કોઇ ગ્રન્થ ઉપરથી જાણ્યું કે સંપ્રતિ ઉપધાન નથી કરતા તેથી ? અંત્ય વિકલ્પ ઉપક્ષ્ય છે એ કાંઇ ચમત્કારને કરવા વાળો નથી કારણ કે ઘણા કાળથી તેઓના સમુદાયમાં પ્રમાદની ઉત્પતિ થવાથી તેઓ કરતા નથી. અને પ્રમાદથી જે ઉપધાનનું ન વહેવું એ કાંઇ નિહ્નવતાનું પ્રયોજક નથી જો કોઇ ગ્રંન્થમાં લખ્યું હોય તો તે ગ્રન્થને દે-

ખવાને હુ ઇચ્છુ છું તેઓ ઉપધાન વહેતા નથી તેથી નિહ્નવ છે એમ માનીને જો પ્રવચનપરીક્ષાદિ ગ્રન્થોમાં લખ્યું હોય તો આજ કાલ સાચો શ્રાવક કોણ અને કયાં છે? ઇત્યાદિ તર્ક વડે કરીને મારા મનમાં તો તે લખેલું ચિન્ત્ય છે એમ પ્રતિભાસે છે. કેટલાકો તો તેઓ " **होइ मङ्गलं** " એવો પાઠ બોલે છે તેથી તેઓને વારે ઘડીએ નિહ્નવ કહે છે. પરંતુ એ પણ ઠીક નથી કેમકે જેમ તપાગચ્છની મધ્યમાં નાગપુરીય વિગેરે પંદર લોગસ્સનો કાઉસગ્ગ નથી કરતા તો પણ તેઓ નિહ્નવ નથી કહેવાતા તેમ વજ્ર સ્વામીની પહેલાં તેઓની શાખા ભિન્ન પડી ગયેલી હોવાથી નિહ્નવ નહી કહેવાય **काले विणए बहुमाणे उवहाणे तहय निह्नवणे** ઇત્યાદિ અખંડ પાઠ પણ તેઓએ શ્રાવકોને ભણાવેલો દેખાય છે તો હે પુજ્ય તેઓ નિહ્નવ કહેવાય કે નહીં અને કહેવાય તો કેવી રીતે? એ કહેશો તો આ બાળક અનુગ્રહિત થશે?

ઉત્તર ૨—ઉકેશવાલાદિને કેટલાએક લોકો નિહ્નવ કહે છે તેનુ કાંઈ માલુમ પડતુ નથી અમો તો દ્વાદશ જલ્પ પટ્ટક ગ્રન્થમાં જેટલા નિહ્નવો કહ્યા છે તેનો નિશ્ચય કરીએછીએ. અને દ્વાદશજલ્પ પટ્ટક તો આપની પાસે પહેલાંજ મોકલ્યો છે તથા પ્રવચન પરીક્ષામાં લખેલા નિહ્નવો ચિન્તનીય છે. અને સાચેસાચો નિર્ણય જણાવ્યા વિના જ્યાં ત્યાં તે તે નિહ્નવોને કહેવાવાળાઓનો પ્રતિકાર પણ કેવી રીતે કરી શકાએ?

---

# પંડિત જિનદાસ ગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—નવ નારદો ક્યારે અને કોની પાસે સમ્યક્ત્વને પામ્યા. અને કેટલા સ્વર્ગે અને મોક્ષે ગયા ?

ઉત્તર ૧—નારદોની ગતિ વિગેરે આશ્રીને કેટલાક સ્વર્ગે અને કેટલાક મોક્ષે ગયા છે. પરંતુ બધાની હકીકત બરાબર કોઈ જગ્યાએ જણાઈ નથી.

પ્રશ્ન ૨—જીનપ્રતિમાઓને ગરમ લાખ વિગેરેના રસ-વડે કરીને ચક્ષુ વિગેરે ચડાવે તો તેમાં આશાતના થાય કે નહિ?

ઉત્તર ૨—નિપુણ શ્રાવકો ગરમ લાખવડે ચોડતાં દોષનો પ્રસંગ હોવાથી તેમ કરતા નથી. પરંતુ રાળમાં તેલને મેળવીને પછી તેને ખડાવીને તેના રસવડે ચક્ષુ વિગેરેને ચોડે છે.

પ્રશ્ન ૩—આસો તથા ચૈત્ર માસની અસજ્ઝાયમાં સાતમ આઠમ તથા નોમ એ ત્રણ દિવસો ઉપધાનમાં ગણાય કે નહિ ?

ઉત્તર ૩—એ ત્રણ દિવસો ઉપધાનના તપ વિશેષમાં લેખે ન આવે.

પ્રશ્ન ૪—માળ પહેરવાની નંદી ક્યારે મંડાય ?

ઉત્તર ૪—વિજયાદશમી પછી માંડવી સુઝે એમ વૃદ્ધ વાદ છે.

પ્રશ્ન ૫—ભરતક્ષેત્રના ચક્રવર્તિઓ પ્રથમ કોણ કોણ ખંડ સાધે તેનો ક્રમ કહો ?

ઉત્તર ૫—પહેલાં મધ્યખંડ સાધીને પછી પોતાના સરદાર પાસે દક્ષિણ ખંડ સધાવે ત્યાર પછી તમિસ્રા ગુફાની અંદર પ્રવેશ કરી વૈતાઢયથી બહાર નીકળીને ઉત્તરનો મધ્ય ખંડ સાધે, પછી સરદાર પાસે સિંધુનો ઉત્તર ખંડ અનેગંગાનો ઉત્તર ખંડ સધાવે ત્યાર પછી વૈતાઢય સાધી તેની નીચેની ખંડપ્રપાત ગુફાવડે નીકળી ગંગાનો દક્ષિણ ખંડ સરદાર પાસે સધાવીને રાજધાની તરફ જાય આવો ક્રમ સમજવો.

## પંડિત વેલ્લર્ષિગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—પાસત્થા વડે દીક્ષિત સાધુથી ગહા ચાલે એવું કયાં લખ્યું છે?

ઉત્તર ૧—એવું તો કોઈ જગ્યાએ લખ્યું નથી. અહીં એમ સમજવાનું છે કે, સંવિગ્ન આચાર્યાદિ તથા સંવિગ્ન ગીતાર્થાદિ ન હોય તો સંવિગ્નના ભક્ત પાસત્થાદિની પાસે જ્યારે પ્રાયશ્ચિત લે ત્યારે પુનર્વ્રતારોપ રૂપ પ્રાયશ્ચિત જો કોઈને આવે તેવું હોય તો તે પણ તેની પાસે લેવું પડે. આ પ્રમાણે છેદગ્રન્થના કહેવા પ્રમાણે સમાધાન જાણવું.

પ્રશ્ન ૨—દેશપાસત્થો કયારે વંદન કરવાને યોગ્ય છે?

ઉત્તર ૨—ઉપર ગયેલા પ્રશ્નના ઉત્તરમાં કહ્યા પ્રમાણે જ્યારે તેવાની પાસે પ્રાયશ્ચિતાદિ લેવું પડે ત્યારે આચાર્યાદિ

પણ પાસત્થાદિને દ્વાદશાવર્ત વંદન કરે. આ સિવાયના અન્ય કારણ પ્રસંગે સર્વ પાસત્થાને પણ વૃદ્ધ વંદનાદિ કરે એમ આવશ્યક નિર્યુકિત વિગેરેમાં કહ્યું છે.

પ્રશ્ન ૩—ગુરૂની નાણક પૂજા કયાં કહી છે ?

ઉત્તર ૩—કુમારપાળ શ્રીહેમચંદ્રાચાર્યની હમેશાં સુવર્ણ કમળવડે પુજા કરતા હતા. આ પ્રમાણે કુમારપાળ પ્રબંધ વિગેરેમાં કહ્યું છે. તેનાજ અનુસારે નાણાવડે કરીને આજકાલ પણ પુજા કરાતી દેખાય છે. કેમકે નાણા પણ ધાતુમયજ છે. સુમતિ સાધુ સુરિના વારામાં મંડપાચળ પર્વત ઉપર મલીક શ્રી માફર નામના માણસે સુવર્ણ ટંકકવડે કરીને પુજા કરી, આવો વૃદ્ધવાદ પણ છે.

—(०)—

## પુનઃ પંડિત વિવેકહર્ષગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—उभसेणं अरहा कोसलिए चउरासी इपुव्व सय सहस्साइं सव्वाउयं पालइत्ता सिद्धे बुद्धे सव्वदुक्खप्पहीणे एवं भरहो बाहुबली बंभी सुंदरी એ ગાથાનો સમવાયાંગાવયવમાં આવેલી उसहो उसहस्स ૂआ ઇત્યાદિ ગાથાની સાથે વિરોધ આવે છે કેમકે ભગવાનના છ લાખ પુર્વ ગયા પછી ઉત્પન્ન થયેલા તેની સમાન ૮૪ લાખ પુર્વાયુષવાળા બાહુબળીનું નિર્વાણ ભગવાનની સાથે કેમ બને?

કેમકે ચરમ શરીરના આયુષ્યનુ અપવર્તન થતું નથી. જો તમે અછેરામાં ભેગું ગણી લેવાનું કહેશો તો તે પણ નથી. કારણ કે ઉત્કૃષ્ટ અવગાહનાવાળાં એકસો આઠ એક સમયે સિદ્ધિ પદને પામ્યા એ અચ્છેરૂં છે. તેમાં તેનો સમાવેશ થશે નહિ.

ઉત્તર ૧—બાહુબલીનું સમયાંગ સુત્રાનુંસારે ૮૪ લાખ પુર્વનું આયુષ્ય સંભવે છે. તો પણ અન્ય ગ્રન્થોમાં ઋષભસ્વામીની સાથે નિર્વાણ કહ્યું છે તે વિરૂદ્ધ નથી. કેમકે તેમના આયુષનું અપવર્તન **अठसय सिद्धा** ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસો આઠ એક સમયે સિદ્ધિ પદને પામ્યા. આ અચ્છેરાની અન્તર્ગતજ સમજવું. કારણ કે **हरिवंश कुलुपत्ति** આ આશ્ચર્યની અંદર પણ યુગલિકના આયુષ્યનું અપવર્તન તથા યુગલિકનું નરકગમનનો અન્તર્ભાવ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન ૨—**अन्तो मुहुत्तामित्तंपि** એ ગાથાનો સમ્યગ્દ્રષ્ટિને ઉત્કૃષ્ટ ન્યૂનાર્ધ પુદ્ગલ પરાવર્ત સંસાર પ્રતિપાદિત છે. **जो अकिरिआ वाइसो भविओ अन्माविओवा** ઇત્યાદિ દશ ચુર્ણિના અક્ષરાનુસારે સમ્યગદ્રષ્ટિને તથા ક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિને ઉત્કૃષ્ટ ન્યૂન પુદગલ પરાવર્ત સંસાર કહ્યો છે. પરંતુ તે પણ આગમાન્તરને અનુસારે ન્યૂનાર્ધ પુદગલ પરાવર્તજ નિશ્ચિત થાય છે. તો સમ્યગદ્રષ્ટિને તથા ક્રિયાવાદિ મિથ્યાદ્રષ્ટિને સંસારનું સરખ.પણું કેમ ?

ઉત્તર ૨—આ ઠેકાણે જો કે આ વાત માત્રથી સામ્ય કહ્યું છે. તો પણ સમ્યગ્દ્રષ્ટીમાં કોઇ આશાતના વિશેષના કરવાવાળ

વિરાધકનેજ એટલો સંસાર કહ્યો છે, બીજાને એટલોબધો હોતો નથી. અને ક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિના સમુદાયમાં તો કોઇ લઘુ કર્મીને એકાવતારીપણાનો પણ સંભવ છે તો પછી સમાનતામાં શું શંકા ? તત્ત્વ કેવલી જાણે.

પ્રશ્ન ૩—કોઇ જાણતા એવા અભિનિવેશ કરવાવાળાને સંસારવૃદ્ધિનું કારણ કર્મબંધ વધારે, કે નહિ જાણતા એવા અભિનિવેશ કરવાવાળાને કર્મબંધ વધારે ?

ઉત્તર ૩—વ્યવહારથી તો જાણતો છતાં અભિનિવેશ કરવાવાળાને કર્મબંધ વધારે લાગે એમ જણાય છે.

પ્રશ્ન ૪—જાણતો એવો કોઈ હિંસાદિવડે કર્મબંધ બાંધે છે અને કોઇ અજાણતાં કર્મબંધ બાંધે છે તો તે બન્નેની અંદર કોને દ્રઢ કર્મબંધ થાય ?

ઉત્તર ૪—બન્નેની અંદર જેને ક્રોધાદિ પરિણામ દ્રઢ હોય તેને દ્રઢ કર્મબંધ થાય મંદ હોય તેને મંદ.

---

## પુનર્મહોપાધ્યાય શ્રી સુમતિવિજયગણિ શિષ્ય પંડિત ગુણવિજય ગણિકૃત પ્રશ્નો તથા ઉત્તરો.

---

પ્રશ્ન ૧—દક્ષિણ ભરતાર્ધમાં શ્રી ઋષભદેવ સર્વ વ્યવહારના બતાવનારા થયા તેવી રીતે ઉત્તર ભરતાર્ધમાં સકલ વ્યવહારને કરવાવાળું કોઈ થયું હશે કે નહિ ? જો કોઈ વ્યવહારને

કરવાવાળો થયો હોય તો તેનું નામ કહો. અને કોઈ ન થયો હોય તો ત્યાં કેવી રીતે વ્યવહાર ચાલતો હશે ?

ઉત્તર ૧—ઉત્તર ભરતાર્ધમાં જાતિસ્મરણવાળો કોઇ મનુષ્ય અથવા તો વ્યવહારને કરવાવાળો ક્ષેત્રનો અધિષ્ઠાયક કોઇ દેવ સંભવે છે. તેમજ કાળાનુભાવથી સ્વતઃ કેટલીક નિપુણતા પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન ૨—સૌધર્મ વિગેરે દેવલોકની અંદર પ્રત્યેક દેવને માટે એકજ ઉપપાત શય્યા હોય છે કે ભિન્ન ભિન્ન ?

ઉત્તર ૨—મહર્દ્ધિક દેવોની તો ઉપપાત શય્યા જુદી જુદી હોય છે. અન્ય દેવોની અભિન્ન પણ હોવી સંભવિત છે તેને માટે તથાવિધ સ્પષ્ટાક્ષરો જોવામાં આવ્યા નથી.

પ્રશ્ન ૩—દેશાવકાશિકવ્રતને કરવાવાળા કોઇએ સો યોજનની છુટ રાખી હોય તેને અકસ્માત્ તે થકી ઉપરાંત પત્ર મોકલવો પડે તો તેને વ્રતમાલિન્ય થાય કે નહિ ?

ઉત્તર ૩—યોગશાસ્ત્ર વૃત્તિ વિગેરેમાં લખેલું હોવાથી વ્રતમાલીન્ય થાય છે એમ માલુમ પડે છે.

પ્રશ્ન ૪—ઉપધાનને વહેવાવાળા શ્રાવકાદિને અકાલ સંજ્ઞામાં રાત્રે પણ જલશૌચ વિગેરે વિધિ થાય કે નહિ ?

ઉત્તર ૪—પોતાસંબંધી કોઇ પુરૂષે લાવેલું ઉષ્ણોદક કલ્પે.

પ્રશ્ન ૫—શ્રી ઋષભદેવ વિગેરે એકસો આઠ એક સમયમાં મોક્ષે ગયા આછેરૂ છે તો બાહુબળી વિગેરેના આયુષ્યને

આશ્રીને શું ગતી થશે? અને આના નિર્ણયનું પ્રતિપાદક કોઇ ગ્રન્થનું નામ કહો ?

ઉત્તર ૫—**अट्ठसय सिद्धा** આજ આશ્ચર્યની અંદર બાહુબલીના આયુષ્યના અપવર્તનનો સમાવેશ થાય છે જેવી રીતે **हरिवंश कुलुपत्ति** એ આશ્ચર્યની અંદર હરિવર્ષ ક્ષેત્રથી લાવેલા યુગલના આયુષ્યનું અપવર્તન શરીરનું લઘુ કરવું તથા નરક ગમન વિગેરે અન્તર્ભાવ કરીએ છીએ.

પ્રશ્ન ૬—જે આઠ આત્મપ્રદેશો મધ્યજ રહે છે તેઓ કર્મ પરમાણું વર્ગણાથી લીપ્ત હોય છે કે નહિ ?

ઉત્તર ૬—કર્મથી અનાવૃત્ત આત્માના આઠ પ્રદેશો રહે છે. શ્રી જ્ઞાનદીપીકામાં કહ્યું છે કે—

**स्पृश्यन्ते कर्मणा तेऽपि, प्रदेशा आत्मनो यदि ।**
**तदाजीवो जगत्यस्मिन्नजीवत्वमवाप्नुयात् ॥ १ ॥**

તે ( આઠ ) આત્માના પ્રદેશો જો કર્મવડે કરીને સ્પર્શાય તો જીવ પણ જગતમાં અજીવપણાને પામે.

પ્રશ્ન ૭—મેઘકુમારના પુર્વભવમાં હસ્તિનું જે નામ સંભળાય છે તે નામ કોણે દીધું હશે ?

ઉત્તર ૭—તે પર્વતની મધ્યમાં રહેવાવાળા વનચરોએ દીધેલું એમ શ્રી જ્ઞાતાધર્મ કથાસુત્રમાં કહ્યું છે.

પ્રશ્ન ૮—ચૌદ ગુણઠાણા ઉપર ચડવાવાળો પ્રાણી ક્રમથી ચૌદમા ગુણઠાણાનો સ્પર્શ કરે કે વ્યવધાનથી કરે ?

ઉત્તર ૮—અનાદિમિથ્યાદષ્ટિ ચોથે ગુણઠાણે નષ્ટ થાય છે. બીજે અથવા ત્રીજે ન જાય. ત્યાર પછી જો ઉપશમ શ્રેણીનો આરંભ કરે તો ક્રમસર અગ્યારમા ગુણઠાણા પર્યન્ત જાય અને જો ચોથે ગુણઠાણેથી ક્ષપકશ્રેણીનો આરંભ કરે તો અગ્યારમા ગુણઠાણાને તજીને ચૌદમા ગુણઠાણા સુધી ક્રમસર જાય. આ વિષયમાં વિશેષ જાણવાની ઈચ્છાવાળા એ તત્ તત્ વિશેષ શાસ્ત્રો જોવાં

પ્રશ્ન ૯—ઔપપાતિકસુત્રને વિષે સાધુ વર્ણનના અધીકારમાં પંતાહારેની વૃત્તિમાં વાસી વાલ ચણા વિગેરે વ્યાખ્યાન છે તો ખાદ્યવાસી પુપિકા ખાવાવાળાને દોષ દેવો કેમ યુક્ત છે?

ઉત્તર ૯—**निष्पाव चणकमाई अंतपंतं च होइवावन्नं** એ પ્રમાણે બૃહત્કલ્પ ભાષ્યને વિષે જીનકલ્પિક અધિકારમાં તથા તેની વૃત્તિમાં વાવન્ન શબ્દવડે કરીને વિનષ્ટ એ પ્રમાણે વ્યાખ્યાત છે તત્વ તો તત્વવિત્ જાણે. વાશીને ખાવાનો વૃદ્ધ પરંપરાથી તથા ત્રસ જીવની ઉત્પત્તિ તેને વિષે થવાથી વાશી ખાવારૂપ દોષનું વર્જનજ શ્રેય છે.

પ્રશ્ન ૧૦—ઉપાંગો ગણધર રચિત છે કે અન્ય રચિત? તથા ઉપાંગોની રચના અંગ રચાયા ત્યારે થઇ કે અન્ય કાળે?

ઉત્તર ૧૦—ઉપાંગોને સ્થવિર મહારાજાઓ રચે છે, તે તીર્થંકર વિદ્યમાન હોય ત્યારે અથવા ત્યાર પછી પણ રચાય છે. અંગ રચાતી વખતેજ ઉપાંગો રચાય એમ એકાન્ત નથી. એ પ્રમાણ નંદીસુત્રની વૃત્તિમાં સ્પષ્ટ કહ્યું છે. વિશેષ તે ગ્રન્થથી જાણી લેવું.

## મણિ જયવંત શિષ્ય પંડિત દેવવિજયગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

---

પ્રશ્ન ૧—લોકાન્તિક દેવો એકાવતારી હોય છે કે અષ્ટાવતારી ?

ઉત્તર ૧—અષ્ટાવતારી જાણુવામાં છે.

પ્રશ્ન ૨—સૌધર્મેન્દ્રે કાઢી મુકેલો સંગમદેવ ભવધારણીય શરીરવડે મેરૂ પર્વતની ચુલા ઉપર ગયો કે ઉત્તર વૈક્રિય શરીર વડે ?

ઉત્તર ૨—મુળ શરીરવડે કરીને ગયો એમ માલુમ પડે છે. કારણુ કે ઉત્તર વૈક્રિય શરીરની એટલા કાળ પર્યન્ત સ્થિતિ નથી અને વિમાનથી મુળ શરીર બહાર જતું નથી એ વચન પ્રાયિક સમજવું.

પ્રશ્ન ૩—જેણે સર્વ વિગયનું પચ્ચખાણુ કર્યું હોય તે નીવિનું પચ્ચખાણુ કરે તો એકાસણાની માફક તેને બેસણું પણુ કરવું કલ્પે કે નહિ ?

ઉત્તર ૩—બેસણું કરવું કલ્પે એમ જાણુવું.

પ્રશ્ન ૪—પરમાધામીઓ ભવ્યજ હોય છે આ વાત સત્ય છે કે અસત્ય ?

ઉત્તર ૪—સત્યજ છે એમ જાણુવું કારણુ કે, બન્ને પ્રકારે તેમાં અવિરોધીપણું છે. જો અભવ્ય હોય તો તે પરમા-

ધામીઓ અન્ય જન્મમાં કરેલા પાપોને કહીને જીવોને દુઃખ કરે છે તે વાત ઘટે નહિ, તથા તેઓ સ્વર્ગની ઈચ્છાથીજ તપસ્યા કરે છે એમ આગમમાં સાંભળીએ છીએ. તે વાત પણ ઘટે નહિ.

પ્રશ્ન ૫—મહાવીરસ્વામી પુર્વભવમાં ચક્રવર્તી થયા હતા તે પુણ્ય કયા ભવમાં ઉપાર્જન કર્યું ?

ઉત્તર ૫—તેનો નિર્ણય કોઇ ગ્રન્થમાં દેખ્યો નથી.

પ્રશ્ન ૬—તિર્થંકરોના જીવોને પરમાધામીઓ નારકીમાં પીડા કરે કે નહીં ?

ઉત્તર ૭—તેને માટે એકાન્ત જાણ્યો નથી.

પ્રશ્ન ૭—દેશવિરતિમાં ચક્રિપદનો બંધ થાય કે નહી ?

ઉત્તર ૭—તેને માટે પણ એકાન્ત જાણ્યો નથી.

પ્રશ્ન ૮—નેમિ ચરિત્રમાં શ્રી કૃષ્ણના પાંચ ભવ કહ્યા છે અને ક્ષાયિક સમ્યકત્વવાળાને ઉત્કૃષ્ટ ચારભવ કહ્યા છે તે કેવી રીતે સંગત થશે ?

ઉત્તર ૮—અન્યમતના અનુસારે કૃષ્ણના પાંચભવ કહ્યા છે એમ નિશ્ચય થાય છે. કારણ કે ધર્મોપદેશમાળા વૃત્તિમાં શ્રી નેમિનાથ અને કૃષ્ણના વિષાદ કરણ પ્રસ્તાવમાં કહ્યું છે કે— **मासोयतु मंतओ उव्वठि इहेव भारहे वासे सय दुवारे नगरे जियसत्तुस्स पुत्तो इक्कार समो अममो नाम तित्थयरो हो हिसि** આ અક્ષરોને અનુસારે ત્રણજ ભવ આવે છે. તત્વ કેવળી માહારાજ જાણે.

પ્રશ્ન ૯—પોસહ કરવાવાળી શ્રાવિકાઓ રસ્તામાં દેવ તથા ગુરૂના ગુણનું ગાન કરે છે તે ક્યાં લખ્યું છે ?

ઉત્તર ૯—આ રીત શાસ્ત્રમાં કહી નથી એમ જાણવું.

પ્રશ્ન ૧૦—પોરિસિની પછી ઉંચે સ્વરે ન બોલવું આ પ્રમાણે વૃદ્ધ વચન સાંભળીને પણ શ્રાવકો રાત્રી જાગરણ કરે છે તે ક્યાં લખ્યું છે ?

ઉત્તર ૧૦—તપસ્યાદિ જે દિવસે કરાય છે તે દિવસે દેખવાથી પરંપરાનુંજ શરણું નિશ્ચિત થાય છે.

## પંડિત વિલ્લર્ષિગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો

પ્રશ્ન ૧—કોઇ નવ વ્યાખ્યાન વડે કલ્પ સુત્ર વાંચે છે. અને કોઇ અધીક વ્યાખ્યાનવડે કરીને વાંચે છે. તો તેની વાંચનાનો અધિકાર ક્યાં છે ?

ઉત્તર ૧—નવ વ્યાખ્યાન વડે કલ્પ સુત્ર વાંચે એમ અંતર્વાચ્યની મધ્યમાં વિધાન હોવાથી નિશ્ચિત થાય છે, અધિક વ્યાખ્યાનવડે વાંચવું એમ તથાવિધ સુવિહિત ગચ્છની પરંપરાથી કોઇપણ ઠેકાણે લખેલું જાણ્યું નથી.

પ્રશ્ન ૨—રાજગૃહ નગરમાં ગુણશિલાખ્ય ચૈત્યમાં શ્રી મહાવીરસ્વામીએ કલ્પસુત્ર પ્રકાશ્યું એ પ્રમાણે કલ્પાધ્યયનમાં કહ્યું છે. કલ્પસુત્રની વૃત્તિ વિગેરેમાં તો શ્રી ભદ્રબાહુ સ્વામીએ રચ્યું એમ કહ્યું છે એ કેમ સંગત થશે ?

ઉત્તર ૨—શ્રી મહાવીર સ્વામીએ અર્થથી કલ્પસુત્ર પ્રકાશ્યું અને ગણધરોએ તેને સુત્રોવડે ગુંથ્યું ત્યાર પછી નવમ પુર્વથી દશાશ્રુતસ્કંધને ઉદ્ધાર કરતા ભદ્રબાહુસ્વામીએ પણ અષ્ટમાધ્યયનરૂપ કલ્પસુત્રને પણ ઉધ્ધૃત કર્યું તેથી કાંઇ અનુપપન્ન નથી.

પ્રશ્ન ૩—શ્રી ઋષભદેવના વખતમાં તાડના ફળથી દારક યુગલિયો મરણ પામ્યો તે કેમ સંભવે ? કેમકે યુગલિયાઓનું અકાલ મૃત્યુ હોતું નથી ?

ઉત્તર ૩—પુર્વકોડી થકી વધારે આયુષ્યવાળા યુગલિઆ બાકી આયુષ્ય રહેતે મરતા નથી. શ્રી આદિનાથના સમયમાં મરેલા યુગલિઆને પુર્વકોડીથી વધારે આયુષ્ય નહોતું તેથી તેનું અકાલ મૃત્યુ સંભવે છે.

પ્રશ્ન ૪—પાંચ પાંડવોની સાથે વીશકોડી મુનિ સિદ્ધિપદને પામ્યા એમ શત્રુંજય મહાત્મમાં લખ્યું છે. આ ઠેકાણે કોડી વીશ સંખ્યાની સમજવી કે સો લાખની ?

ઉત્તર ૪—વીશ સંખ્યાની કોડી ન લેવી પણ સો લાખની લેવી.

પ્રશ્ન ૫—જ્ઞાતાધર્મકથાંગના નવમા અધ્યયનમાં રત્નદ્વીપ દેવી મૂળ શરીરવડે કરીને લવણ સમુદ્રને શોધવા ગઇ એમ કહ્યું છે પરંતુ પોતાના મૂળ શરીર વડે બીજે જવું કેમ સંગત થશે ?

ઉત્તર ૫—રત્નદ્વીપદેવી મુળ શરીરે સમુદ્રને શોધવાને માટે ગઇ એમ કહ્યું છે. પરંતુ તેનો મૂળ શરીરે બીજે કોઇ ઠે-

કાણે જવાનો પ્રતિષેધ જાણ્યો નથી કે જેથી આ ઠેકાણે શંકા થઇ શકે ?

પ્રશ્ન ૬—તિર્થંકરોની મધ્યમાં સાધુઓનો વિચ્છેદ થયે છતે કોઇ સ્વયં બુદ્ધને કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય તો તે ધર્મોપદેશ આપે કે નહિ ?

ઉત્તર ૬—પ્રત્યેકબુદ્ધ વિગેરે સર્વથા ધર્મોપદેશ ન આપે એ નિષેધ સિદ્ધાન્તમાં દેખ્યો નથી.

પ્રશ્ન ૭—ભરતક્ષેત્રમાં રહેલા છ ખંડના નામ કહો ?

ઉત્તર ૭—ભરતના દક્ષિણાર્ધમાં સિંધુ તથા ગંગા તે બન્નેની વચમાં આવેલા દેશને મધ્યખંડ કહે છે. ગંગાથી પુર્વ દિશામાં આવેલા દેશને ગંગાનિષ્કુટ ખંડ કહે છે, સિંધુથી પશ્ચિમ દિશામાં વર્તવાવાળા દેશને સિંધુનિષ્કુટ એ પ્રમાણે. ઉત્તરાર્ધમાં પણ એજ ત્રણ નામ સમજી લેવા.

પ્રશ્ન ૮—ગંગા અને સિન્ધું એ બન્ને નદીઓ કેટલી નદીઓના પરિવારવાળી છે. અને તે બન્ને શાસ્વતી છે તે કયાં સુધિ સમજવી ?

ઉત્તર ૮—ગંગા અને સિન્ધુ એ બન્ને નદીઓ ચૌદ ચૌદ હજાર નદીઓના પરિવારવાળી છે. એ વાતને લઘુ સંગ્રહિણીમાં હરિભદ્રસુરિએ સ્પષ્ટ કરેલી છે. અને તે બન્ને નદીઓ શાસ્વતિ છે કારણ કે લઘુસંગ્રહણીમાં શાસ્વતા પદાર્થોનેજ ગણાવવામાં આવ્યા છે.

પ્રશ્ન ૯—શ્રીમહાવીર સ્વામીનું ૭૨ વર્ષનું આયુષ્ય કહ્યું છે તે મોનો જન્મ ચૈત્ર શુદ ૧૩ ને દીવસે અને નિર્વાણ કાર્તિક વદી અમાવાસ્યાને દીવસે તો ૭૨ વર્ષ કેવી રીતે સંગત થશે ?

ઉત્તર ૯—અસાડ શુદી છઠ લક્ષણ ગર્ભોત્પત્તિના દિવસથી આરંભ કરીને ગણવાથી ૭૨ વર્ષ પુરા થઈ જશે. થોડા ન્યુનાધિક માસાદિ થાય તે પણ તેજ વર્ષમાં ગણાય છે એવી વિવક્ષા હોવાથી. નિર્ણય તો વ્યક્ત ગ્રન્થાક્ષર દેખ્યા વિના કેવી રીતે કરાય.

પ્રશ્ન ૧૦—શ્રી મહાવીર સ્વામીનાં માતપિતા બારમે દેવલોકે ગયા કે ચોથે દેવલોકે ?

ઉત્તર ૧૦—આચારંગ સુત્રમાં બારમે દેવલોકે અને પ્રવચનસારોદ્ધારમાંતો ચોથે દેવલોકે ગયા તેમ કહ્યું છે. તેનો નિર્ણય કેવલી ગમ્ય સમજવો.

પ્રશ્ન ૧૧—હરિનૈગમેષિ દેવે શ્રી મહાવીરના ગર્ભનું હરણ કોણ દ્વારે કર્યું હતું અને ત્રિશલાની કુક્ષિમાં કોણ દ્વારે મુકયો ?

ઉત્તર ૧૧—મહાવીર પ્રભુના ગર્ભને દેવાનંદીના યોનિ દ્વારથી હરણ કરી ત્રિશલાના ગર્ભાશયમાં છવિછેદ કરીને મુકયો. યોનિદ્વારે મુકયો એ પ્રમાણે ભગવતી સુત્રમાં લખ્યું છે.

પ્રશ્ન ૧૨—શ્રી સ્થૂલીભદ્રનો ભાઇ શ્રીયક મરીને કોણ ગતિમાં ગયો ?

ઉત્તર ૧૨—પરિશિષ્ટ પર્વમાં સામાન્ય રીતે દેવલોકે ગયો એમ કહ્યું છે.

પ્રશ્ન ૧૩—સાધ્વી શ્રાવકોની અગ્રે વ્યાખ્યાન કરે એમ કોણ ગ્રન્થમાં લખ્યું છે ?

ઉત્તર ૧૩—દશવૈકાલિક વિગેરે ગ્રન્થોમાં કહ્યું છે કે સાધુ કેવળ શ્રાવિકાની સભા આગળ રાગનું કારણ હોવાથી વ્યાખ્યાન ન કરે. તેમજ સાધ્વી પણ કેવળ શ્રાવકની સભા આગળ રાગનું કારણ હોવાથી વ્યાખ્યાન ન કરે.

પ્રશ્ન ૧૪—બે ઇન્દ્રિય એળ મટીને ચતુરીન્દ્રિય ભ્રમરી કેમ થાય ?

ઉત્તર ૧૪—એળના શરીરની અંદર એળનોજ જીવ અથવા અન્ય જીવ ભમરીપણે ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન ૧૫—કેવળ ઉનના વસ્ત્રને શરીરની સાથે સંબંધ થયે છતે જીવોની ઉત્પતિ થાય છે કે નહિ ?

ઉત્તર ૧૫—કેવળ ઉનના વસ્ત્રને શરીરની સાથે સંબંધ થાય તો બહુ જૂઓ ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન ૧૬—મહાવિદેહ ક્ષેત્રમાં સિમંધરસ્વામીના સ્થાને જે તિર્થંકર ઉત્પન્ન થશે તેનું નામ શું ? તથા ત્યાં વસ્ત્ર વર્ણ વિગેરેની વિધિ કેવી તથા વિહાર કરતા વિશ તિર્થંકરોના માતા, પીતા, ગામ વિગેરેના નામ કોણ શાસ્ત્રમાં છે ?

ઉત્તર ૧૬—શ્રી સિમંધર સ્વામિને સ્થાને ઉત્પન્ન થાવા વાળા તિર્થંકરનું નામ કોઈ શાસ્ત્રમાં દેખ્યું નથી તથા ત્યાં

વસ્ત્ર વિગેરેની વિધિ આ ખંડમાં થયેલા અજીતાદિ બાવીશ તિ-ર્થંકરોને અનુસારે સમજી લેવી. તથા વિહાર કરતા વીશ તીર્થં કરોના માતા પીતા તથા ગામ વિગેરેના નામ છુટક પત્રાદિ-માં કહ્યાં છે.

પ્રશ્ન ૧૭—અષ્ટાપદ ઉપર પ્રતિમાની પ્રતિષ્ઠા કોણે કરી ?

ઉત્તર ૧૭—શ્રી ઋષભદેવ ભગવાનના શિષ્યે અષ્ટા-પદ ઉપર પ્રતિમાની પ્રતિષ્ઠા કરી એમ શ્રી શત્રુંજય માહાત્મ્યમાં કહ્યું છે.

પ્રશ્ન ૧૮—દ્રૌપદીએ નવનિદાનની મધ્યમાં કોણ નિ-દાન કર્યું હતું ?

ઉત્તર ૧૮—જ્ઞાતા ધર્મમાં કહેલા દ્રૌપદી સંબંધાનુસારે ચોથા નિદાનનો સંભવ જણાય છે. પરંતુ અધ્યવસાય વિશેષથી તેનો નીદાનપણાવડે અભાવ હોવાથી દ્રૌપદીએ ચારિત્ર પ્રાપ્ત કર્યું એમ સંભાવના થાય છે. ગ્રન્થની મધ્યમાં તો દેખ્યું નથી. દ્રૌપદીએ અમુક નીદાન કર્યું.

પ્રશ્ન ૧૯—શાશ્વત મેરૂને શ્રી મહાવીર પ્રભુએ કેવી રીતે કંપાવ્યો અને આ વાત ક્યાં કહી છે ?

ઉત્તર ૧૯—જેવી રીતે શાશ્વત રત્ન પ્રભાનો દેવાનુભાવે અથવા સ્વાભાવથી કમ્પ થાય છે. તેવી રીતે શાશ્વત મેરૂનો શ્રી મહાવીરના ચરણના અંગુઠાના બળના પ્રભાવથી કમ્પ જાણવો. શ્રી વીર ચરિત્ર વિગેરે ગ્રંથોમાં આ વાત લખી છે.

પ્રશ્ન ૨૦—પંદરસો તાપસોને ગૌતમ સ્વામીએ પરમાન્ન

વડે પારણું કરાવ્યું પરંતુ લબ્ધીથી ઉત્પન્ન થયેલું પરમાન્ન તો અદત્ત ગણાય તે સાધુને કેમ કલ્પે ?

ઉત્તર ૨૦—એક પરમાન્નનું પાત્ર અક્ષીણુ મહાનસી લબ્ધીના પ્રભાવથી સરવેને પહોંચી શક્યું તેથી તેમાં અદત્ત કાંઈ પણ હોય એમ જાણવામાં આવ્યું નથી.

---

## પંડિત કીર્તિહર્ષગણિકૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—જે શ્રાવકે દ્વિવિધૈકાશન કર્યું હોય તે રાત્રે દ્વિવિધાહારનું પચ્ચખાણ કરે તો શુદ્ધ થાય કે નહીં ?

ઉત્તર ૧—શુદ્ધ થાય છે.

પ્રશ્ન ૨—સંસારમાં રહ્યો છતો એક જીવ, ઈંદ્ર, ચક્રવર્તિ અને વાસુદેવ કેટલીવાર થાય ?

ઉત્તર ૨—ઈંદ્ર, ચક્રવર્તી, અને વાસુદેવ થવાની સંખ્યા આગમમાં દીઠી સાંભરતી નથી.

પ્રશ્ન ૩—સાંપ્રત કાળમાં જેટલા ઇન્દ્રો છે તે બધા એકાવતારી કે નહિ ?

ઉત્તર ૩—કેટલાએક એકાવતારી છે. બધા નહિ.

પ્રશ્ન ૪—નારદો બધા તદ્ભવ મોક્ષગામિ સમજવા કે નહિ ?

ઉત્તર ૪—કેટલાકો તદ્ભવ મોક્ષગામિ હોય છે અને કેટલાકો અન્ય ભવમાં.

---

## પંડિત નગર્ષિ શિષ્ય ગણિ સુરવિજય કૃત પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—પખવાડીયામાં જે ચતુર્થાદિ તપ ન કરે તેને કાંઈ પ્રાયશ્ચિત સમજવું કે અનંત સંસારીપણું ?

ઉત્તર ૧—પખવાડીઆમાં જે ચતુર્થાદિ તપ ન કરે તેને પ્રાયશ્ચિત સમજવું અનંત સંસારીપણું નહીં.

પ્રશ્ન ૨—રાવણનો હાર પરિપાટીથી આવેલો સમજવો કે દેવે આપેલો ?

ઉત્તર ૨—પરિપાટીથી આવેલો.

પ્રશ્ન ૩—જેને દિક્ષા પહેલાં લઘુ ધાન્ય વિગેરેના પચ્ચખાણ હોય તેને દિક્ષા લીધાબાદ ખપે કે નહીં ?

ઉત્તર ૩—બીજું કાંઈ ન મળતુ હોય તો દિક્ષા લીધાબાદ ખપે.

પ્રશ્ન ૪—नमोऽर्हत् सिद्धाचार्योपाध्याय सर्व साधुभ्यः એ પૂર્વની અંદર સમજવું કે નહીં તથા ચૌદ પૂર્વ સંસ્કૃત છે કે પ્રાકૃત ?

ઉત્તર ૪—नमोऽर्हत् ઈત્યાદિ પૂર્વમાં સમજવું તથા બધા પૂર્વો સંસ્કૃત સમજવા.

પ્રશ્ન ૫—વીરશાસનમાં કેટલા પ્રત્યેક બુદ્ધો હતા તથા બીજાઓના શાસનમાં કેટલા હતા ?

ઉત્તર ૫—વીરશાસનમાં ચૌદ હજાર પ્રત્યેક બુદ્ધો હતા તથા ઋષભદેવ વિગેરેને જેટલા સાધુઓ હતા તેટલા પ્રત્યેક બુદ્ધો હતા.

પ્રશ્ન ૬—પંડિતાદિ પદસ્થની આગળ દેવ વંદન કરવુ કલ્પે કે નહીં ?

ઉત્તર ૬—પ્રતિમા અથવા સ્થાપનાચાર્યની આગળ દેવ વંદન કરવું કલ્પે અન્યથા નહીં ?

પ્રશ્ન ૭—ત્રિફલાથી પ્રાશુક પાણી થાય છે તેમ કોણ સિદ્ધાંતમાં કહ્યું છે ?

ઉત્તર ૭—ત્રિફલાથી પ્રાસુક પાણી થાય છે એ સિદ્ધાંતને અનુકુલ છે કેમકે કહ્યું છે કે **तुंबरे फलेयपत्ते** ઇત્યાદિ આ નિ-શીથ મહાભાષ્યની ગાથા છે તેની ચુર્ણિમાં **तुबर** ફળ એટલે **हरितकी** ( હરડે ) વિગેરે એ પ્રમાણે વ્યાખ્યા કરી છે.

પ્રશ્ન ૮— એકવીશ પ્રકારના પાણીને પ્રાસુક થયા પછી કેટલા કાળ પછી સચિત થાય છે ? તથા એ બધાની હા-લમાં પ્રવૃતિ કેમ નથી ?

ઉત્તર ૮—જેવી રીતે ગરમ પાણીનો વર્ષાઋતુની પહેલાં ત્રણ પહોર વિગેરે કાળ છે એમ કહ્યું છે. તેવી રીતે પ્રાસુક જળ ધાવન વિગેરેનું સમજવું તેઓની પ્રવૃતિ યથા સંભવ વિદ્-માનજ છે.

પ્રશ્ન ૯—શ્રાવક ગુરૂ મુખે પોસહ ઉચ્ચરે ત્યારે ગમના ગમન આલોવે કે નહીં

ઉત્તર ૯—જો પોતાની મેળે પોસહ લઇને ગમના ગમન કરે તો ગુરૂ પાસે પોસહ લેતી વખતે આલોવે અન્યથા ન આલોંવે.

संपूर्ण तृतीयः प्रकाशः ॥

# જેસલમેરના સંઘે કરેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—કાચા ફળની અંદરથી બીયાં કાઢી નાખવામાં આવ્યા હોય ત્યાર પછી તે કાચા ફળને બે ઘડી વિત્યા પછી તે ફળ પ્રાસુક થાય કે નહિ ?

ઉત્તર ૧—અગ્નિ લવણ વિગેરે પ્રબલ સંસ્કારથી પ્રાસુક થાય છે અન્યથા પ્રાસુક થઈ શકે નહિં.

પ્રશ્ન ૨—નારકીના જીવો પુર્વ ભવના વૃતાન્તને કેવી રીતે જાણે ?

ઉત્તર ૨—દેવ વિગેરેના કથન વિગેરેથી જાણી શકે.

પ્રશ્ન ૩—દેવ દ્રવ્યના ભક્ષણ કરનારાને ઘેર જમવા માટે જવું કલ્પે કે નહિં ?

ઉત્તર ૩—પરવશપણાને લઇને દેવદ્રવ્ય ભક્ષકને ઘેર જમવા જવું પડે તો મનની અંદર સશુકપણું રાખે પરંતુ નિ-શુક થવું નહિં જોઇએ ભોજન દ્રવ્યને મંદિરમાં મુકે તો વિરોધ ઉત્પન્ન થાય. તેથી તે બાબતમાં દક્ષપણું વાપરવું જોઈએ. જેથી આગળ ઉપર વિરોધ ન થાય તેમ કરવું જોઈએ.

પ્રશ્ન ૪—કલ્યાણુક તપના કરવાવાળાને છઠ તથા અઠમ કરવાની શક્તિ ન હોય તો પાખી વિગેરે દિવસે આયંબીલ આ-દિ કરે કે નહિં ?

ઉત્તર ૪—યદિ સર્વથા શક્તિ ન હોય તો પાખી વિગેરે તિથીમાં આયંબિલ વિગેરે કરે. કલ્યાણ તપ તો પરમ્પરાથી દેખાય છે.

પ્રશ્ન ૫—કોઈ પણ માણસે પચ્ચખાણ લેતી વખતે બે વિગયની મોકળાશ રાખી હોય તેને નિવયાતિ ત્રિજી વિગય કલ્પે કે નહિં ?

ઉત્તર ૫—કારણ સિવાય કલ્પે નહિં.

પ્રશ્ન ૬—કોપરાપાક વિગેરે લોકમાં પ્રસિદ્ધ પાકદ્રવ્યો તેજ દિવસે બનાવેલા હોય તો લીલોતરીની બાધાવાળાને કલ્પે કે નહિં ?

ઉત્તર ૬—કોપરાપાક વિગેરે પાક દ્રવ્યો તેજ દિવસે કલ્પે છે તથા પ્રકારની પ્રવૃત્તિ દેખાય છે.

પ્રશ્ન ૭—મનુષ્ય ક્ષેત્ર થકી બહાર જે ચન્દ્રો તથા સુર્યો છે તેઓ તીર્થંકરોના જન્મ સમયે તથા સમવસરણ સમયે આવે કે નહિં ?

ઉત્તર ૭—સુર્યો તથા ચન્દ્રો જે મનુષ્યલોકની બહાર છે તેઓ તીર્થંકરના જન્મ મહોત્સવ સમયે તથા દેશના વખતે ન આવે તેમ પ્રતિષેધ દેખ્યો નથી.

પ્રશ્ન ૮—ભરતક્ષેત્રમાં પાંચસો અથવા તો સાતસો કોશની મધ્યમાં જેટલા સાધુઓ દેખાય છે તેટલાજ છે કે બીજે કોઈ પણ સ્થળે સંભવે છે ?

ઉત્તર ૮—ભરતક્ષેત્રમાં જેટલા ભાગમાં જૈન સાધુઓ દેખીયે છીયે તેટલામાંજ સંભવેછે બીજે કોઈ સ્થળેછે નહીં તથાપિ વ્યક્ત અક્ષર કોઇ પણ સ્થળે દેખ્યા સિવાય કેવી રીતે એકાન્તે કહી શકાય.

પ્રશ્ન ૯—આંયંબિલમાં સુંઠ તથા તીખાં સ્વાભાવિક રીતે કલ્પે કે કોઇ પણ કારણને લઇને કલ્પે ?

ઉત્તર ૯—વિશેષ કારણ ન હોય તો પણ આયંબિલમાં સુંઠ અને તીખાં સ્વાભાવીક રીતે કલ્પે છે.

પ્રશ્ન ૧૦—આયંબિલમાં સુંઠ તીખાં વિગેરે જેવી રીતે કલ્પે છે તેવી રીતેજ લવીંગ. પીંપર, વિગેરે કેમ કલ્પતા નથી. તેનો શાસ્ત્રાક્ષરથી નિષેધ છે કે પરંપરાથી?

ઉત્તર ૧૦—લવંગમાં દુધનું ભોજન આપવામાં આવેછે તથા હરડે અને પિંપર વિગેરે નાળથી અપકવ હોય ત્યારેજ સુકવવામાં આવે છે. તેથી તે આયંબિલમાં કલ્પતા નથી. જેમ ઘઉ તથા જુવારનો પોંક પાડયો હોય તો આયંબિલમાં કલ્પી શકે નહીં પરંતુ જુવાર તથા ઘંઉ રાંધેલા કલ્પેછે તેની માફક સમજવું.

પ્રશ્ન ૧૧—કોઇ પણ ઉપવાસકે ચાર ઉપધાન વહન કર્યા હોય તેમાં પહેલા ઉપધાન કર્યાને બાર વર્ષ વીતિ ગયા હોય તો તે પહેલાજ ઉપધાનને ફરીથી વહન કરીને માલાને ધારણ કરે કે ચારે ઉપધાન વહન કરીને ?

ઉત્તર ૧૧—પહેલા ઉપધાનને વહીને માળાને ધારણ ક-

રી શકે જો મન સ્થિર હોય તો ચારે ઉપધાન ફરી વહન કરી માળા ધારણ કરે.

પ્રશ્ન ૧૨—ઉપધાન વહન કરતાં થકાં તપસ્યાને દિવસે જો કોઈ પણ કલ્યાણક તિથી આવે તો તે ઉપવાસે ચાલે કે કોઇ અધિક ઉપવાસ કરવો જોઇએ ?

ઉત્તર ૧૨—તપસ્યાને દિવસે કલ્યાણક તીથી આવી જાય તો નિર્યાન્ત્રત તપ પણા વડે કરીને તેથીજ ચાલે.

પ્રશ્ન ૧૩—જે શ્રાવક નિયમથી હમેશાં બે વખત પ્રતિક્રમણ કરતો હોય અને સંધ્યા સમયે પ્રતિક્રમણ વિસરી ગયો હોય તો તે કેટલીક રાત્રિ ગયા પછી પ્રતિક્રમણ કરે તો શુદ્ધ થાય કે નહીં ?

ઉંત્તર ૧૩—યદિ કારણ વિશેષથી ભુલી ગયો હોય તો બે પહોર રાત્રી સુધિમાં પ્રતિક્રમણ કરે તો સુદ્ધ રીતે કલ્પી શકે.

પ્રશ્ન ૧૪—જેણે શુકલ પંચમી ઉચ્ચરી હોય તે જો પર્યુષણમાં બીજથી આરંભ અઠ્ઠમ તપ કરે તેને પંચમીને દિવસે એકાસણુંજ કરવું જોઇએ કે યથારૂચી ?

ઉત્તર ૧૪—કોઇ પણ વ્યકતીએ શુકલ પંચમી ઉચ્ચરી હોય તેમણે વાસ્તવીક તો તૃતીયાથી અઠ્ઠમ તપ કરવો જોઇએ યદિ કદાચિત દ્વિતીયાથી અઠ્ઠમ તપ કરે તો પંચમીને દિવસે એકાસણું કરવાનો પ્રતિબંધ નથી. યદિ એકાસણુ કરે તો વિશેષ લાભ દાયક છે.

પ્રશ્ન ૧૫—ચોમાસું જો પુર્ણિમાને દિવસે થાય તો પ-

ચ્ચીશ પ્રતિક્રમણ કે અઠ્ઠાવીશ તથા તે શાસ્ત્રાક્ષરના બળથી કે પરંપરાથી સમજવું જો શાસ્ત્રાક્ષરના બળથી કહો તો શાસ્ત્રનું નામ કહો ?

ઉત્તર ૧૫—વરસની મધ્યમાં પચ્ચીશ પ્રતિક્રમણ કે અઠ્ઠાવીશ એવું કયાંઈ પણ જાણ્યું નથી. શાસ્ત્રમાં તો દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક તથા સાંવત્સરિક લક્ષણ પાંચ પ્રતિક્રમણ છે.

પ્રશ્ન ૧૬—મુક્તાફલો સચિત્ત છે કે અચિત્ત. ?

ઉત્તર ૧૬—વીંધેલા તથા નહિં વિંધેલા બન્ને પ્રકારના મુક્તાફળો ( સાચામોતીઓ ) અચિત્ત સમજવાં કારણકે અનુયોગદ્વારસુત્રમાં મોતીઓ તથા રત્નો અચિત્ત પરિગ્રહની મધ્યમાં કહ્યાં છે.

પ્રશ્ન ૧૭—સર્વાર્થસિદ્ધ વિમાનમાં મોતીના વલયો શાસ્ત્રમાં કહ્યાં છે કે પરંપરાથી કહેવાય છે, શાસ્ત્રની અંદર જો કહ્યાં હોય તો તેના અક્ષરો કહો ?

ઉત્તર ૧૭—સર્વાર્થસિદ્ધમાં મોતીના વલયો માટે છુટી ગાથાઓમાં પરંપરાથી તથા ભુવનભાનુ કેવલી ચરિત્રમાં કહ્યું છે જેમ કે—

### तद् गाथा.

**तत्थमहाविमाणे उवरिमभागं मिवट्टएएगं ।**
**सायर रस ६४ मणमाणं मुत्ताहल मुजलजलोऽहं ॥**

ઇત્યાદી દશ ગાથામાં કહેલું છે

પ્રશ્ન ૧૮—ખડતર ગચ્છમાં જેઓના ઘરમાં પુત્ર અથવા પુત્રીનો જન્મ થયો હોય તેજ ઘરના માણસો પોતાના ઘરના જલ વડે દેવપુજાને કરતા નથી ખડતરગચ્છના સાધુઓપણ તેઓને ઘરે અન્ન પાનાદિકને માટે દસ દિવસ પર્યન્ત જતા નથી તેને માટે કયે સ્થળે લખેલું છે, સ્વકીય પક્ષમાં તેને આશ્રીને શું વિધિ જાણવી ?

ઉત્તર ૧૮—જે ઘરે પુત્ર અથવા પુત્રી જન્મને પ્રાપ્તકરે તે ઘરના જલવડે કરીને દેવ પુજા થઈ શકે નહિં તથા પ્રકારે કોઈ સ્થળે શાસ્ત્રમાં જાણ્યું નથી તથા તે સ્થળે સાધુએ જવું ન જવું વિગેરે આચરણ જે દેશમાં જેવો વ્યવહાર દેખાય તે પ્રમાણે રાખવો દસ દિવસનો નિર્બન્ધ શાસ્ત્રમાં જાણ્યો નથી.

---

## દેવગિરિના સંઘે કરેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—ગીતાર્થી પખ્ખી પ્રતિક્રમણ કરતાં લક્ષ્મણાવસરમાં " नित्थारपारगाहोहत्ति " કહે છે ત્યારે શ્રાવક વિગેરે જનોએ પણ શું તેજ કહેવું ?કે " इच्छामो अणुसट्ठिं " કહેવું. ?

ઉત્તર ૧—શ્રાવક વિગેરેએ " इच्छामो अणुसठिं " કહેવું. " नित्थार पारगाहोहत्ति " એ પ્રમાણે કહેવું નહિ.

પ્રશ્ન ૨—પખ્ખી પ્રતિક્રમણના અંતમાં ગીતાર્થો જેને

શાન્તિ બોલવાનો આદેશ આપે છે તે શ્રાવક દુઃખ ખ્ખય કમ્મ-ખ્ખય નિમિત્તક ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી શાન્તિને કહે છે અને શાન્તિ કહ્યા પછી ફરીથી પણ પંદર લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ એક લોગસ્સ કહીને પોસહ પારે છે કેટલાએકો તો કહે છે કે જેને શાન્તિ કહેવાનો આદેશ આપ્યો હોય તે ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ એક લોગસ્સ કહીને શાન્તિને કહે અને પછી પોસહ પારે આ બેની મધ્યમાં જે વિધિ પ્રમાણ હોય તે કહો.

ઉત્તર ૨—પખ્ખી પ્રતિક્રમણમાં ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ એક લોગસ્સ કહીને પછી શાન્તિને કહે એ પ્રમાણેજ શુદ્ધ થાય છે બીજી વખત પંદર લોગસ્સનો કાઉસગ્ગ કરવામાં વિશેષ જાણ્યું નથી.

પ્રશ્ન ૩—શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ સમયે અમાવાસ્યા તીથી તથા સ્વાતિ નક્ષત્ર હતું દીવાળી સમ્બન્ધી ગુણણા સમયે કોઇ વખત તે બન્ને હોય છે અને કોઈ વખત નથી હોતા તેના ઉપર કેટલાકો કહે છે કે જ્યારે સ્વાતિ નક્ષત્ર અને અમાવાસ્યા બન્ને સાથે હોય ત્યારે દિવાળી સંબંધી ગુણણું ગણવું જોઇએ. કોઇ તો કહેછે કે જે મેરાયાનો દિવસ છે તે દિવસે ગુણણું ગણવું જોઇએ તેમાં મેરાયા કરવામાં ભેદ છે. ગુજરાતના લોકો પાખીને દિવસે કરે છે અને આ દેશના લોકો બીજે દિવસે તો શું પોતપોતાના દેશને અનુસારે મેરાયા કરવાને દિવસે ગુણણું ગણવું કે ગુજરાત દેશને અનુસારે.

ઉત્તર ૩—પોતપોતાના દેશને અનુસારે જે દિવસે દિવાળી કરે તે દીવસે ગુણણું ગણવું જોઇએ.

પ્રશ્ન ૪—કેટલાએક યતિઓ તથા શ્રાવકો જીનમંદિરમાં પ્રતિમા સ્થાપન સમયે ચૈત્યવંદન કરતા નથી તેઓ કહેછે કે અત્યારે અવસ્થા ભેદ છે તેથી ચૈત્યવંદન કરવું ઉચીત નથી ઇતર લોકોતો—કહે છે કે ભગવાનને વળી અવસ્થા શું ? તેથી જ્યારે જીન મંદીરમાં જઇએ ત્યારે ચૈત્યવંદન કરવું તો આ બન્નેની મધ્યમાં કોણ પ્રમાણ છે.

ઉત્તર ૪—જીનમંદીરમાં પ્રતિમા સ્થાપનસમયે ચૈત્યવંદન કરવાનો નિષેધ જાણ્યો નથી.

---

## દ્વીપ બંદરના સંઘે કરેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

---

પ્રશ્ન ૧—દેરાસરમાં પોસહ કરવાવાળા જ્યારે દેવવંદન કરે ત્યારે ઇર્યાવહી પડિકમવા વખતે ઉત્તરાસંગ કરવું જોઇએ કે નહિ.

ઉત્તર ૧—જ્યારે દેરાસરમાં પોસહ કરવાવાળા દેવવાંદે ત્યારે ઇર્યાવહી પડિકમવા વખતે ઉત્તરાસંગ કોઇ પણ કરતા હોય તેમ દેખાતું નથી. વૃદ્ધ લોકો પણ એમજ કહેતા સાંભળેલા છે તથા ઇર્યાવહી વંદનની ક્રિયામાં નથી. દેવવંદન કરતે સમયે અથવા બીજે કોઇ સમયે દેવમંદીરમાં જ્યારે શ્રાવકો હોય

ત્યારે ઉત્તરાસંગ કરતા હોય તેમ દેખીયે છીયે પરંતુ ક્રિયાતો વિધિ પ્રમાણેજ થાય.

પ્રશ્ન ૨—પ્રથમજ રાઈ પ્રતિક્રમણમાં કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણીનો ચાર લોગસ્સનો જે કાઉસગ્ગ કરવામાં આવે છે. તે ચંદેસુ નિમ્મલયરા સુધિ કરવો કે સાગર વર ગંભીરા સુધી ?

ઉત્તર ૨—સામાન્યથી તો ચંદેસુ નિમ્મલયરા સુધિ કરવો પરંતુ જો સ્વપ્નને વિષે ચતુર્થ વ્રતનો અતિચાર થયો હોય તો એક નવકાર અધિક ચીંતવે.

પ્રશ્ન ૩—પ્રાતઃકાલનાં રાઇ પ્રતિક્રમણમાં પહેલેથી. કુસુમિણ દુસુમિણ કાઉસગ્ગ તથા ચૈત્યવંદન કરીને પછી ખમાસમણા દઇને પછી સઝાય કરવી કે સજ્ઝાય કરીને ચાર ખમાસમણા દેવા.

ઉત્તર ૩—પહેલા ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરીને ચૈત્ય વંદન કરી ચાર ખમાસમણા દઇ બે ખમાસમણા વડે સજ્ઝાય કરી પ્રતિક્રમણ કરે, કહ્યું છે કે—**इरिया कुसुमिण सग्गो जिण मुणि वंदण तहेव सज्झाओ सव्वस्सवि सक्कथओ तिन्निय उस्सग्ग कायव्वा** આ ગાથા શ્રી સોમસુન્દર સૂરિએ કરેલી સામાચારીમાં પણ વિદ્યમાન છે તથા શ્રી વિજયદાનસૂરિ પણ એ પ્રમાણેજ કરતા હતા તેઓની શિક્ષાનુસાર અમે પણ તેમજ કરીએ છીયે તથા સજ્ઝાય કરીને ચાર ખમાસમણા દેવા એ પ્રમાણે વિધિ પણ કોઇકોઈ ગ્રન્થમાં દેખાય તેનો પણ પ્રતિષેધ

નથી. પરંતુ વૃધ્ધો જેવી રીતે કરતા હતા તેવીજ રીતે અમે તો કરીએ છીયે.

પ્રશ્ન ૪—ગરમી વિગેરેની રૂતુમાં ગરમ અથવા પ્રાસુક પાણી પાંચ પહોર આદિ સમય પર્યન્ત અચિત્ત રહે છે અને ત્યાર પછી સચિત્ત થાય છે આ પ્રમાણે કયા સ્થળ ઉપર લખવામાં આવેલું છે ? અને તેમાં જ્યાં સુધિ ત્રસ જીવની ઉત્પત્તિ ન થઇ હોય ત્યાં સુધિ જલ ગળ્યા વીના કલ્પે કે નહિ ?

ઉત્તર ૪—ઉષ્ણ ઋતુ વિગેરે ઋતુઓમાં પાંચ પહોરાદિ કાળ પર્યન્ત ઉષ્ણ અથવા પ્રાસુક પાણિ અચિત્ત રહે છે અને ત્યાર પછી સચિત્ત થાય છે તથા પ્રકારે પ્રવચન સારોદ્ધારસૂત્ર વૃત્તિમાં કહ્યું છે તથા તેમાં ત્રસજીવની ઉત્પત્તિ થઇ હો અથવા તો ન થઇ હો તો પણ ગાળેલું વાપરવું, ગાળ્યા વિનાનું જળ વાપરવું નહીં એ પ્રમાણે પરંપરાથી દેખાય છે.

પ્રશ્ન ૫—પાંચમનો અથવા પુર્ણીમાનો ક્ષય હોય તો તે તિથિઓનો તપ કોણ કોણ તિથીને દિવસે કરવો જોઇએ ?

ઉત્તર ૫—પાંચમનો જો ક્ષય હોય તો તેનો તપ પાછલી તિથીમાં કરવો પુર્ણિમાનો જો ક્ષય તો તેનો તપ તેરશને દિવસે અથવા તો ચૌદસે કરવો જો ત્રયોદશી ને દિવસે કરવો ભુલી જાયતો પ્રતિપદ ( એકમ ) ને દીવસે પણ કરવો.

પ્રશ્ન ૬—નવકારવાળી પુસ્તક વિગેરેની સ્થાપના નવકાર મંત્રનાં ગણવા વડે કરાય છે તેના ઉપર જ્યારે પ્રકાશ હોય ત્યારે તો દ્રષ્ટિનું રક્ષણ સુકર છે. પરંતુ અંધકારમાં કેવી રીતે દેખાય તો દેખાયા વિના તે સ્થાપના શુદ્ધ ખરી કે નહિં ?

ઉત્તર ૬—નવકારવાળી પુસ્તક વિગેરેને નવકાર મંત્રે વડે પ્રકાશ હોય ત્યાં સુધિ સ્થાપના કર્યે છતે યથાશક્તિ દ્રષ્ટિ તથા ઉપયોગ રખાય છે અંધકારમાં દ્રષ્ટિ તથા ઉપયોગનો અભાવ થાય ત્યારે ફરી વખત સ્થાપના કરીને તેની સમીપમાંજ ક્રિયા કરવી કેમકે સ્થાપના બે પ્રકારનીછે ૧ ઇત્વર અને ૨ યાવત્કથિકા તેની અંદર ઇત્વરા નવકારવાળી વિગેરે નવકાર વડે કરીને સ્થાપિત થાય છે અને તે દ્રષ્ટિ તથા ઉપયોગ જ્યાં સુધિ હોય ત્યાં સુધીજ સુદ્ધ રહે છે યાવત કથિકા સ્થાપનાચાર્ય અથવા પ્રતિમાદિય કે જેની ગુરૂ મહારાજ પાસે પ્રતિષ્ટા કરાવવી પડે છે તેને વારંવાર સ્થાપવી પડતી નથી.

પ્રશ્ન ૭—ઉપધાનમાં માળા પહેર્યા પછી પવેણું કરે કે નહિં ?

ઉત્તર ૭—ઉપધાનમાં માળા પહેર્યા પછી પવેણું કરવાનો નિયમ જાણવામાં છે નહિં.

પ્રશ્ન ૮—ઉપધાન સંપુર્ણ થયા અનન્તર તપસ્યાને દિવસે ઉતરવું કલ્પે કે નહિ.

ઉત્તર ૮—ઉપધાન સંપુર્ણ થયા અનન્તર તપસ્યાને દિવસે ઉતરાતું નથી કોઇપિણ કારણથી ગીતાર્થની આજ્ઞાપુર્વક ઉતરવામાં એકાન્તથી નિષેધ જાણ્યો નથી.

પ્રશ્ન ૯—કેટલાએક મનુષ્યો પુછે છે કે નંદીમાંડવાનો વિધિ કોણ સિદ્ધાન્તમાં છે ?

ઉતર ૯—નંદીમાંડવાને માટે અનુયોગદ્વારાવૃત્તિ સામા-

ચારી વિગેરે ગ્રંન્થોમાં લખ્યું છે પરંપરાથી પણ નંદી મંડાતી જાણી છે.

પ્રશ્ન ૧૦—પોસહમાં સામાયિકના બત્રીશ દોષો લાગે છે કે નહિં ?

ઉત્તર ૧૦—પોસહમાં સામાયિકના બત્રીશ દોષો લાગે છે તથા પ્રકારે જાણ્યું છે પણ તેને ઉત્સર્ગથી ન લગાડવા, કોઇપણ કારણથી જો લાગે તો તેની આલોચના પ્રતિક્રમણા કરવી.

પ્રશ્ન ૧૧—પોસહમાં બનાતનું સંથારિયું કલ્પે કે નહિ. તથા પાન ખાવું કલ્પે કે નહીં તથા જમવાના ઉપકરણો વિગેરે વસ્તુ કોઇ છુટક માણસે લાવેલી કલ્પે કે નહિ ?

ઉત્તર ૧૧—બનાતનું સંથારિયું પોસહમાં વાપરવાને માટે કલ્પે તથા પાન લવંગ કાષ્ટાદિક કોઈ પણ કારણ હોયતો પોસહમાં ખાવું કલ્પે તથા છુટક માણસે લાવી આપેલા શુદ્ધ ઉપકરણોને વાપરવાને નિષેધ જાણવામાં છે નહિં.

પ્રશ્ન ૧૨—દેવતાઓ જ્યારે અન્ય દેવલોકમાં જાય ત્યારે ત્યાં રહેલા ચૈત્યોને વંદન કરે કે નહિં ?

ઉત્તર ૧૨—દેવતાઓ જ્યારે પોતાના દેવલોકથી ઈતર દેવલોકમાં જાય ત્યારે ત્યાં રહેલા ચૈત્યોને વંદન કરવાનો નિષેધ જાણવામાં છે નહિં અર્થાત વદન કરે.

પ્રશ્ન ૧૩—જંબુદ્વિપમાં રહેલા મેરૂ પરવતની ચારે તરફ ૧૧૨૧ યોજન મુકીને જ્યોતિષ્ચક્ર ભ્રમણ કરે છે, તેવીજ રીતે અન્ય દ્વીપમાં રહેલા મેરૂથી કેટલું છેટું રહી ભમે છે ?

ઉત્તર ૧૩—જંમ્બુદ્વીપમાં જેવી રીતે મેરૂથી ૧૧૨૧ યોજન મુકી જ્યોતિશ્ચક્ર ભમે છે તેવીજ રીતે અન્ય દ્વીપગત મેરૂ થકી પણ સંભવે છે, શાસ્ત્રને વિષે અક્ષરો સ્પષ્ટ તથા દેખાવમાં તેને માટે આવ્યા હોય તેમ સ્મૃતિમાં નથી.

પ્રશ્ન ૧૪—કાઉસગ્ગને વિષે અથવા વાંદણા દેતી વખતે સ્થાપનાચાર્યનું ચાલન સુજે કે નહિં ?

ઉત્તર ૧૪—કાઉસગ્ગમાં અથવા તો વાંદણા દેતી વખતે સ્થાપનાચાર્યનું ચાલન સુજે નહિ તથા પ્રકારનો એકાન્ત વાદ જાણ્યો નથી.

પ્રશ્ન ૧૫—અન્ય મતાવલંબી ઉપવાસાદિકનું કોઇ પણ પચ્ચખાણ કરે તો ત્યાં '**पाणस्स**' ના આગાર બોલવા આશ્રીને શું કરવું જોઇએ કારણ કે તેને કસેલ્લકાદિ નાંખેલું પાણી પીવાથી કેવી રીતે તેનુ પાળવું થાય ?

ઉત્તર ૧૫—અન્ય મતાવલમ્બીએ કોઇએ ઉપવાસાદિકનું પચ્ચખાણ કર્યું હોય અને કસેલ્લકાદિક નાખેલું પાણી પીધું હોય તોપણ **पाणस्स** ના આગાર બોલવાથી તેના વ્રતનો ભંગ જાણ્યો નથી કારણ કે કસેલ્લક નાખવાથી પણ પ્રાસુક પાણી થાય છે પરંતુ સ્વકીય આચરણ ન હોવાથી ગ્રહણ થતું નથી.

પ્રશ્ન ૧૬—વર્તમાન સમયમાં કરાતી સ્નાત્રાદિ વિધિ કોણે કરી અને કયા ગ્રન્થોમાં વિદ્યમાન છે ?

ઉત્તર ૧૬—વર્તમાનકાળમાં કરાતી સ્નાત્રાદિ વિધિ કેટલીએક પરંપરાથી અને કેટલીએક શ્રાદ્ધવિધિમાં વિદ્યમાન છે.

પ્રશ્ન ૧૭--કેવલિપ્રભુ જ્યારે કેવલિ સમુદ્ધાત કરે ત્યારે આત્મપ્રદેશવડે કરીને ત્રક્ષ નાડીનેજ પુરે કે સંપુર્ણ લોકને પુરે.

ઉત્તર ૧૭—કેવલી મહારાજ જ્યારે કેવલી સમુદઘાત કરે ત્યારે સંપુર્ણ લોકને પુરે.

પ્રશ્ન ૧૮—ચોવીશ વટ્ટામાં તથા પંચતિર્થી પ્રતિમાદિકમાં રૂષભદેવ વિગેરે તીર્થંકરો કોણ અનુક્રમે ગણુવા તથા સુતાર અથવા સલાટ સંબંધીં ગજના પ્રસિદ્ધમાન પ્રમાણે ઘર દેરાસરમાં જમીનથી દોઢ હાથ ઉંચુ પ્રભુનું આસન કરવું એ પ્રમાણે કહ્યું છે તો ઉત્કૃષ્ટકાળમાં આત્માંગુલની વૃદ્ધિ હાનિ થાય ત્યારે તે કેવી રીતે ઘટે ?

ઉત્તર ૧૮—ચોવીશવટ્ટામાં પંચતીર્થિ પ્રતિમાદિકમાં અમુક અનુક્રમે રૂષભાદિક તિર્થંકરો ગણુવા એવો એકાન્ત જાણુવામાં આવ્યો નથી તથા ઉત્કૃષ્ટ કાળને વિષે પણુ તે કાળના ગજનું માન આત્માગુલ પ્રમાણે નાના મોટું સમજવું જેથી તેમાં કાંઇ પણ અસંબદ્ધ રહેશે નહિ.

પ્રશ્ન ૧૯—એકાન્તરા ઉપવાસ કરીને ઉપધાન વહેવામાં આવે છે. તેની વિધિ કયા શાસ્ત્રમાં અને કોણે કહેલી છે ?

ઉત્તર ૧૯—ઉપધાનની વિધિ મહાનિશીથ સુત્ર તથા સામાચારી વિગેરે ગ્રન્થોને અનુસારે તેમજ પરંપરાને અનુસારે પણુ સમજવું.

પ્રશ્ન ૨૦—લોક પ્રસિધ કોપરાપાક—તથા લીલા શાકના

અવયવોથી બનાવેલા આસવો તેના પચ્ચખાણુ વાળાને કલ્પે કે નહિં ?

ઉત્તર ૨૦—તેવા પાકદ્રવ્યો કલ્પે છે એવા પ્રકારની પ્રવૃતિ દેખાય છે.

પ્રશ્ન ૨૧—શ્રી પાર્શ્વનાથનું કલ્યાણક પોસદસમની રાત્રે છે તો તે નવમી તથા દશમીની મધ્યમાં આવેલી રાત્રિ સમજવી કે દશમી અને એકાદશીની મધ્યમાં આવેલી રાત્રિ સમજવી જો દશમી અને એકાદશીની મધ્યની રાત્રી હોય તો તેનું સ્નાત્ર દશમીને દિવસે ભણાવવું કે એકાદશીને દિવસે ?

ઉત્તર ૨૧—શ્રી પાર્શ્વનાથનું જન્મ કલ્યાણક દશમીને રાત્રીએ છે તેથી કરીને સ્નાત્ર દશમીને દિવસેજ ભણાવવું.

પ્રશ્ન ૨૨—પ્રતિક્રમણને વિષે દેવસીય આલોઉં એ પ્રમાણે કહ્યા પછી સાધુઓ ' **ठाणे कमणे चंकमणे** ' કહે ત્યારપછી પોસહવાળા ગમના ગમન આલોવવાનો આદેશ માગે છે આ બાબતમાં કેટલાએક કહે છે કે આદેશ ન માગવો જોઇએ કેટલાએક કહે છે કે સો હાથથી બહાર જવું પડયું હોય તો ગમના ગમનનો આદેશ માગવો કેટલાએક કહે છે કે અપ્રમાર્જિત ભુમીમાં ગમનને લીધે આદેશ માગવો જોઇએ તો આ ઉપરોક્ત કથનમાં જે હકીકત સાચી હોય તે જણાવસો ?

ઉત્તર ૨૨—પ્રતિક્રમણને વિષે આલોચનાનન્તર સાધુ " **ठाणे कमणे चंकमणे** " ઇત્યાદિક કહે ત્યાર પછી પોસહ વાળાએ ગમના ગમનનો આદેશ માગવો યોગ્ય જણાય છે તથા

સ્થંડિલાદિ કાર્યે બહાર જઇને આવ્યા પછી તુરતજ ગમનાગમન આલોવવું એ યોગ્ય જણાય છે.

પ્રશ્ન ૨૩—પોસહ ઉચર્યા પછી કોણ સાવદ્ય વ્યાપાર રહ્યો છે કે જેને માટે સામાયિક ઉચ્ચરવું ? પોસહમાં દેશાવકાશિક શા માટે ન ઉચ્ચરવું ? અને સામાયિક કર્યું હોય તો ઉચ્ચરવું ? તેનું શું કારણ.

ઉત્તર ૨૩—પોસહ ઉચ્ચર્યા પછી જે સામાયિક ઉચ્ચરવું તે સહેજે પ્રાપ્ત થયેલ નવમ વ્રતના આરાધન માટે સમજવું તથા પોસહ કરવા વાળાનું જવું આવવું નિરવદ્યજ હોય છે તેથી પોસહમાં દેશાવકાશિક ઉચ્ચરવાની જરૂર નથી. સામાયિકમાં દેશાવકાશિક ઉચ્ચરવાનું કારણ બે ઘડી પ્રમાણ સામાયિક પાર્યા પછી પણ દિશાઓની વિરતિ કરવા માટે સમજવું

પ્રશ્ન ૨૪—કેટલાએક દ્વિદળને આશ્રિને એમ કહે છે કે દ્વિદળછાશ અને મુખ એ ત્રણના સંયોગથી જીવોત્પત્તિ થાય છે કેટલાક કહે છે કે છાશ અને દ્વિદળ એ બન્નેના સંયોગે જીવોત્પત્તિ થાય છે તો આ વાતને નિશ્ચય કરવાને માટે શાસ્રાનુસારે સત્ય વાત જે હોય તે જણાવો ?

ઉત્તર ૨૪—દ્વિદળ અને અપકવ દુધ દહિં તથા છાશના સંયોગે જીવોત્પત્તિ થાય છે તથા પ્રકારે જાણવામાં છે શાસ્રાનુંસારે પણ જ્યારે મુખનો સંયોગ થાય ત્યારે જીવોત્પત્તિ થાય એમ જાણવામાં નથી.

પ્રશ્ન ૨૫—સાધારણ જીનચૈત્યને માટે ગામને નામે પ્રતિમા કરાવવી કે સંઘની રાશિને નામે ? જો સંઘની રાશીને

નામે ? તો સર્વ ગામના સંઘની રાશી તો એકજ આવે ત્યાર પછી જુદી જુદી પ્રતિમાઓનો ખપજ ન પડે આ બાબતમાં જે યુક્ત લાગે તે જણાવશો ?

ઉત્તર ૨૫—સાધારણ પ્રાસાદમાં ગામને નામે પ્રતિમા જોઇએ એ વાત યુક્ત જણાય છે.

પ્રશ્ન ૨૬—પ્રતિદિવસ છઠ્ઠા વ્રતના સંક્ષેપ રૂપ દિગગમ-વિરતિ કરવામાં આવે છે તેતો દેશાવકાશિક નામના દશમ વ્રતમાં છે અને ચૌદ નિયમ તો સાતમાં વ્રતમાં છે. તો દેશાવકાશિકનું પચ્ચખાણ કરવાથી તે કેમ ઉચ્ચરાય ?

ઉત્તર ૨૬—દેશાવકાશિક બે પ્રકારે છે એક છઠ્ઠા વ્રતના સંક્ષેપ રૂપ પ્રતિદિન કરવાની દિગ વિરતી રૂપ છે અને બીજું સર્વ વ્રતના સંક્ષેપ રૂપ કરાય છે તેથી તેમાં કાંઇ વિપ્રતિપત્તિ નથી.

પ્રશ્ન ૨૭—ઉપધાન વાચના નમસ્કાર પુર્વક દેવી કે નમસ્કાર વિના ?

ઉત્તર ૨૭—શ્રી વિજયદાન સુરિ ઉપધાન વાચના નમસ્કાર વિના દેતા હતા અને તેજ પ્રમાણે અમો પણ દઇએ છીયે.

પ્રશ્ન ૨૮—ઉપધાન વાચના પારણાને દીવસે દેવી કે તપસ્યાને દીવસે ? તથા ઉપધાન વાચના પ્રાતઃકાલે દેવી કે સંધ્યાકાલે પણ દેવાય ?

ઉત્તર ૨૮—ઉપધાન વાચના પારણાને દિવસે તથા તપસ્યાને દિવસે દેવાય તથા ઉપધાન વાચના આયંબિલ એકાસણાને દિવસે સાયંકાલે પણ દેવી સુજે પણ પ્રતિદિન કરાતી સંધ્યા સમયની ક્રિયા વાચના પછી કરાય.

પ્રશ્ન ૨૯—ચોમાસામાં માળારોપણ સંબંધી નંદી ક્યારથી કરાય ?

ઉત્તર ૨૯—માળારોપણ તથા ચતુર્થ વ્રત સંબંધી નંદિ તો વિજય દશમી પછી મંડાય અને બાર વ્રત સંબંધી નંદી તો તેની અગાઉ પણ મંડાતી જણાય છે.

પ્રશ્ન ૩૦—ઉપધાનમાં લીલું શાક ખવાય કે નહીં અને વિલેપન તથા મસ્તકમાં તેલ નાંખવુ વિગેરે કલ્પે કે નહિં ?

ઉત્તર ૩૦—હાલમાં લીલું શાક ખાવાની રીતિ નથી અને વિલેપન તથા મસ્તકમાં તેલ નાંખવું વિગેરે સાધુની જેમ પોતે પણ નઇચ્છે. અન્ય કોઇ ભક્તિ કરે તો તેનો નિષેધ નથી

પ્રશ્ન ૩૧—શ્રાવક અને શ્રાવિકાઓને નન્દીસુત્ર સંભળાવી શકાય કે નહીં અને. " नाणं पंच विहं पन्नतं " એ પ્રકાર અને નમસ્કારત્રય કરાય કે નહીં ?

ઉત્તર ૩૧—શ્રાવક અને શ્રાવિકાઓને નન્દીસુત્ર અને નમસ્કારત્રય સંભળાવી શકાય.

પશ્ન ૩૨—ઉપધાનની વાચનાને શ્રાવક અને શ્રાવિકાઓ ઉભા રહીને ગ્રહણ કરે કે બેસીને?

ઉત્તર ૩૨—ઉપધાન વાચનાને શ્રાવિકાઓ ઉભી રહીને સાંભળે અને શ્રાવકો ચૈત્યવંદન મુદ્રાએ સાંભળે.

પ્રશ્ન ૩૩—પોસહ ગ્રહણ કરેલો શ્રાવક વસ્ત્ર વડે મસ્તકને બાંધીને જીનેશ્વર પ્રભુના મન્દિરમાં જઇને દેવ વન્દન કરી શકે કે નહિ?

ઉત્તર ૩૩—વાસ્તવીક રીતે પોસહ ગ્રહણ કરેલા શ્રાવકને મસ્તક બાંધવાનો અધિકાર નથી પરંતુ કોઇપણ કારણ હોય તો 'ફાળીઆ' એ નામથી પ્રસિદ્ધ વસ્ત્ર વડે મસ્તક બાંધી જૈનમંદીરને વિષે દેવવન્દનાદિ ક્રિયા કરવાની છુટી છે તેને માટે બીજું કાંઇ વિશેષ જાણવામાં નથી.

પ્રશ્ન ૩૪—સંવત્સરીનો ચતુર્દશીનો અષ્ટમીનો જ્ઞાન પંચમીનો અને રોહિણીનો તપ જેણે યાવત્જીવ સુધિ ઉચ્ચ-રેલો હોય તેણે સંવત્સરી ચઉદશ અષ્ટમી અને જ્ઞાનપંચમીની આગળ અથવા પાછળ રોહીણી આવી હોય અને છઠ કરવાની શક્તિ નહોય તો શું કરવું?

ઉત્તર ૩૪—કોઇપણ રીતે છઠ તપ ન કરી શકાય તો ઉ-પરોક્ત તપમાંથી જે તપ પ્રથમ આવે તે તપ તે વ્યક્તીએ પેહેલો કરવો અને રહી ગયેલા તપને પછીથી કરી લેવો.

પ્રશ્ન ૩૫—શ્રાવકોને અગ્યાર અંગ સંભળાવતે સમયે નંદી સ્થાપન કરવી કે નહીં?

ઉત્તર ૩૫—શ્રાવકોને અગ્યાર અંગ સંભળાવતી વખતે નંદી સ્થાપન કરવાનો અધિકાર જાણવામાં નથી.

પ્રશ્ન ૩૬—અન્યમતાવલમ્બી કોઇપણ યદિ ચોથા વ્રતના નિયમને ધારણ કરે તે સમયે નન્દી સ્થાપન કર્યા સિવાય તે નિયમ લઈ શકાય કે નંદીનું સ્થાપન કરવુંજ જોઈએ ?

ઉત્તર ૩૬—અન્યમતાવલમ્બી ચોથાવ્રતનો નીયમ નંદીના સ્થાપન કર્યા સિવાય પણ લઈ શકે વિશેષ કાંઇ જાણવામાં નથી.

પ્રશ્ન ૩૭—પોસહ ગ્રહણ કરેલા શ્રાવકને જમ્યા પછી ચૈત્યવંદન કર્યા સિવાય પાણી પીવું કલ્પે કે નહિં તથા ઉપધાન વહન કરનાર સ્વાભાવીક પૌષધીક આહારને ગ્રહણ કરવા વાળો શ્રાવક સંધ્યા સમયે કયા અનુક્રમથી પડિલેહણા કરે ?

ઉત્તર ૩૭—પોસહ કરેલા શ્રાવકને આહાર ગ્રહણ કર્યા પછી ચૈત્યવન્દન કરીનેજ પાણી પીવું કલ્પે, ચૈત્યવન્દન વિના કલ્પે નહીં કારણ કે શ્રાવકોને પણ મુનિઓની માફકજ ઘણી ખરી ક્રિયાઓ દર્શાવેલી છે અહારને ગ્રહણ કરવા વાળો પોસહ કરનાર શ્રાવક સાયંકાલે મુહુપત્તિને પડિલેહીને પછી પહેરેલાં વસ્ત્રોને બદલાવીને " पडिलेहणा पडिलेहावो " એ પ્રમાણે આદેશ માગીને વસ્ત્રોનું પડિલેહણ કરે ત્યાર પછી ઉપધી તથા મુહુપત્તિને પડિલેહીને સ્વાધ્યાય કરી બે વાંદણા દઈ પચ્ચખાણ કરી. " उपधि संदि साहुं उपधि पडि लेहुं " આ પ્રમાણે આદેશ માગે આ પ્રકારે સામાચારી છે. ઉપધાનને વિષે પૌષધમાં સ્થિત શ્રાવક આટલું વિશેષ છે કે પાણિને—ગુરૂપાસે અથવા સ્થાપનાચાર્ય પાસે મુહુપત્તિને પડી લેહી બે વાંદણા

દઈ ને પચ્ચખાણ કરે. ફરીને પડિલેહણ સમયે વાંદણા અથવા પચ્ચખાણ ન કરે. બીજું કાંઇ જાણવામાં નથી.

પ્રશ્ન ૩૮—રાત્રીનો પોસહ કરનાર માણસ મુત્રણ અને ઠલ્લાને માટે ભુમિમાં કેટલા માંડલા કરે ?

ઉત્તર ૩૮—રાત્રી પોસહ કરનાર મુત્રણ અને ઠલ્લાને પરઠવાને માટે ભુમિના ચોવીશ માંડલા કરે બાર માંડલા માઈ- લીપાના અને બાર માંડલા બહારના **"बारस बारस तिन्नि"** આ પ્રમાણે કથન હોવા થકી.

પ્રશ્ન ૩૯—જે માણુસ રાત્રિ પોસહને ઉચ્ચરે તે માણુસ પોસહને ઉચર્ચ્યા પછી પાણી પીવે કે નહિં ?

ઉત્તર ૩૯—ત્યાર પછી પાણી પચ્ચખાણ કરેલું હોવાથી પીવાય નહિં.

પ્રશ્ન ૪૦—જે નિવીમાં તથા એકાસણામાં તથા બેસણામાં તેવિહારનું પચ્ચખાણ કર્યું હોય તેને વિષે લીલું શાક ખાવું કલ્પે કે નહિં ?

ઉત્તર ૪૦—નીવિ વીગેરેને વિષે તેવિહારનું પચ્ચખાણ કર્યે છતે એકાન્તથી પકવ લીલા શાકને ભક્ષણ કરવાને માટે નિષેધ જાણ્યો નથી જો લીલું શાક ન ખવાય તો વધારે સારૂં.

પ્રશ્ન ૪૧—દિવસે પોસહ ગ્રહણ કરેલો શ્રાવક સંધ્યા સમયની પડિલેહણા કરીને જો રાત્રિ પોસહ કરે તો પડિલેહ-

ણુના આદેશોને ફરીને માગવા જોઇએ કે પ્રથમના આદેશો વડે કલ્પે ?

ઉત્તર ૪૧—પડિલેહણના આદેશો ફરી વખત માંગવામાં આવતા નથી.

પ્રશ્ન ૪૨—એકાસણા સહિત નિવિનું પચ્ચખાણ અને એકાસણાનું પચ્ચખાણ એ બન્નેના ઉચ્ચારમાં શું ફેરફાર છે?

ઉત્તર ૪૨—નિવી અને એકાસણાના પચ્ચખાણમાં આટલું અંતર છે કે નિવીના પચ્ચખાણમાં **'निव्वि गइयं पच्चक्खामि'** એ પ્રમાણે ઉચ્ચાર થાય છે અને એકાસણાના પચ્ચખાણમાં **"विगइयं पच्चक्खामि"** એ પ્રમાણે બોલાય છે તથા આ પ્રકારેપણ વિશેષ છે કે નિવિનું પચ્ચખાણ ત્રિવિધાહાર રૂપ થાય છે અને એકાસણાનું પચ્ચખાણ દ્વિવિધાહાર રૂપ પણ થાય છે.

પ્રશ્ન ૪૩—પોસહ અથવા સામાયિકને ઉચ્ચર્યા પછી તે પોસહ અથવા સામાયિકને પારવાનો કાળ આવ્યા પહેલાં પોસહ અથવા સામાયિક જેણે ઉચ્ચરેલ હોય તેના શરીરે કોઇ પણ જાતની કિલામના ઉત્પન્ન થઇ હોય તો શું કરવું ?

ઉતર ૪૩—પોસહ અથવા સામાયિકને ઉચરનાર પુરૂષને પોસહ અથવા સામાયિકને પાળવાના સમય પહેલાં જો કિલામના ઉતપન થઈ હોયતો પોસહ અથવા સામાયિકને પાયવાનો સમય થયા બાદ તે માણસ સાવધાન પણામાં આવ્યો હોય તો તે સા-

માયિક અથવા પોસહને પારવાની વિધિ કરે અને જો પારવાના સમય પર્યન્ત સાવધાન ન થયો હોય તો તેની સમિપમાં રહેવા વાળા શ્રાદ્ધોએ પારવાનો સમય થયે છતે પારવાની વિધિ સંભળાવવી, જ્યાં સુધિ પારવાનિ વિધિ ન સંભળાવી હોય ત્યાં સુધિ મોટી વિરાધના કરવા માટે પાસેના માણુસોએ નહીં દેવી જોઇએ તથા પ્રકારની સંભાવના છે.

---

## ડુંગરપુરના સંઘે કરેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

—(૦)—

પ્રશ્ન ૧—સત્તરભેદિ પૂજાને વિષે અષ્ટમંગલથી સ્થાળ પુર્યે છતે પૂજા સંપુર્ણ ભણાઇ રહ્યા પછી અષ્ટમંગલની મધ્યે આવેલા મત્સ્યયુગલના આકારને ભાંગવાથી પાપ લાગે કે નહિં ?

ઉત્તર ૧—અષ્ટમંગલની મધ્યમાં મત્સ્યના આકારને બનાવવું શાસ્ત્રાનુસારે યુક્તજ છે. અને પૂજા થઇ રહ્યા પછી તેને હઠાવવું તે પણ યુક્તજ પ્રતિભાસે છે તેને વિષે દોષ લાગવાનો સંભવ નથી કારણ કે ઇન્દ્ર મહારાજ જ્યારે જીનેશ્વર ભગવાનનો જન્મોત્સવ કરવાને માટે આવે છે તથા ભગવાનના જન્મગ્રહને વિષે આવી માતાના પડખામાંથી પ્રભુને ગ્રહણકરી પ્રભુનું કૃત્રિમ પ્રતિબિંબ માતાના પડખામાં મુકી મેરૂ પર્વત

ઉપર જઈ જન્માભિષેક કરીને ફરીથી જન્મગૃહમાં આવી પ્રભુને માતાના પડખામાં મુકી પ્રથમ મુકેલા કૃત્રિમ પ્રતિબીંબને હરી લે છે. તથા નુતન પીતળ વિગેરેની પ્રતિમા ભરાવવી હોય ત્યારે પ્રથમ મદનાકાર કરી ઉપર માટી દઇ મદનને મધ્યમાંથી ગાળીને ઘસે છે તો અહીં તથા ઉપરના કથનમાં હિંસા પરિણામ નહીં હોવાથી જેવી રીતે પાપ લાગતું નથી તેવીજ રીતે અષ્ટમંગલમાં મત્સ્યયુગલના આકારને બગાડવાથી પાપ લાગશે નહી.

પ્રશ્ન ૨—વિષ્ણુકુમારની વાત કયા ગ્રંથમાં આવે છે. તથા તેણે જે લાખ યોજન પ્રમાણ પોતાનું વૈક્રિય શરીર કર્યું કહેવાય છે તે શું ઉત્સેધાંગુલ નિષ્પન્ન યોજન સમજવો કે પ્રમાણાંગુલ નિષ્પન્ન યોજન સમજવો તથા તેણે પોતાના બે પગ પુર્વ તથા પશ્ચિમ સમુદ્રમાં મુકયા વિગેરે ઘણી વાત કહેલી છે તો તેને આશ્રીને જે વાત જેવી રીતે ઘટે તેમ કહો.

ઉત્તર ૨—વિષ્ણુકુમાર સંબંધી વાત ઉત્તરાધ્યયન તથા વસુદેવહીંડ વિગેરે ગ્રન્થોમાં છે તથા તેમણે લક્ષ યોજન પ્રમાણ કરેલું પોતાનું વૈક્રિય શરીર ઉત્સેધાંગુલ નિષ્પન્ન યોજન પ્રમાણથી સમજી લેવું, તથા તેણે પુર્વ અને પશ્ચિમ સમુદ્રને વિષે પોતાના બે પગ મુકયા તે જમ્બુદ્વીપને વિષે આવેલી લવણ સમુદ્રની ખાડીને વિષે પોતાના બે પગ મુકયા તેમ સંભાવના થાય છે. કારણ કે ઉત્સેધાંગુલ નિષ્પન્ન લક્ષ યોજન પ્રમાણ શરીર બે ચરણવડે કરીને પુર્વ તથા પશ્ચિમ લવણ સમુદ્રનો સ્પર્શ થઇ શકે નહિ.

———

# સિદ્ધપુરના સંઘે કરેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તરો.

પ્રશ્ન ૧—પ્રતિવાસુદેવ જ્યારે ગર્ભમાં આવે ત્યારે તેઓની માતા કેટલા સ્વપ્ન દેખે ?

ઉત્તર ૧—સાપ્તિત શત સ્થાન—શાંતિ ચરિત્ર વિગેરેને અનુસારે ત્રણ સ્વપ્ના દેખે એમ જણાય છે.

પ્રશ્ન ૨—તેજ દીવસમાં તળેલું પકવાન કડાયાની વિગઇના પચ્ચખાણ વાળાને ખપે કે નહી ?

ઉત્તર ૨—તેજ દીવસે તળેલું પક્વાન કટાહ વિકૃતિ ( કડાયાની વિગઇ ) ના પચ્ચખાણ વાળાને પચ્ચખાણ લેતી વખતે જો છુટી રાખી હોય તો કલ્પે અન્યથા નહીં.

પ્રશ્ન ૩—ચોમાસાને વિષે અડીગાઉ પ્રમાણ નદીને ઉતરીને જેવી રીતે ભિક્ષાને ગ્રહણ કરવા માટે જઇ શકાય તેવી રીતે વંદન કરવા માટે અથવા ક્ષામણાને માટે જઈ શકાય કે નહીં ?

ઉત્તર ૩—ચતુર્માસને વિષે અઢી ગાઉ પ્રમાણ નદી ઉતરીને જેમ ભિક્ષાને માટે જઈ શકાય તેમ વંદન કરવા માટે અથવા ક્ષામણાને માટે જયણા પુર્વક જાય તો તેને માટે શાસ્ત્રાનુસારે એકાંત નિષેધ જાણ્યો નથી પરંતુ હાલમાં પ્રવૃત્તિ દેખાતી નથી.

# ચતા ગામના સંઘે કરેલા પ્રશ્નો તથા તેઓના ઉત્તરો

---

પ્રશ્ન ૧—બે શ્રાવકો પ્રતિક્રમણ અથવા સામાયિક કરતા હોય ત્યારે એકના હાથમાંથી બીજાએ ચરવળો પાડે છતે બન્નેની મધ્યમાં ઈર્યાવહિયા કોણે પડિકમવા તથા બન્ને પડિકમે કે એક ?

ઉત્તર ૧—બન્ને શ્રાવક પ્રતિક્રમણ અથવા સામાયિક કરતા હોય ત્યારે એક જણાએ સાવધાનીથી ચરવળાને ગ્રહણ કર્યો છંતા બીજા શ્રાવકનો હાથ લાગવાથી પડી જાય તો (જેનો હાથ લાગ્યો હોય) તેને ઈર્યા વહિયા આવે અને જો ચરવળાને ઝાલવા વાળાએ પણ અસાવધાનીથી પકડયો હોય અને બીજા શ્રાવકનો હાથ લાગવાથી પડી ગયો હોય તો બન્ને શ્રાવકને ઈર્યા વહિયા આવે.

પ્રશ્ન ૨—જે કોઇ શુદ્ધક્રિયા તથા શુદ્ધ આચારને પારતો છતો આવેલી ઈર્યા પથિકીને જાણી ન શકે તો તે કેટલા મુહુર્ત પછી તેને પડિક્કમે.

ઉત્તર ૨—શુદ્ધ ક્રિયા તથા ઉપયોગ સહીત પુંજીને બેસવું વિગેરે કરવાથી ઈર્યા પથિકી આવતી નથી કે જેને માટે કાલનું માન કહ્યું હોય તો પણ અન્ય ક્રિયા કરવા પહેલાં ઈર્યા વહિયા પડિકકમે છે કારણ કે ઘણો સમય વ્યતીત થયે મન વચન અને કાયાના ઉપયોગનું સમ્યગ જ્ઞાન રહેતું નથી.

પ્રશ્ન ૩—અષ્ટાપદ પર્વત ઉપર ભરત મહારાજે કરાવેલા સિંહનિષધા વિગેરે પ્રાસાદો તથા તેમાં રહેલા જીન બિંબો કેવી રીતે આજ સુધી સ્થિત છે અને શ્રી શત્રુંજય પર્વત ઉપર ભરત મહારાજાએ કરાવેલા પ્રાસાદ તથા બિંબો કેમ સ્થિત નથી, શત્રુંજય ઉપર અસંખ્યાત ઉદ્ધાર થઈ ગયા સંભળાય છે તો અષ્ટાપદ ઉપર કોનું સાન્નિધ્ય છે અને શત્રુંજય ઉપર કોનું નથી કે જેથી એટલો બધો ફરક, તે સ્પષ્ટ રીતે કહો ?

ઉત્તર ૩—અષ્ટાપદ પર્વત ઉપર ભરત ચક્રવર્તિએ કરાવેલા મંદિરો તથા પ્રાસાદોનું સ્થાન અવિઘ્નવંત છે તેથી દેવોનું સાનિધ્ય હોવાને લીધે અવિઘ્ન અનાશવંત છે. **केवइंपुंण कालं आयपणं अवसिसिग्र इततोतेणं अमच्चेण भणीयं जावइ माउसप्पिणित्तिमे केवली जिणाण अंतिएसुयं** ઈત્યાદિ વસુદેવહીંડીમાં પણ લખેલું હોવાથી આજસુધી રહેવું ઉચિત છે શત્રુંજયને વિષે સ્થાન વિઘ્નવંત હોવાથી તથા પ્રકારનું દેવોનું સાન્નિધ્ય નહી હોવાને લીધે ભરત મહારાજાએ કરાવેલા મંદિરો તથા પ્રાસાદોનુ આજ પર્યંત અસ્થાન નથી. એમ સંભાવના થાય છે. તત્વ કેવળી મહારાજ.

## इति चतुर्थः प्रस्तावः